આયુર્વેદીક નીબંધમાળાનો [illegible]

અને

આમદીના રોગો અને તેના અનુભવી ઈલાજ.

મળઆપદા.

કર્તા

વૈદ મોરજરા. રૂપનરામ બ્રાહ્મચાર્ય.

કીમત રૂપીઆ એક.

આયુર્વેદીક નીબંધમાળા ભાગ ૫ મો

યાને

ચામડીના રોગો અને તેના અનુભવી ઉપાય.

મલમપટ્ટા.

કર્તા–

વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.

રૂવાળાને ટેકરે–સુરત.

પ્રસીદ્ધ કર્તા–

દેવેન્દ્રનાથ ધીરજરામ ડાકટર

એફ. સી. આઈ. સી. ટી ડી. એ. બી. ટી. (લંડન)

રૂવાળાને ટેકરે - સુરત -

છાપનાર:–ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.

શ્રી અનાવિલ બંધુ પ્રીન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળ-સુરત.

કીમત રૂપીઓ એક.

શક્તી ફુટી અને બળ આપનાર

પુષ્ટી પ્રભા ગુટીકા.

કીંમત ગોળી ૬૦ ના રૂ. ૨।.

એક વાર વાપરીને ખાત્રી કરો.

શરીરનું ઘસાવું, નબળાઇ, કમ્મરનો દુખાવો, ધાતુનું જવું, વીર્યદોશ, અશક્તિ વીગેરેને દુર કરી શરીરમાં નવું લોહી પેદા કરી બળ, બુદ્ધિ અને વીર્યને વધારે છે. સેંકડો વૈદો વાપરે છે. અને રોગીઓના રોગ દુર કરે છે.

મળવાનું ઠેકાણું.

વૈદ્ય ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.

દવાખાનું—રૂવાળાને ટેકરે—સુરત.

સ્વર્ગસ્થ વૈદ્યરાજ તિલકચંદ તારાચંદ



માજી પ્રમુખ-સુરત વૈદ્ય સભા.

અર્પણ પત્રિકા.

—: જેનું તેને :—

સ્વર્ગસ્થ-વૈદરાજ તીલકચંદ તારાચંદ.

આપે આયુર્વેદીક નિબંધ માળાનો પહેલો તેમજ બીજો ભાગ પ્રસીદ્ધ કર્યો. ત્યારે આપનો વિચાર તેના પાંચ ભાગો પ્રસીદ્ધ કરવાનો હતો. તેમાં ચોથામાં રસાયણ અને પાંચમામાં ચામડીના રોગો અર્થાત્ મલમપટ્ટા એ વિચાર આપે મારા આગળ કહેલા પરંતુ દૈવઈચ્છાથી બે ભાગ પ્રસીદ્ધ કર્યા પછી આપનો સ્વર્ગવાસ થયો. આપના અંતીમ સમયે પણ બીજી સંસારી વાત યાદ નહીં કરતાં ધારેલુ કાર્ય અપુર્ણ રહી ગયું છે. જે તમારાથી પુર્ણ થાય તો કરજો એવા ઉદ્‌ગારો કાઢેલા જેને અનુસરીને નીબંધ-માળાનો ત્રીજો-ચોથો અને આ પાંચમો ભાગ પ્રસીદ્ધ કરવાને હું ભાગ્યશાળી થયો છું. તે તમારા સિદ્ધ સંકલ્પનું ફળ છે. માટે આપે જે પ્રથાની શરૂઆત કરી તે પ્રથાએ ચાલી આ નીબંધમાળાનો પાંચમો ભાગ ચામડીના રોગો અને તેના મલમ પટ્ટા પ્રસીદ્ધ કરી આપે ધારેલું કાર્ય પુર્ણ કરૂં છું. અને આ પાંચમો ભાગ આપને અર્પણ કરૂ છું જેથી આપનો આત્મા જ્યાં વિરાજતો હશે ત્યાં તે આનંદ માનશે. એમ હું ઇચ્છુ છું

લી. **ધીરજરામ દલપતરામ વૈદ.**

વૈદ્ય ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય



પ્રયુજ-સુરત વૈદ્ય સભા.

પ્રસ્તાવના.

આવાં પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર નથી. પરંતુ આગળ જે રસ્તે મોટા માણસો ગયા હોય-તે રસ્તે જવાથી આપણને કોઈ જાતનો ભય કે વિક્ષેપ નડતો નથી. માટેજ આ પુસ્તકની નાની સરખી પ્રસ્તાવના લખવાની જરૂર પડી છે.

હજારોહજાર પ્રણામ તે પરમકૃપાળુ પરમાત્માને કે, જેના પ્રતાપથી આ સૃષ્ટિમાં અનુપમ દેખાવ નજરે પડે છે. એટલુંજ નહી, પરંતુ આ વિશ્વમાં અસંખ્યાત પ્રાણીઓ એકજ જાતની વિભુતીથી સ્થુળ સ્વરૂપે દેખાય છે, છતાં તેના રંગ-રૂપ અને સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. દાખલા તરીકે આ વિશ્વમાં અઢારભાર વનસ્પતિ પેદા થાય છે. છતાં દરેક સ્વાદમાં-રંગમાં-સ્વરૂપમાં અને ગુણમાં ભિન્નતા બતાવે છે. આવી અદભુત વિચીત્રતા છતાં મનુષ્ય પ્રાણીને અદભુત અને વિચીત્ર પ્રકારનું જ્ઞાન તે જગનિયંતા પ્રભુએ આપ્યું છે કે તે પોતાની બુદ્ધીના પ્રભાવથી પ્રત્યેક વસ્તુના ગુણને સમજીને તેનો ઉપ્યોગ કરી શકે છે. જેથી મનુષ્ય પ્રાણી પોતાને પુર્ણ માની પોતાના કાર્યમાં હંમેશા આગળ વધે છે. પરંતું તે જગનિયંતા. સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વશક્તિમાન, પ્રભુના અચિંત્ય સ્વરૂપનો વિચાર કરે છે. ત્યારે તે દીગમુઢ બની જઇ. બુધ્ધીથી પરનો વિષય ગણી વિરામ પામે છે.

અહસ્તો આ વિદ્યાના જમાનામાં સેકડો જાતના પુસ્તકો છપાય છે અને દરેક પુસ્તકનો કર્તા મનમાં એમ સમજે છે કે મારૂ પુસ્તક નવું છે પરંતું આપણાં પુર્વાચાર્યોએ એવી કોઈ વસ્તુ બાકી નથી

મુકી કે તેનુ નવેસરથી વીવેચન કરવાનુ બાકી રહ્યું હોય, છતાં આપણા પુર્વાચાર્યો હંમેશાં પોતાનું જ્ઞાન-સુત્રની ભાષામાં આપતા; કારણ તે સમયના લોકોમાં એવી સુત્રની ભાષા સમજવાની સંપુર્ણ શકતી હતી. પરંતુ જેમ જેમ સમય બદલાતો ગયો. અને રાજ્ય ક્રાન્તીઓમાં ભારે ઉથલ પાથલ થવા માંડી અને આપણો આર્યાવૃત પરદેશી રાજ્યની ઝુંશરી નીચે ચગદાતો ગયો તેમ તેમ આપણા લોકોની ધારણા શકતી મંદ પડતી ગઇ, જેથી વિદ્વાનોએ જુદી જુદી ભાષાઓમાં અશલ પુસ્તકના ભાષાન્તરો કરવા માંડયા તેને અનુશરીને આપણાં આયુર્વેદના ચરક-શ્રુશ્રુત આદી પુસ્તકોના પણ ભાષાન્તરો થયાં પરંતુ દીલગીરી એટલીજ છે કે લોકો એવા પુસ્તકો વાંચ્યા વગર પોતાના મનમાં એવું સમજી બેસે છે કે આ બાબતની પશ્ચીમના લોકો તરફથી સોધ થયેલી છે. વર્તમાન સમયમાં ઘણા લોકો એવું સમજી બેઠા છે. કે ચામડીને લગતા રોગો અને શસ્ત્રચિકીત્સા પશ્ચીમના લોકો અને તે વિદ્યામાં પારંગીત થયેલા ડાકટરોજ જાણે છે. પરંતુ આપણાં આયુર્વેદના સૌથી પ્રથમ થયેલા સરજન -શ્રુશ્રુતાચાર્યે પોતાના શ્રુશ્રુત નામના ગ્રંથમાં એક શલ્ય તંત્ર નામનો અધ્યાય લખ્યો છે. તેમાં ચામડીને લગતા દરેકે દરેક વ્યાધીને માટે એટલી બધી બારીકાઇથી વર્ણન કરેલું છે. કે આજકાલની પશ્ચીમની સસ્ત્ર વિદ્યા જે આજે સર્વો પરી ગણાય છે પરંતુ શ્રુશ્રુતા ચાર્યના જ્ઞાન આગળ તેમની વિદ્યા માત્ર બાળક જેવી ગણાય. કારણ વર્તમાન કાળમાં જે સોધખોળ થાય છે તે સોધ મૃતક સોધ છે અને પ્રાચીન રશ્રીઓ પોતાના યોગ વિદ્યાના બળથી જ્ઞાન ગમ્ય વિચાર લચાવી જે સોધ કરતા અને તેઓના જાણવામાં જે વાત આવતી તેના આગળ આજ કાલના જડવાદીઓની સોધ કશા

ઇલ્હામમાં નથી. કારણ આગલા જમાનાના વિદ્વાનો જે વાત નક્કી કરતા તેમાં કશા પ્રકારની અપૂર્ણતા કે સુધારવા પણું રહેતુંજ નહી.

આ પુસ્તકમાં માત્ર ચામડીના રોગો અને તેના ઉપાયો આપવામાં આવ્યા છે કારણ વૈદકના સેંકડો પુસ્તકો પ્રસીદ્ધ થયાં છે પરંતુ આવું ચામડીના રોગને લગતું એક પણ પુસ્તક ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલું મારા જોવામાં આવ્યુ નથી માત્ર આજથી લગભગ પાંત્રીશ વર્ષ ઉપર સ્વર્ગસ્થ વૈદરાજ તીલકચંદ તારાચંદે ત્વકદોશ નીરૂપણ નામનું પુસ્તક પ્રગટ કરેલું જે અત્યારે મળવુ દુર્લભ છે. પરંતુ હમે આ પુસ્તકમાં તેમાનો ખાસ ઉપયોગી ભાગ દાખલ કરેલો છે. જેથી આ પુસ્તક દરેકને ઉપયોગી થઇ પડસે. આ પુસ્તકમાં માત્ર બાહારનાજ ઉપ્યોગી ઉપાયો આપવામાં આવ્યા છે કારણ ખાવા પીવાના ઉપાયો તો ઇતર પુસ્તકોમાં જોઇએ તેટલા છે. એટલુંજ નહી પણ હમારી તરફથી પ્રસીદ્ધ થયેલી આયુર્વેદીક અનુભવમાળામાં ઘણી જાતના ઉપાગો આપવામાં આવ્યા છે. માટે જરૂર પડે તેમાંથી ઉપ્યોગ કરી લેવો શદરહુ પુસ્તકની કીમ્મત માત્ર આઠ આના છે માટે જેને ઇચ્છા થાય તેણે નીચેને ઠેકાણે લખીને મંગાવી લેવી.

સંવત ૧૯૮૪ ના શ્રાવણ સુદ પુર્ણીમાં તા. ૧–૯–૨૮.	લી. કૃપાભીલાશી. **વૈદ ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.** રૂવાળાને ટેકરે–સુરત.

ખાસ વૈદો માટે હમારા ઔષધાલયમાં મળતી દવાઓ.

અભ્રકભસ્મ સતપુટી	તો. ૧ ના રૂ. ૫)
લોહભસ્મ સતપુટી ઉંચી	તો. ૧ ના રૂ. ૨)
લોહભસ્મ નંબર ૨	તો. ૧ નો રૂ. ૧)
લોહ મંડુર	તો. ૧ નો રૂ. ાા
સુવર્ણ માક્ષીક ભસ્મ	તો. ૧ નો રૂ. ૧ાા
વંગભસ્મ સ્વેત	તો. ૧ ના રૂ ૨)
જસતભસ્મ સ્વેત	તો. ૧ નો રૂ. ૧ાા
પ્રવાલભસ્મ ઉંચી	તો. ૧ નો રૂ. ૧)
પ્રવાલભસ્મ નબર ૨	તો. ૧ નો રૂ. ૦ાા
સંખભસ્મ	તો ૧ નો રૂ. ૦ાા
ખરાં મોતીની સીપભસ્મ	તો. ૧ ના રૂ. ૦ાાા
સાબરસીંગાની ભસ્મ	તો. ૧ નો રૂ ૦ાા
કપર્દીકા (કોડી પીલી) ની ભસ્મ	તો. ૧ નો રૂ. ૦ાા
ગોદંતી હડતાલ ભસ્મ	તો. ૧ નો રૂ. ૦ાા
સુવર્ણ ચંદ્રોદય વાટેલો	તો. ૧ ના રૂ. ૩૫)
સુવર્ણ ચંદ્રોદયની અનુપાનયુક્ત ગોળી	તો. ૧ ના રૂ. ૨૦)
ચદ્રોદય સાદો	તો. ૧ ના રૂ. ૧૫)
ચંદ્રોદયની ગોળી	તો. ૧ ના રૂ. ૧૦)
રસસીંદુર વાટેલો	તો. ૧ ના રૂ. ૪)
રસસીંદુર આખો	તો. ૧ ના રૂ. ૪)

મળવાનું ઠેકાણું:—

વૈદ્ય ધીરજરામ દલપતરામ પ્રાણાચાર્ય.

ઠે૦ રૂવાળાનો ટેકરો–સુરત

આયુર્વેદિક નિબંધમાળા ભાગ ૫ મો.

મલમપટ્ટા.

અનુક્રમણીકા.

વિષય.	પાનું.
ચામડીના રોગ એટલે.	૧.
રોગ થવાની પ્રથમ નિશાની.	૩.
પ્રાથમીક ઉપાય.	૩.
દરદને પાકવાના લક્ષણુ.	૩.
ત્રણુ દોશનું કાર્ય.	૪.
દરદોની અવગણુના.	૪.
શસ્ત્ર પ્રયોગ.	૫.
સ્વેદન ક્રીયા.	૫.
પોટીસ.	૫.
માથાના તાળવા ઉપર થતી ફોલ્લી.	૬.
કાનની લાળી નીચે થતું દરદ (કર્ણમૂળ)	૮.
ગળા ઉપર થતી ગાંઠ (કેન્સર)	૮.
કંઠમાળ–ગળામાં થતી ગાંઠો.	૧૧.
કાખ બલાઇ.	૧૩.
આંખના ખુણામાં થતુ દરદ–નાસુર.	૧૫.
નાકનું દરદ (પીન્નસ)	૧૭.
કાનનું દુઃખદાયક દરદ (કર્ણપાક)	૧૮.
માથામાં થતો ગંજ.	૧૯.
વાંસાનું દરદ–(પીઠપાકુ)	૨૦.
કુખની ગાંઠ.	૨૨.
પુરૂષોની છાતીમાં થું દરદ.	૨૪.

થાનનું દરદ (સ્તનપાક)	૨૫.
સ્ત્રીઓને થતો ક્ષીરી નામનો સ્તન રોગ.	૨૭.
પેઢુમાં થતી ગાંઠ.	૨૮.
હાથેલીમાં તો સાતપડો	૨૯.
ગાલ ઉપર થતી ગલ્લતોડી.	૩૨.
બદ.	૩૩.
ઈંદ્રી ઉપર થતી ટાંકી (ચાંદી)	૩૫.
અંડકોષ કોથળીનો પાક.	૩૭.
અંડવૃદ્ધી.	૩૮.
જાગની નીચે થતુ દરદ (જાંગ પાકુ)	૩૯.
ઘુટણની નીચેથી થતુ દરદ.	૪૦.
પગના નળા ઉપર થતુ દરદ (હાડગંભીર)	૪૧.
પગની પીંડી ઉપર થતુ દરદ.	૪૩.
પગની ઘુટીનું દરદ.	૪૪.
પગના તળીયામાં થતુ દરદ (સાતપડો)	૪૫.
ગળાની ઘુટીમાં થતુ દરદ (નાસુર)	૪૭.
ભગંદર.	૪૯.
વાળો.	૫૧.
ઢગરા ઉપર થતુ દરદ (ઢગરાંપાકુ)	૫૨.
નાભીનું દરદ (નાભીપાક)	૫૪.
હાથની આંગલી ઉપર થતી ઝામરી.	૫૫.
ગરદન ઉપર થતુ દરદ.	૫૫.
ખભા ઉપર થતુ દરદ.	૭૫.
હોઠમાં થતુ ઝેરી દરદ.	૫૭.
ગઠીયો વા.	૫૮.

સરદી અને વાયુથી થયેલો સંધીવા. ૬૦.
લખવો. ૬૧.
સુન્ન બેહેરી. ૬૨.
રતવા. ૬૩.
હાથે તથા પગે સીતવળે. ૬૪.
અગની દગ્ધ (દાઝવુ) ૬૫.
આંજણી. ૬૭.
વ્હેતુ લોહી બંધ કરવાના ઉપાય. ૬૭.
હાથે પગે વાઉ ફાટે. ૬૮.
સોજા. ૬૯.
વરસાદના પાણીથી થતા ફોલ્લા ૭૦.
તરૂણ પીટીકા (ખીલ) ૭૧.
શીળવા. ૭૨.
આદાશીશીનો ઉપાય. ૭૨.
ખુજલી (ખસ) ના ઉપાય. ૭૩.
દરાજની દવાઓ. ૭૬.
ખરજવાના ઉપાય. ૭૭.
વીંછીના ઝેરના ઉપાય. ૭૯.
સાપના ઝેરના ઉપાય. ૮૦.
શરીર ઉપર થતી ચામ જુ. ૮૨.
માથામાં પડતી જુ. ૮૩.
હડખાયા કુતરાના ઝેર માટે ઉપાય. ૮૩.
મધમાખી કરડે તેનો ઉપાય. ૮૫.
ઉંદર કરડે તેનો ઉપાય. ૮૫.
લેપ બનાવવાની વીધી. ૮૬.

બીજા વૈદરાજોના આવેલા અનુભવી ઉપાયો.	૮૭.
હાડકું ભાગી ગયા ઉપર લેપ.	૮૭.
કંઠમાળ અને ભગંદર માટે મલમ.	૮૮.
રક્ત પીત્તનો ઉપાય.	૯૦.
દાજેલા ઉપર મલમ.	૯૦.
રૂજવવાનો મલમ.	૯૧.
વાગેલા અને ભાંગેલા માટે લેપ.	૯૧.
ખસ અને ખરજવાનો મલમ.	૯૨.
દરદને પકવવાની પોટીસ.	૯૩.
બદ ગાંઠ ગુમડા કંઠમાળના ચાંદાનો મલમ.	૯૩.
કંઠ માળનો ઉપાય.	૯૩.
ચાંદી–ટાંકીનો ઉપાય.	૯૩.
ભગદરનો મલમ.	૯૪.
ખસ માટે ચમત્કારી મલમ.	૯૪.
કરોળીઆનો ઉપાય.	૯૪.
દરદ પકવવાનું પોટીસ.	૯૪.
બદ અને પાઠાનો મલમ.	૯૫.
ખરજવાનો ઉપાય.	૯૫.
ઉદરી ખસ અને ખરજવાનો ઉપાય.	૯૬.
દાઝેલાનો મલમ.	૯૬.
પરચુરણ મલમો.	૯૭
દરદને પકવવાનો લેપ.	૯૮.
વ્રણ નાસક તેલ.	૯૯.
ચીત્રકાદી તેલ.	૧૦૦.
અર્શરોગ અને તેના ઉપાયો.	૧૦૧–૧૧૬.

આયુર્વેદીક નિબંધમાળા ભાગ પાંચમો.

ચામડી ઉપર થતા રોગો અને તેના અનુભવ સીદ્ધ ઉપાયો

મલમપટા.

ચામડીના રોગ એટલે ગડ–ગુમડાં, બદ, પાઠા, વીગેરે ઘણી જાતના દરદો શરીરના ઉપલા ભાગમાં એટલે ચામડી ઉપર થાય છે. તેનુ મુખ્ય કારણ શરીરમાં લોહી દુઃષીત થઇ જે જેગ્યાએ; અટકી જાય તે જગ્યા ઉપર પ્રથમ સોજો આવી દરદની શરૂઆત થાય છે.

આ પ્રમાણે લોહીને દુઃષીત થઇ બગડવાના ઘણાં કારણો છે. તેમાં મુખ્ય કારણ કોઇ પણ જાતની મેહેનત કે કામ નહીં કરતાં ખાઇ પીને બેશી રહેનારને પ્રથમ ઝાડાની કબજીયાતનો રોગ લાગુ પડી તેનો યોગ્ય ઇલાજ નહી કરવાથી મળનું વીષ શરીરમાં પસરીને લોહીને બગાડવા માંડે છે. છતાં પણ લોકો ગરમાગરમ મશાલા, તેલ મરચાં અને એવાજ બીજા વિદાહી પદાર્થોનું સેવન ચાલુ રાખે છે. એટલુંજ નહી પરંતું ઘણા લોકો અતીશે મીઠાઇ અને ખાટા પદાર્થો ખાય છે છતાં ઝાડાની કબજીયાતના કે દુષીત થયલા લોહીને સુધારવાનો ઉપાય કરતા નથી જેથી દુષીત થયેલુ અને અતીશે ગરમીથી તપેલુ લોહી શરીરના કોઇ પણ ભાગમાં આવીને ઝામી જાય છે, જેથી કેટલીક વાર શરીરના અંદરના ભાગમાં દરદો થઇ પાકીને અંદર ફુટે છે અને તેમાં ઘણી પ્રકારનાં જંતુઓ ઉત્પન્ન થઇ શરીરની અંદર ફેલાઇ ઘણા

માણુશોના જીવનુ જોખમ કરે છે. આવા જંતુઓ શાસ્ત્રકારે એકવીસ પ્રકારના ગણાવ્યા છે ઉપર લખ્યા પ્રમાણે લોહીના બગડવાથી જે અંદરના ભાગમાં ગાંઠ થાય છે.તેને **અંતરવિદ્રધી** કહે છે એવાં અંદર થતા પાકતા, દુખતા અને અતીશે વેદના કરતા દરદો મોહા મુશીબતે મટે છે, પરંતુ શરીરના ઉપલા ભાગોમાં થતા દરદો તેના યોગ્ય ઉપાયો કરવાથી મટે છે આવા રોગો જો કે લોહીના દુઃષીત થવાથી થાય છે. પરંતું તેમાં મનુષ્યની પ્રકૃતીને લઇને વાતજ—પીત્તજ, કફજ-ત્રીદોશજ, અને વાગવાથી—પડીજવાથી, માર પડવાથી વીગેરે બાહારના કારણોને લઇને પણ શરીર ઉપર પ્રથમ, સોજો આવી તેમા અત્યંત દાહ, અગન, ખુજલી વીગેરે લક્ષણો થાય છે, અને ત્યારપછી તે ભાગમાં નાની અથવા મોટી ગાંઠ ઉતપન્ન થઇ તેમાં અત્યંત વેદના થાય છે. જેથી માણુસ ઘણોજ કંટાળી જાય છે. એટલુજ નહીં પણ તેની વેદનાને લીધે શરીરમાં તાવ આવી ખાટલાવસ કરી દે છે.

આ પ્રમાણે ચામડીના ઉપરના રોગોને લીધે બીજા પણ ઘણાં રોગો થવાનો સંભવ હોય છે. માટે નાના કે મોટા કોઇપણ રોગની અવગણના કર્યા વગર રોગ દેખાય એટલે તુરત તેના ઉપાયો ચાલુ કરવા. કારણ તાતકાળીક ઉપાય કરવાથી રોગ મોટું રૂપ પકડયા વગર મટી જાય છે. માટે કોઇપણ રોગથી કંટાળ્યા વગર તેના ઉપાયો ચાલુ કરવા. કારણ કોઇપણ પ્રકારનો ચામડીનો રોગ પાકયા વગર વેરાઇ જાય તેમાંજ લાભ છે. કેમકે વ્રણના પાકવાથી તેમાં પરૂ થાય છે. અને તેને લઇને બીજા રોગો જેવાકે—તાવ, ખાંશી, અતીસાર, મુર્છા, તરશ, ઉલટી, અરૂચી, વીગેરે લાગુ પડવાથી માણુસ છેક કૃશ થઇ જાય, તેનામાં અશકતી અતીશે આવી જાય છે. જેથી ચામડી

ઉપર થયેલુ દરદ પણુ મટતાં વાર લાગે છે, કેમકે જેમ શકતી ઓછી તેમ લોહીની ગતી પણુ ઘણીજ મંદ પડી જાય છે. અને તે કારણુથી વ્રણુને રૂઝાતાં ઘણી વાર લાગે છે. માટે દરદ જેમ પાકયા વગર વેરાઇ જાય તેમજ લાભ છે. પછી તો જેવી દરદની સ્થિતિ તે પ્રમાણે ઉપચાર કરવો. કારણુ કેટલીક વખતે દરદનું એવું જોર હોય છે કે તે થતાની સાથેજ એક બે દીવસમાં એની મેળે પાકીને ફુટી જાય છે.

રોગ થવાની પ્રથમ નિશાની.

શરીરના કોઇ પણુ ભાગ ઉપર ગાંઠ, ફોલ્લો. કે સોજો આવવા માંડે છે. એટલે જે જગ્યા ઉપર દરદ થવાનું હોય તે જગ્યા ઉપર દુ:ખાવો, અગન, અને વેદના થવા માંડે છે. એટલુંજ નહી પણુ દરદ વાળા ભાગ ઉપર વીંછી કરડયો હોય તેવી વેદના થઇ, લાલ સોજો આવી તેમાં ગટકા નાંખવા માંડે છે. જેથી માણુસને તેની વેદનાથી તાવ આવે, ઉંઘ આવે નહી. અને અતીશે વેદના અને બેચેની રહે છે.

પ્રાથમીક ઉપાય.

દરદ થવાની શરૂઆતમાં પ્રથમ તે વેરાઇ જાય અથવા બેશી જાય તેવા ઉપાયો કરવા તેમાં જો દરદનું જોર વિશેષ હોય તો જળો મુકાવવી જેથી દુષીત થયેલું લોહી નિકળી જઇ દરદ હલકું પડી જસે અને જો દરદનું જોર હલકું અને થોડું હોય તો તેના ઉપર લેપ શેક વીગેરે કરવાં જેથી દરદ મટી જસે અને પાકશે નહી.

દરદને પાકવાના લક્ષણુ.

દરદ પાકી ગયુ હોય તો તે દરદની કઠણુાઇ ઓછી થઇ જાય છે. સોજાની વચ્ચે ચામડી ઉપર સફેતી દેખાવા માંડે છે, અને તેમાં ખુજલી થતી હોય અને સોય ભોંકાતી હોય તેવી ધીમી પીડા થાય છે.

અને દરદવાળી જગ્યા ઉપર આંગળી દબાવવાથી ચામડીમાં નરમાસ દેખાય છે. અને શરીરમાં થયેલા તાવઆદી ઉપદ્રવો ઘટવા લાગે છે. તેમજ દરદીને ઉંઘ પણ આવી જાય છે. આ પ્રમાણેના લક્ષણો દેખાય ત્યારે જાણવું કે, દરદ પાકી ગયુ છે. ત્યાર પછી તે ફુટી જાય. અને અંદરનું પરૂ નિકલી જાય એવા ઉપાયો ચાલુ કરવા કે જેથી દરદ જલદી મટી જાય.

ત્રણ દોષોનું કાર્ય.

શરીરના કોઇપણ ભાગમાં જે દરદ પેદા થાય છે. તેમાં વાયુ, દુઃખાવો અને પીડા ઉતપન્ન કરે છે. અને પીત્તની પ્રબળતાને લીધે દરેક દરદો પાકે છે. અને ફુટે છે. અને કફને લીધે દરદવાળા ભાગમાં પરૂ પેદા થાય છે. અર્થાત્ સઘળી પ્રકારના દરદોમાં વાયુ–પીત્ત, અને કફ એ ત્રણે દોષો પ્રધાનતા ભોગવે છે, અને મનુષ્યની પ્રકૃતી અનુસાર કોઇ કોઇ દોષ વિષેશતા ભોગવે છે. તેનું કારણ તે માણસની પ્રકૃતી છે.

દરદોની અવગણના.

જે દરદ પાકીને તૈયાર થઇ ગયુ હોય છતાં તેમાંથી પરૂ અને પીપ કાડવામાં અવગણના કરવામાં આવે અથવા દરદને ફોડીને પરૂ કાઢી નાંખવામાં નહી આવે તો એ બગડેલું અને દુષિત થયેલું રક્ત માંસ, સીરાઓ. અને રક્તમાં ફેલાઇને એટલો બધો બીગાડ કરે છે કે શરીરના બીજા ભાગોમાં પરૂનો ચેપ રકતદ્વારા પ્હોચી જવાથી આખા શરીરની રક્તવાહીનીઓમાં બીગાડ ઉતપન્ન કરી આખા શરીરને વિષરૂપ બનાવી દે છે. માટે દરેક ઉપાય કરનારે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી કે વગર પાકેલા કાચા દરદમાં કોઇ દીવસ નસતર મારીને ફોડવું નહીં. તેમજ પાકીને તૈયાર થયેલાં દરદને

ફોડવામાં બીલકુલ વિલંબ કરવો નહી. એ વાત ખાસ ધ્યાનમાં રાખીને કામ કરવું.

શસ્ત્ર પ્રયોગ.

દરદ પાકી ગયું હોય અંદર પરૂ તૈયાર હોય. પરંતુ અતીબાળક, અતીવૃદ્ધ, અશક્તીવાન, બીકણુ, માણુસ, સ્ત્રીઓ વીગેરે ઉપર બનતા સુધી શસ્ત્ર પ્રયોગ કરવો નહી પણ ભેદન દ્રવ્યોનો લેપ કરીને તેવાઓના દરદો એની મેળે ફુટી જાય એમ કરવું, કારણ ઉપર લખેલા માણસો ઉપર શસ્ત્ર પ્રયોગ કરવાથી વખતે તેઓને મુર્છા આવી જાય છે માટે વીચાર કરીને બુદ્ધી પુર્વક કામ કરવું.

સ્વેદન ક્રીયા

તરતના થયેલા દરદ ઉપર જો નીચેની વસ્તુનો બાફ આપવામાં આવે તો દરદ વેરાઇ જાય છે.

લીમડાના પાત્રાં, કરંજના પાત્રા, દીવેલાના પાત્રા અને તુળશીના પાત્રા, એ ચાર વસ્તુને બંધ વાસણુમા બાફી તેની વરાળ દીવસમાં બે ત્રણ વાર દરદ ઉપર આપવામાં આવે તો દરદ વેરાઇ જાય છે. તેમજ દુઃખાવો પણ મટે છે.

પોટીશ.

દરદના ઉપર જાડો લેપ કરવો અથવા લુગદી કરીને બાંધવી તેને પોટીશ કેવામાં આવે છે. આવાં પોટીશો ઘણી પ્રકારના થાય છે. પરંતુ નીચે લખેલા પોટીશ ઘણાં દરદો ઉપર વપરાય છે. તેમજ જેવી રીતે અગ્નીમાં પાણી નાખવાથી અગ્ની શાંન્ત થઇ જાય છે તે પ્રમાણે પોટીશ લગાડવાથી દરદો શાંન્ત થઇ જાય છે.

અડદ, ઘઉં અને જવનો લોટ સરખે ભાગે લઇ તેમાં ઘીનુ મોણ દઇ પાણીમાં પકાવી દરદ ઉપર જાડો લેપ કરવો અથવા કપડાં ઉપર ચોપડીને લગાડવું.

બીજી રીત–અળસીને ખુબ બારીક પીશીને પાણીમાં ખદખદાવી કપડાં ઉપર જાડુ ચોપડી દરદ ઉપર રહેતુ રહેતુ લગાડવાથી દરદનું જોર નરમ પડી દુઃખાવો મટી જાય છે.

માથાના તાળવા ઉપર થતી ફોલ્લી.

આપણાં આખાં શરીરમાં, જે જે મર્મસ્થાનો આવેલાં છે. તેમાં કેટલાંક મર્મસ્થાનો એવા છે કે જેમાં વાગવાથી કે કોઇ જાતનું દરદ થવાથી તાત્કાળીક પ્રાણુનો નાશ થઇ જાય છે. એ પ્રમાણે આપણા માથામાં જે મર્મસ્થાન આવેલા છે તે પૈકી તાળવા ઉપર એક મર્મસ્થાન આવેલું છે. તેના ઉપર એક જુવારના દાણા જેવડી ફોલ્લી થાય છે. અને તેની આજુબાજુ કાળા રંગનો સોજો આવે છે, તેમાં વેદના એટલી બધી થાય છે કે, ખમી શકાતી નથી એ ફોલ્લી અસાધ્ય છે. કારણુ એવી જાતની ફોલ્લીવાળા માણુસો બેત્રણુ દીવસમાં મૃત્યુ પામે છે. છતાં જો તાત્કાળીક નીચે પ્રમાણેનો ઉપાય કરવામાં આવે તો વખતે સારૂ થઇ જાય છે કારણુ જો ફોલ્લીની આજુબાજુનો કાળા રંગનો સોજો ઉતરી જાય અને વેદના થની બંધ પડે તો માણુસ બચી જાય છે, માટે નીચેનો ઉપાય ચાલુ કરવો :–

૧. સાજીખાર તથા કળીચુનો સરખે ભાગે મેળવી ચોપડવું.

૨. જમાલગોટાના બીને પાણીમાં ઘસીને, ફોલ્લી બરોબર કાગળ કાપી તેના પર ચોપડીને વળગાડી દેવું.

૩. બીસ્કીટ તોલા પાંચ લઇ બકરીના દુધમાં પલાળવું જ્યારે નરમ થાય ત્યારે તેમાંથી દુધ નીચોવી નાખી તેને ખુબ ઝીણુ વાટી પછી તેમાં મરઘીના ઇંડાંની સફેતી તો. ૧, ચોખ્ખું મધ તો. ૧, ઇંદ્રજવ તો. ૦ાા, અફીણુ તો. ૦ાા, કેશર તો. ૦ાા. એ બધુ સારી પેઠે

મેળવી મલમ જેવું કરીને તેનું પોટીશ દીવસમાં બે વાર ફોલ્લી ઉપર લગાંડવું. જો દરદ પાકીને ફુટી જાય તો માણસ બચી જસે. પછી તેના ઉપર નીચે પ્રમાણેનો મલમ કરી પટી મારવી જેથી રૂજાઇ જશે.

કાળો મલમ નં. ૧—કલઈ સફેતો તોલા બે, મીણ તોલા ચાર, અને તલનું તેલ તોલા પંદર, પ્રથમ તેલને ગરમ કરી તેમાં મીણ નાંખી તે ગળી જાય એટલે કલઇ સફેતો કપડેથી ચાળીને અંદર નાંખી હલાવતાં હલાવતાં બે ત્રણ ઉભરા આવે અને મલમની ચાસણી તૈયાર થાય. એટલે નીચે ઉતારી લેવું. પછી થંડુ પડસે એટલે કાળો મલમ તૈયાર થસે. એ મલમની પટ્ટી મારવાથી દરદ રૂજાઇ જસે.

મલમ નંબર—૨—સારૂ ઉંચુ સીંદુર શેર ૦। પીળુ મીણ નવટાંક, બેરજી વસ્ત્રગાળ કરેલી નવટાંક, તલનું તેલ શેર એક પ્રથમ તલનું તેલ અગ્ની ઉપર મુકી તે ગરમ થાય એટલે મીણ નાખવું, તે પીગળી જાય એટલે શીંદુર અને બેરજી નાંખીને ખુબ હલાવવું, જ્યારે અંદરથી ધુમાડા નીકળે અને ઉભરા આવવા માંડે એટલે એક ટીપું પાણીમાં નાંખી જોવું જો બરાબર મલમ બન્યો હોય તો નીચે ઉતારી હલાવીને એક માટીના વાસણમાં ભરી લેવુ. આ મલમની પટી મારવાથી સઘલી જાતના વૃણો રૂજાય છે. તેમજ અંદરના વિકારને બાહાર કાઢી નાખે છે.

જો ઉપરની તાળવાની ફોલ્લી ફુટી જાય અને આજુબાજુનો કાળો સોજો ઉતરી જાય. પરંતુ તેમાં અગન બળતી હોય તો આ મલમ લગાડવો.

કલઇ સફેતો, સફેત કાથો, શીંદૂર એ ત્રણ વસ્તુ સરખે ભાગે લઇ ગાયના માખણમાં મેળવી લગાડવાથી અગન નરમ પડસે અને રૂજ પણ આવી જશે.

કાનની લાળી નીચે થતુ દરદ. (કર્ણમુળ)

આ દરદ ઘણીવાર તાવ આવી ગયા પછી અથવા તાવમાં પણ થઇ આવે છે. એ દરદ કાનની નિચેના ભાગમાં થાય છે તેમાં પ્રથમ સોજો આવી દુખાવો થાય છે. અને વખતે સોજો ગળાં સુધી ફેલાય છે. ઘણી વખત કાનની બંન્ને બાજુમાં એ દરદ થાય છે એ દરદને પકાવવાનો પ્રયત્ન બિલકુલ કરવો નહી. કારણ એ દરદ સાધારણ છે. અને નીચેનો લેપ લગાડવાથી મટી જાય છે.

લેપ—આમળાં, આબાંહળદ ગુલે-અરમારી, અને લોધ્ર એ વસ્તુઓ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્ર ગાળ કરી તેમાં ગુલાબજળ નાંખીને ગરમ કરવું અને દીવસમાં બે વાર આછુ આછુ ચોપડવું. અથવા એખલી ગુલેઅરમારી ગુલાબજળમાં વાટીને ચોપડવી જેથી કર્ણમુળ મટી જશે.

ગળાં ઉપર થતી ગાંઠ (કેન્સર)

આ રોગ આજકાલ એટલો બધો વધી પડયો છે કે જ્યાં ત્યાં એ રોગથી માણુસો મૃત્યુ પામે છે. એ રોગ ખાસ કરીને ગરમીનો છે. અને તે ગમે ત્યારે માણસને લાગુ પડે છે. પ્રથમ કાનની નીચે ગળામાં થોડો થોડો દુખાવો થવા માડે છે, અને પછી લીંબુ જેવડી અથવા તેથી નાની કે મોટી ગાંઠ થઇ આવે છે. તેની સાથે તેની આજુબાજુ સોજો માલમ પડે છે. એટલુંજ નહી પણ તે સોજો ધીમે ધીમે અંદરના બાગમાં વધીપડી ખોરાક લેવામાં અડચણ કરે છે, અને તેના ઉપર જેમ જેમ ઉપાય કરવામાં આવે છે તેમ તેમ બહારની ગાંઠ અંદરના ભાગમાં પેસી જઇ દરદીને કોઇ પણ જાતનો ખોરાક લેતો અટકાવી દે છે. જેથી દરદી દીન પરદીન ખોરાક નહીં લેવાવાથી

અશક્ત થઇ જાય છે તે એટલે સુધી કે પથારીમાંથી ઉઠવું. બેસવું પણ મુસ્કેલ પડે છે. આ પ્રમાણે કેટલાંકને એકદમ થઇ જાય છે અને કેટલાકને ધીમે ધીમે ખોરાક કે દુધ લેવાનું બંધ પડી જાય છે.

આવી સ્થીતીમાં દરદી અકળાય છે, અને તેના ઘરના માણસોના ધભરાટનો પાર રહેતો નથી આ રોગમાં કેટલાક શરૂઆતમાં ચેતીને ડાક્ટર પાસે ઓપરેશન કરાવે છે. જેથી વખતે દરદી બચી જાય છે. પરંતુ એ રોગ થયા પછી ભાગ્યેજ કોઇ રોગીનો પુરનો આવરદા હોય તો બચવા પામે છે. નહી તો ઘણા એ રોગમાં છ માસે ત્રણ માસે કે વરસ દીવસે દુખી થઇને મૃત્યુ પામે છે.

આ રોગને આયુર્વેદમાં એક પ્રકારની વીધ્રીની ગણનામાં લીધેલો છે અને તે અસાધ્ય છે. છતા પણ ઉપાય કરવા તે મનુષ્ય માત્રની ફરજ છે. કારણ ઉપાય કરવાથી વખતે રોગ મટી જાય છે માટે નીચે લખેલા ઉપાયોમાંથી યોગ્ય લાગે તે કરવા.

કેન્સરની ગાંઠમાં જો ગળાની અંદર સોજો હોય નહી અને તે પાકી જાય અને અંદરથી પરૂ નીકળવા માંડે તો તે મટી જાય છે. પરંતુ ગળાની અંદર થોડો પણ સોજો હોય અને બહારની ગાંઠ ઉપર તેને વેરી નાખવાને કોઇ જાતના મલમની પટ્ટી મારવામાં આવે તો, ગાંઠનો સોજો અંદરના ભાગમાં વધી પડી દરદીને ખોરાક લેતો અટકાવી દે છે. માટે ઘણોજ વિચાર કરીને ઉપાય કરવો.

ઉપાય-૧ લો—અડદનો લોટ, ઘઉંનો લોટ, અને જવનો લોટ. સરખે ભાગે લઇને તેમાં ઘીનું મોણ મુઠીયાં વળતું નાંખી તેને ગાયના દુધમાં ખીરની માફક પકવી ગાંઠ ઉપર જાડો લેપ કરવાથી ગાંઠ વેરાઇ જાય છે.

ઉપાય-૨ જો—ગુલાબના ફુલ નંગ પાંચ લઇ તેની પાંતરીને ખુબ બારીક વાટી કપડામાં ઘાલી નીચોવીને રસ કાઢવો એવી રીતે કાઢેલા ગુલાબના ફુલના રસમાં થોડી સાકર નાંખીને દરરોજ સવારે પીવું અને જે કુચા નીકળે તેને ગાંઠ ઉપર બાંધવા જેથી ગરમી દુર થઇ ઝાડો સાફ આવી ગાંઠ બેસી જશે.

ઉપાય-૩જો—અરડુશીના પાત્રા તથા લીમડાના પાત્રા બન્નેને સરખે ભાગે લઇ ઝીણા વાટી વરાળીઆ કરી ગળાની ગાંઠ ઉપર બાંધવામાં આવે તો ગાંઠ બેસી જાય છે.

ઉપાય ૪-થો-ગંદો બેરંજો તોલા બે અને ચોખ્ખું સીંદુર તો. ાા બન્નેને ખુબ મેળવીને તેની પટી કરીને તે ગાંઠ ઉપર મારવાથી તે, ફુટી જશે જો પાકીને ફુટી જાય તો નિચે લખેલો મલમ બનાવીને તેની પટી મારવી **મલમ**-તલનું તેલ શેર ાા મીણુ તોળા પાંચ સીંદુર તો. ૫ રાળ તો. ૫ બેરજી તો. ૨ પ્રથમ રાળ અને બેરજીને બારીક વાટી વસ્ત્ર ગાળ કરવાં પછી કડાઇમાં તેલ મુકી તે ગરમ થાય એટલે મીણુ નાંખવુ મીણુ પીગળે એટલે સીંદુર, રાળ, અને બરેજી નાંખી ધીમે તાપે ઉકાળવું અને હલાવતા જવું જ્યારે બે ત્રણ ઉભરા આવી મલમ તૈયાર થાય ત્યારે તેને માટીની કુંડીમાં ભરી લેવો. આ મલમની પટ્ટી મારવાથી પાકેલી ગાંઠમાંથી વીકાર ખેંચાઇ આવી રૂજ આવી જશે. જો રૂજ આવતાં વાર લાગે તો નીચે પ્રમાણેનો પાઉડર બનાવી તે પટ્ટી મારતાં પ્હેલાં દરદ ઉપર ભભરાવી પછી પટ્ટી મારવી.

પાઉડર-૧-લો—ગુલેઅરમાની તો. ૧ સંખજીરૂ તો. ૧ સારો ફુલ કાથો તો. ૧. બોદાર તો. ૧. એ બધી વસ્તુને ખુબ બારીક

વાટી આંખમાં આંજવા જેવું કરવું અને તે ઉપર પ્રમાણે વાપરવું.

પાઉડર-૨-જો—બોદાર તોલો ૧. કાથો તો. ૧. ફટકી ફુલાવેલી તો. ૧. સીંદુર તો ૦ાા એ ચાર વસ્તુને સારી પેઠે ધુંટી સુરમા જેવું બારીક કરી નહી રૂઝાતાં દરદો ઉપર ભભરાવી પટ્ટી મારવાથી દરદો ઘણી જલદીથી રૂઝાઇ જાય છે.

કંઠમાળ—ગળાંમાં થતી ગાંઠો.

આ દરદ સાધારણ રીતે પ્રસીદ્ધ છે કારણ ઘણાં માણસોને એ દરદ થાય છે. આ રોગ ગળું અને છાતીની હાંસડીની વચમાં થાય છે, પ્રથમ નાની બોર જેવડી અથવા સોપારી જેવડી ગાંઠો દેખાય છે કેટલાકને એક બે તો કેટલાકને પાંચ-સાત દશ વીસ પણ થાય છે. એ ગાંઠો થયા પછી ભાગ્યેજ કોઇ ઉપાય કરવાથી વેરાઇ જાય છે. ઘણી ખરી ગાંઠો એક પછી એક પાકે છે, અને અંદરથી પરૂ વ્હેવા માડે છે. કેટલાકને બે ત્રણ ગાંઠો સાથે પણ પાકે છે. એ રોગ જીવલેણ નથી પણ જેને થાય છે તેને ઘણા વખત સુધી દુ:ખ દે છે. કંઠમાળા એક વરસની જુની થયા પછી દરદીના શરીરમાં અશક્તી વધવા માડે છે. અને છાતીમાં સ્વાસ લેતાં દુખાવો થાય છે. તાવ, ખાંશી, વમન અને આખા શરીરમાં પીડા થાય છે એટલુંજ નહી પણ દરદી દીન પરદીન છેક કૃશ થતો જાય છે આવા લક્ષણો થવા માંડયા પછી રોગ અશાધ્ય થઇ જાય છે માટે દરદની શરૂઆતમાં યોગ્ય ઉપાય ચાલુ કરવા અથવા કોઇ સારા ડાક્ટર પાસે ઓપરેશન કરાવીને કંઠમાળાની ગાંઠો કડાવી નાખવી, જેથી કેટલીકવાર દરદ મટી જાય છે. પરંતુ જો ઝીણી ગાંઠો રહી જાય છે. તો તે મોટી થઇ પાછું દુ:ખ દે છે પરંતુ નીચેના ઉપાયોમાંથી ગમે તે ઉપાયો ચાલુ કરવા જેથી રોગ જલદીથી કાબુમાં આવે.

ઉપાય ૧ લો.--મુળાના બી, સણના બી, જવ, અળસી એ ચાર વસ્તુને સરખે ભાગે લઇ બારીક ખાંડી ખાટી છાસમાં ગરમ કરી જાડો જાડો લેપ કરવાથી ગાંઠો બેસી જાય છે.

ઉપાય ૨ જો—સુદ્રફળને ખુબ બારીક ખાંડી ખાટા મઠ્ઠામાં નાંખી ગરમ કરી કંઠમાળા ઉપર લેપ કરવાથી કંઠમાળાની ગાંઠો બેસી જાય છે.

ઉપાય ૩ જો. કાળા સાપના હાડકાંની માળા કરી પ્હેરી મુકવાથી કંઠમાળાની ગાંઠો વેરાઇ જાય છે. પરંતુ હાડકાં આખા મોંથી પુછડી સુધીના તમામ લેવાં.

ઉપાય ૪ થો તેલ—ગળો દેવદાર પીપર મોટી હરડે જટામાંસી વરીયાળીની જડ અને કાળા ધંતુરાનું પંચાગ એ બધી વસ્તુને ખુબ બારીક પીસીને તેમાં પાણી શેર-બે અને તલનું તેલ શેર એક નાંખીને ધીમી આંચથી પકાવી તેલ સીદ્ધ કરવું આ તેલ કંઠ માળાની ગાંઠ ઉપર દીવસમાં ત્રણ વાર મર્દન કરવું.

ઉપાય ૫ મો પોટીસ—બોરડીના લીલા પાંત્રા લીમડાના પાંત્રા અને કપડવંજી સાબુ એ ત્રણેને ઝીણાં વાટી પાણીમાં ખદ-ખદાવી કંઠમાળા ઉપર જાડો લેપ કરી ઉપર ધંતુરાનું પાંત્રુ બાંધવાથી કંઠમાળાની ગાંઠો પાકીને અંદરથી સઘળો વીકાર નીકળી જાય છે.

ઉપાય ૬ ઠ્ઠો પોટીસ—સુરજમુખીના ફુલનો રસ કાઢી તેમાં એક કળી લસણ બારીક વાટી કંઠમાળાની ગાંઠ ઉપર જાડો લેપ કરી ઉપર ધંતુરાનું પાંત્રુ બાંધવાથી ગાંઠો પાકીને વ્હેવા માંડે છે.

ઉપાય ૭ મો. મલમ—ધોળુ મીણ તોલો ૧. રાળ તોલો ૧ સફેત કાથો તોલો ૧ કલઇ સફેતો તોળો ૧.

પ્રથમ મીણને ગરમ કરી બીજી વસ્તુઓ બારીક વાટીને મેળવવી પછી તેમાં બકરીનું માખણ તોલા ૧૦ નાંખી દરીઆના પાણીથી એકસોવાર ધોવું અને તેમાં ફુલાવેલું મોરથુથુ બેઓની ભાર મેળવીને પાકેલી ગાંઠ ઉપર દીવસમાં બેત્રણ વખત ચોપડવું જેથી કંઠમાળા રૂજાઇ જાય છે

ઉપાય ૮ મો મલમ—પારો આમળ સારો ગંધક-મુરદાર સીંગ સફેદ કાથો ફુલાવેલો ટંકણ-શેરી લોબાન-ટોપી વગરના બીલામાં કાળા મરી કલઇ સફેતો મીણ દાલચીકના લીમડાના પાત્રા પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં મીણ અને લીમડાના પાત્રા શીવાય બીજુ બધુ મેળવી જીણું કરી પછી સરશીયું તેલ તોલા ૧૬ લઇ તેમાં પ્રથમ લીમડાના પાત્રા નાંખી તે બળે ત્યાં સુધી રાખી પછી મીણ નાંખીને પીગલાવવું પછી અગ્ની ઉપરથી નીચે ઉતારી બીજી બધી વસ્તુ નાંખી ઘુટીને એક રસ કરવું આ મલમ લગાડવાથી કંઠમાળા જલદી રૂજાય છે. સઘલી વસ્તુ સરખે ભાગે લેવી.

કાખ બલઇ.

આ દરદ બગલમાં થાય છે. એની ત્રણ જાતો છે, તેમાં પ્હેલીમાં માત્ર એક ફોલ્લો થાય છે. અને તેના ઉપર કપડવંજી સાબુ અને બાવળનો કોયલો એ બે વસ્તુને વાટીને તેમાં પાણી નાંખી પોટીશ કરીને બાંધવાથી ફોલ્લો ફુટીને અંદરથી પરૂ નીકળી જાય છે. પછી તેના ઉપર કાળા મલમની પટ્ટી મારવાથી રૂજ આવીને સારૂ થઇ જાય છે.

બીજી જાતમાં પ્રથમ બગલમાં સોપારી જેવડી ગાંઠ નીકલે છે; અને તે એક બે દોવસમાં વધીને મોટી લીંબુ જેવી થઇ જાય છે, એ ગાંઠમાં દુખાવો અને અગન એ બે પુસ્કળ થાય છે. અને પાકતાં

વાર લાગે છે. પરંતું નીચે લખ્યા પ્રમાણેનું પોટીસ બાંધવાથી અગન મટી જઇ જલદીથી પાકી જાય છે.

પોટીસ–કુદ્દીના પાંત્રા લીમડાના પાંત્રા એ બન્નેને વાટીને તેમાં જરા મીઠું નાખીને અગ્ની ઉપર ગરમ કરીને બગલની ગાંઠ ઉપર જરા ઉનું ઉનું બાંધવું. આવી રીતે દીવસમાં બે ત્રણવાર નવુ પોટીસ કરીને બાંધવાની જલદીથી ગાંઠ પાકીને ફુટી જશે.

પોટીસ ૨ જુ-સંભાલુના પાંતરા, નરમા કપાસના પાંત્રા, બકામ લીમડાના પાત્રાં, એને વાટીને ગરમ કરી તેનો બફારો કરી આપીને બાંધવા જેથી ગાંઠ નરમ થઇને ફુટીજસે જો ગાંઠ નરમ થઇ હોય છતાં ફુટતી નહીં હોય તો નસ્તર મારીને અંદરથી પરૂ કાઢી નાંખવું અને તેમાં ઉપર લીમડાના પાંત્રા અને સેજ મીઠું વાટીને ગરમ કરીને પોટીશ મારવું જેથી અંદરનો વિકાર ખેંચાઇને નીકળી જશે. પછી કાળા મલમની પટી મારવી જેથી દરદ રૂઝાઇ જસે જો રૂઝાતાં વાર લાગે તો નીચેનો મેલમ બનાવીને તેની પટ્ટી મારવી. **મલમ**–રાળ, કાથો, કલઇ સફેતો, ઝેર મોહરો, કડાગો ગુંદર, રેવચીની ખટાઇ, વાંસ કપુર, એ બધુ સરખે ભાગે લઇ બારીક વાટી ગાયના ઘીમાં મેળવી. દરીયાના પાણીથી ખુબ ધોઇ પછી તેમાં મરઘીનાં બે ઈંડાની સફેદી. મેળવી કપડાં ઉપર ચોપડી. પાકેલી ગાંઠ ઉપર લગાડવું અને તેના ઉપર નીચેનો લેપ લગાડવો. ઘઉનો લોટ તોલા ૨. સુનાગેરૂ તો. ૦|. અને તુકમરીઆ તોલો ૦||, એ ત્રણ વસ્તુને મેળવી દુધમાં પકાવી જાડુ લાહી જેવું થાય ત્યારે પટ્ટી ઉપર ચોપડવું જેથી ઘણો ફાયદો થઇ જશે, અને પરૂ ખેચાઇને નીકળી જશે. હવે ત્રીજી જાતની ગાંઠો બગલમાં એક

પછી એક નીકળે છે. તેમાં એક પાકે તે રૂઝાય એટલે બીજી નીકળે, અને તે પાકે એટલે વળી ત્રીજી નીકળે, આવી રીતે એક પછી એક ગાંઠો સાત સુધી નીકળે છે, અને માણસને બહુજ હેરાન કરે છે. કારણ વખતે છ છ મહીના સુધી એ ગાંઠો ચાલુ રહે છે. એ ગાંઠોમાં વેદના ઘણી થાય છે. તેમજ પાકતાં પણ ઘણીવાર લાગે છે. માટે એવી ગાંઠો બગલમાં દેખાય એટલે તેને સોય વડે ડામી દેવામાં આવે તો ગાંઠનું મૂળ બળી જાય છે, અને વધારે નીકળતી નથી. જો ડામ દેવાની હીમ્મત નહી ચાલે તો નીચેના ઉપાય કરવો જેથી ગાંઠ પાકયા વગર વેરાઇ જશે.

ઉપાય ૧ લો.—ઉમરડાનું દુધ ગાંઠ ઉપર ચોપડી તેના ઉપર મીઠું ઝીણું વાટીને દબાવવું જેથી ગાંઠ બેસી જશે.

ઉપાય ૨ જો. આંબાહલદ્ર તોલો ૧, શેરીસોબાન તો. ૧, એ બન્નેને ખુબ બારીક કરી તેમાં સીંદુર તોલો એક મેળવીને સારી પેઠે ઘુંટીને એકત્ર કરવું, ત્યાર પછી તેમાં ગંદ્દાબેરંજો તોલા છ નાંખીને એકરસ કરવું એટલે મલમ તૈયાર થશે. આ મલમની પટ્ટી બનાવી ગાંઠ ઉપર મારવાથી ગાંઠ વેરાઇ જશે અથવા પાકીને ફુટી જશે. જો પાકીને ફુટી જાય પણ અંદરથી પરૂ બરાબર નહી નીકળે તો કાળી-દરાખના ઠળીઆ કાઢીને ખુબ બારીક વાટી તેની પોટીસ બનાવીને ગાંઠ ઉપર મારવાથી ગાંઠમાંથી તમામ વિકાર ખેંચી કાઢશે પછી તેના ઉપર કાળા મલમની પટ્ટી મારવાથી રૂજ આવી ગાંઠનો જડમૂળમાંથી નાશ થઇ જશે. અને ઇશ્વરકૃપાથી બીજીવાર તે જગ્યા ઉપર બીજી ગાંઠ થશે નહી. પછી તો ઈશ્વર–ઇચ્છા બળવાન છે.

આંખના ખુણામાં થતું નાસુર.

આ દરદ આંખ અને નાક એની વચ્ચેના ખુણાંમાં થાય છે. પ્રથમ

એક ઝીણી ફોલ્લી થાય છે. અને તેની આજુબાજુ નાક ઉપર તેમજ આંખ કપાળ અને ગાલ ઉપર શોજો આવે છે, અને આંખના ખુણામાં પુષ્કળ દુખાવો થાય છે. સોજા ઉપર સોજાનો ઉપાય કરવાથી સોજો ઉતરી જાય છે. છતાં જો સોજો નહીં ઉતરે તો નીચે લખેલી સોજાની ગોળી બનાવીને ચોપડવી.

સોજાની ગોળી—આમળા તો. ૧૦. હીમજીહરડે તોલા ૫. સુરોખાર તોલા ૨।।, અને મોરથુથુ તોલો ૧।, એ બધાને ભેગુ કરી ખુબ બારીક ખાંડી પાણી નાંખીને ગોળી મોટાં બોર જેવડી બનાવીને તડકે સુકવી મુકવી. આ ગોળી તમામ જાતના સોજા ઉપર પાણીમાં ઘસીને ચોપડવાથી સોજા ઉતરી જાય છે.

આ ગોળી ચોપડવાથી સોજો ઉતરી જાય છતાં આંખના ખુણાંમાં બોર જેવડી ગાંઠ બંધાઇ જાય. અને ફોલ્લી ફુટીને અંદરથી પરૂ નીકળી જાય છતાં તે પુરેપુરૂ રૂઝાઇ જતું નથી અને નાસુરનું રૂપ પકડે છે, એટલે તે ગાંઠમાંથી થોડું થોડું પરૂ હંમેશા નીકળ્યા કરે છે. કારણ તેમાં એક ઝીણો છેદ હોય છે, તેમાંથી પરૂ નીકળે છે. એ પરૂ બંધ કરવાને નીચેનો ઉપાય કરવો.

ઉપય ૧ લો.—એરજી તોલા ૨, કાથો તોલા ૨, અને રેવચીનો શીરો અડધો તોલો, એ ત્રણે વસ્તુને વાસી પાણીમાં ખુબ વાટીને એકરસ કરવું પછી તેમાં પુમડુ પલાળીને અથવા બતી બનાવીને દરદમાં મુકવી જેથી અંદરથી રૂઝ આવી દરદ મટી જશે છતાં જો નહી મટે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાગ ૨ જો.—નરમા કપાસના પાંત્રા મરીકંથારના પાત્રા અને અને મગના પાત્રા એ ત્રણે સરખે બાગે લઇ ઝીણા વાટીને નાસુર

ઉપર ચોપડવાં અથવા એ ત્રણ નહી મળે તો ત્રણમાંથી એક પાત્રા ઝીણા વાટીને ચોપડવાં.

જો દરદમાં છેદ ઘણો ઝીણો હોય અને દવાની અશર અંદર સુધી નહી પોંહોચતી હોય તો કોઇ સારા અનુભવી માણસ પાસે નશતર મુકાવી અંદરથી પરૂ કાઢી નાંખી આગળ લખેલા કાળા મલમની પટ્ટી મારવી જેથી આંખના ખુણાંનું નાસુર મટી જશે.

નાકનું દરદ. (પીન્નસ)

આ દરદની શરૂઆત પ્રથમ નાકમાંથી લોહી અને પરૂ પડવાથી થાય છે એટલુંજ નહીં પણ નાકમાં પરૂ ભેગું થઇ તેની ગાંઠ બંધાય છે જેથી દરદીને શ્વાસ લેવામાં ઘણી અડચણ પડે છે. જયારે નાક જોર કરીને નસીકે છે. ત્યારે નાકમાંથી પરૂ અને લોહીની બંધાયલી ગાંઠ નીકળે છે. અને તેની પછાડી લોહી પણ નીકળે છે. આ પ્રમાણે નાકમાં પરૂ ભેગું થઈ—સડવાથી વખતે નાકમાં જીવડા પણ પડી આવે છે. એટલુંજ નહી પણ ઘણા દરદીના નાક આ રોગ થવાથી બેસી જાય છે. અને બોલવામાં પણ ગુગણું બોલાય છે, પરંતુ જો પ્રથમથી ચેતીને નીચે પ્રમાણેના ઉપાય કરવામાં આવે તો દરદ મટી જાય છે.

ઉપાય ૧ લો—ગામડામાં ધોળમુરો નામની એક વનસ્પતી થાય છે તે લાવીને તેનો રસ શેર ૦। કઢવો અને તેમાં ગાયનું ઘી તોલા પાંચ નાખીને ધીમા તાપથી રસ બળી જાય ત્યાં સુધી ઉકાળવું જયારે રસ બળી જઇ માત્ર ઘી રહે ત્યારે તેને ગાળીને કાચના વાશણમાં ભરી મુકવું અને પીન્નસના દરદીને—દીવસમાં બે ત્રણ વખત નાકમાં મુકવું જેથી દરદ મટી જાય છે, આ દરદવાળાનું નાક હંમેશા બાવળની

છાલના ઉકાળાના પાણીથી ધોઇને સાફ રાખવું. અને ઉપરના ઉપાયથી નહી મટે તો આ નીચે લખેલો બીજો ઉપાય કરવો.

ઉપાય ૨ જો—બાવળની છાલ—બાવળનો પાલો તથા બાવળના બી, કવચના બી, મરેઠી, આંબાહલદ એ બધુ એકેક તોલો લેવું. અને તળાવનું પાણી શેર એક તથા તલનું તેલ શેર ૦। લેવું—પ્રથમ ઉપરની વસ્તુઓને ખોખરી કરી તેલ પાણીમાં નાખી અગ્ની ઉપર મુકી ઉકાળીને તેલ માત્ર બાકી રહે ત્યારે ગાળી લેવું. એ તેલ દરદીના બન્ને નાકમાં મુકવાથી નાકના દરદોમાં સારો ફાયદો થાય છે.

કાનનું દુઃખદાઇ દરદ. (કર્ણપાક)

આ દરદ ઘણાં માણુશોને થાય છે. તેમાં ઘણુ કરીને બાળકોને અથવા બૈરાઓને વિશેષ થાય છે. એ દરદની શરૂઆતમાં ઘણાંને કાનની આજુબાજુ સોજો આવે છે અને કેટલાકને સોજો નથી આવતો પરંતું કાનમાંથી એકદમ પરૂ વ્હેવા માંડે છે. એટલુંજ નહીં પણ કાન એટલો બધો વાસ મારે છે કે તે માણુશની પાસે બીજાથી બેસી પણ શકાતુ નથી માટે કાનના દરદીનો કાન હંમેશા બાવળની છાલના ઉકાળેલા પાણીથી પીચકારીથી ધોઇને સાફ રાખવો. અને સુખડના તેલના બબેચચાર ટીંપાં દીવસમાં બે વાર કાનમાં મુકવાં જેથી કાનમાંથી પરૂ આવતું બંધ થઇ કાન પાકતો મટી જશે અથવા નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો.—લીમડા મીંચ તો. ૧, સુખડનો ભુકો તોલો ૧, વડની મુળી તો. ૧. પીપળાના ટેટા તોલો એક. એ ચારે વસ્તુને બારીક ખાંડી તલનું તેલ તોલા પાંચ લઇ તેમાં નાખી અગ્નિ ઉપર ધીમા તાપથી ઉકાળી ઠંડુ પડે ત્યારે કપડેથી ગાળીને શીશીમાં ભરી

લેવું. આ તેલ પાકતા કાનમાં બેવાર સવાર–સાંજ મુકવાથી પાકતો કાન મટી જશે.

ઉપાય ૨ જો.–મરેઠી. બનફસા, વડનું છોડુ, મુળાના પાંત્રા એ બધુ સરખે ભાગે લઇ તલના તેલમાં નાંખી તેલ સીદ્ધ કરી એ તેલ કાનમાં નાખવાથી પાકતો કાન સારો થાય છે.

ઉપાય ૩ જો.–લીમડાના પાત્રા, આમલીના પાંત્રા, દાડમના પાંત્રા, બોરડીના પાંત્રા, મેદીના પાત્રા, અને બકામ લીમડાના પાંત્રા એ સઘલાનો એકેક તોલો રસ લેવો અને તેને પાંચ તોલા તલના તેલમાં નાંખી અગ્ની ઉપર મુકી રસ બળી જાય ત્યાં સુધી પકવવું પછી કપડેથી ગાળી શીશીમાં ભરી લેવું. આ તેલના ટીંપા દીવસમાં બે ત્રણ વખત પાકેલા કાનમાં મુકવાથી ગમે તેવો પાકેલો કાન સારો થઇ જાય છે.

માથામાં થતો ગંજ.

આ રોગમાં પ્રથમ માથામાં જીણી જીણી ફોલીઓ થાય છે અને તેમાં પુષ્કળ ચેળ આવે છે જેથી માણુશ ખજવાળીને લોહી કાઢે છે. જેથી ફોલ્લીઓ એક બીજા સાથે મળી જઇ આખાં માથાને ઘેરી લે છે, અને માથામાં પોપડા બંધાય છે અને તેમાં ચેળ આવે છે અને તેમાં ખજવાળવાથી પોપડા નીચેથી પરૂ નીકળે છે અને માથામાં હંમેશા વાસ મારે છે આ દરદ બાળકોને તેમજ બાર પંદર વરશની ઉમ્મરવાળા માણુશોને વધારે પ્રમાણુમાં થાય છે. આ રોગની જો બરાબર દવા કરવામાં નહીં આવે તો એ રોગ એવી જડ ઘાલી બેસે છે કે જીંદગી સુધી જતો નથી. માટે નીચે લખેલા ઉપાયમાંથી ગમે તે ઉપાય રોગ થતાની સાથે કરવો.

ઉપાય ૧ લો–જો બને તો પ્રથમ જળો મુકાવી નઠારૂ લોહી કાઢી નંખાવી પછી ઉપાય ચાલુ કરવા.

ઉપાય ૨ જો–સંદેશરાની પાલી શેર લાવી તેને મેદીની માફક ખુબ બારીક વાટવી પછી તેમાં ગંધક તોલો એક વાટીને મેળવવો. અને તેનો લેપ માથા ઉપર કરવો જેથી માથાનો ગંજ મટી જશે.

ઉપાય ૨ જો–આમળાં બાળેલા શેર ૦। પોસદોડા બાળેલા નવટાંક મેદીના પાત્રા સુકાં તોલા ૬, કંપીલો તોલા ૬, મોરથુથુ તો. ૧ ખડીયોખાર ફુલાવેલો તો. ૧, છાપરાંનો ધુમાડો તો. ૧, એ બધી વસ્તુને બારીક વાટી વસ્ત્રગાળ કરી સરસીયા તેલમાં મેળવી ચોપડવું જેથી ગંજ મટે છે.

ઉપાય ૩ જો–હરડે. કાથો. જીરૂ, કાયફળ, અકેક તોલો તથા મોરથુથુ અડધો તોલો વાટીને ગુલાબજળમાં લેપ કરવો.

ઉપાય ૪ થો.–કંપીલો, કાથો, ગેરૂ, સુરોખાર, મોરથુથુ અકેક તોલો અને બોદારપથરી. કાળામરી બબે તોલા અને મેદીના પાંત્રા ચાર તોલા, એ બધાને સરસીયા તેલને ગરમ કરી તેમાં નાખી એકરસ કરી ચોપડવું જેથી માથાનો ગંજ, ખોડો અને જીણી ફોલ્લીઓ મટે એ સીવાય–માથાના ગંજ ઉપર–દીવેલાની કુંપળો વાટીને ચોપડવી અને તેમાં જરા મીઠું નાખવું.

જુનુ ચામડુ બાળીને દીવેલમાં મેળવીને ચોપડવું તેમજ તંબાકુનો ગલ દીવેલમાં ચોપડવો. ઘોડાના નખ બાળીને તેની રાખ ધુપેલમાં ચોપડવી.

વાંસાનું દરદ–(પીઠપાકુ)

આ દરદ ઘણુંજ ભયંકર અને દુઃખદાઇ છે, કારણ એ દરદ વાંસાના બરાબર વચમાં, કે જ્યાં આપણો હાથ પ્હોચી શકતો નથી,

ર્યાં થાય છે. દરદ થવાની શરૂઆતમાં તે જગ્યાએ થોડો થોડો દુખાવો થાય છે, ત્યારપછી તે જગ્યાએ ગોળ લીંબુ જેવી અથવા લાંબી કેરીની ગોટલી જેવી ગાંઠ થાય છે, અને તેની આજુબાજુ ફરતો બબ્બે ત્રણુત્રણુ આંગળ સોજો આવે છે. સોજામાં અને ગાંઠમાં પુષ્કળ દુખાવો થાય છે. એટલુંજ નહીં પણ કેટલીક વખત અગન પણ બળે છે આ દરદ દરદી પોતે જોઇ શકતો નથી તેમજ તેનો હાથ પણ પ્હોચી શકતો નથી, જેથી સઘળો આધાર બીજા માણુસ ઉપર રાખવો પડે છે. આ દરદ જો એકદમ બાહાર નીકળી આવે અને ઉપાય કરવાથી સોજો ઉતરી જઇ ગાંઠ વેરાઇ જાય અથવા બેસી જાય તો સારી વાત છે, અને જો પાકી ગયું અને વધારે જોર પકડયું તો ઘણું નુકસાન કરે છે. કારણુ એ દરદ જો અંદર ઉતરી ગયું તો દરદીના જાનનું જોખમ કરે છે. માટે એ દરદમાં ખાસ કાળજીપૂર્વક ઉપાય કરવા, અને જ્યાં સુધી દરદ પાકયુ નહી હોય, ત્યાંસુધી એ દરદ ઉપર કોઇ પણ જાતની ચીકાસ લગાડવી તે જોખમકારક છે કારણુ ચીકાસને લીધે સોજો વધી જાય છે, અને દરદનું જોર પણ વધે છે માટે પ્રથમ નીચે પ્રમાણે ઉપાય કરવા.

ઉપાય ૧ લો—પ્રથમ જો દરદની સાથે સોજો હોય તો તેના ઉપર સાટોડીનું મૂળ તોલો એક પાણીમાં ઘસવુ. અને તેમાં આગળ કહેલી સોજાની ગોળી મુળીઆની બરાબર ઘસવી પછી બન્નેને ભેગાં કરી ગાંઠ અને સોજા ઉપર ચોપડવાં. આવી રીતે દીવસમાં બે ત્રણ વાર આ દવા ચોપડવી જેથી દરદ અને સોજો બંન્ને વેરાઇ જશે અને દુખાવો નરમ પડશે પણુ જો નરમ નહી પડે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો—સેગુરના પાંત્રા તો. ૨, લીમડાના પાત્રાં તો. ૨, ધોળા કાંદા (ડુંગલી) તો. ૨ અને સીંધવ ખાર તોલો ૦॥ એ બધી

વસ્તુને ખુબ ઝીણી વાટી ગરમ કરી દરદ ઉપર બાંધવી જેથી દરદ વેરાઇ જશે. અથવા પાકીને ફુટીજશે જો આ ઉપાયથી પાકે નહી, કે વેરાય પણ નહી તો પછી નીચે લખેલો ઉપાય કરવો જેથી દરદ પાકીને ફુટી જશે.

ઉપાય ૩ જો–કાંદા (ડુગળી) તો. ૫. જંગલી ખબુતરની હગાર તોલા ૨. મરઘાની હગાર તો. ૨, અંજીરીનું દુધ તોલા ૨. એક કળીનું લશણુ તો. ૨. કપડવંજી સાબુ તો. ૩, સીંધવ ખાર તો. ૧ એ બધી વસ્તુને ખુબ ઝીણી કરી અગ્ની ઉપર ઉનું કરી દીવસમાં બે વખત સેતુંસેતું બાંધવું જેથી દરદ પાકીને ફુટી જશે. દરદ ફુટી જાય પણ બરાબર પરૂ નીકળે નહી તો આંકડાના દુધમાં પલાલેલું રૂ સુકું મુકી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી દરદમાંથી પરૂનો વીકાર ખેંચી કાઢસે પરૂ બંધ થાય એટલે રૂનું પુમડુ કાઢી નાખવું. જો આ ઉપાયથી દરદને રૂઝાતા વાર લાગે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૪ થો–કલઈ સફેતો, સીંદુર, મુરદારશીંગ, રૂમીમસ્તગી, બાવળનો ગુંદર એ વસ્તુ અડધો અડધો તોલો લેવી અને મીણુ તોલા બે લેવું. તેમજ તલનું તેલ તોલા પંદર લઇ તેને ગરમ કરી તેમાં પ્રથમ મીણુ નાંખી તે ઓગળી જાય એટલે ઉપરની વસ્તુઓ બારીક વસ્ત્રગાળ કરીને તેલમાં નાખી મલમ તૈયાર કરવો એ મલમની પટ્ટી મારવાથી પાકુ રૂઝાઇ જશે અને જગા સાફ થઇ જશે.

કુખની–ગાંઠ.

આ દરદ બગલ અને કમ્મરના મધ્ય ભાગમાં છેલ્લી પાંસલીના નિચેના ભાગમાં થાય છે. પ્રથમ વધારે જોર દેખાતુ નથી. પણ ધીમે ધીમે એવું જોર પકડે છે કે દરદીને હેરાન હેરાન કરે છે. એ દરદમાં

પ્રથમ થોડો દુખાવો થાય છે અને દરદવાળી જગ્યાએ સોજો આવી, અંદર સોયો ખોસ્યા જેવુ દરદ થાય છે એ દરદ કેટલીકવાર વધીને એવડું મોટું થાય છે. કે એક નાના તડબુચ જેવું દેખાય છે, એ દરદ જો વેરાઇ જાય તો ઠીક નહી તો વખતે અંદરના ભાગમાં પાકીને ફુટે છે જેથી દરદીને ઝાડા વાટે લોહી અને પરૂ પડે છે, જેથી વખતે ભયંકર પરીણામ આવે છે. માટે દરદની શરૂઆતમાં તે વેરાઇ જાય તેવા ઉપાય કરવા.

ઉપાય ૧ લો.–આંબાહલદ, લોધર, ઝેરચુરો, સેરીલોબાન, ગેરૂ, અને એળીઓ, એ બધું સરખે ભાગે લઇ લીલીહલધના રસમાં બારીક વાટી ગરમ કરીને દરદ ઉપર દીવસમાં બેવાર ચોપડવું જેથી દરદ વેરાઇ જશે. જો વેરાય નહી અને પાકી જાય એમ લાગે તો તેના ઉપર નીચેનું પોટીસ મારવું.

ઉપાય ૨ જો.–ઘઉંનો લોટ તોલા ૫, અળસી તોલા ૫, હલધ તોલા ૨, સાબુ કપડરંજ તોલા ૨. એ બધી વસ્તુને પાણીમાં ખદખદાવી કપડાં ઉપર જાડું ચોપડી દરદ ઉપર બાંધવું અને થોડો સેક કરવો જેથી દરદ પાકીને ફુટી જશે. પછી રૂજવવાને આગળ કહેલા કાળા મલમની પટ્ટી મારવી. જો કાળા મલમની પટ્ટીથી પરૂ બરાબર ખેચાઇને નીકળે નહી તો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૩ જો.–ફટકી, મોરથુથુ સોંધવખાર એ ત્રણ વસ્તુ સરખે ભાગે લઇ વાટી તેમાં એ ત્રણેના વજનથી બેવડું મધ મેળવીને મલમ કરવો, અને કપડાં ઉપર ચોપડી દરદ ઉપર પટ્ટી મારવી અને તે પટ્ટી ઉપર નીચે લખેલું પોટીસ મારવું જેથી દરદમાંનું તમામ પરૂ ખેંચી કાઢશે.

ઉપાય ૪ થો.–સફેત ખાંડ, ઘઉંનો લોટ, ગાયનું ઘી, ચોખ્ખું મધ, વિલાયતી સાબુ, એ બધુ એકેક તોલો લઇ પાણીમા ગરમ કરી ઉપરની પટી પર જાડું જાડું ચોપડવું જેથી પરૂ સાફ થઇ રૂજ આવી જશે.

પુરૂષોની છાતીમાં થતુ દરદ.

આ દરર થતા પ્હેલાં પુરૂષોને સ્તનમાં કાળા ભાગ નીચે એક સોપારી જેવડી ગાંઠ થાય છે અને તે દબાવવાથી ખુબ દુઃખે છે. આવી ગાંઠો પુરૂષોને બન્ને સ્તનમાં થાય છે, અને એ દરદ ઘણું કરીને પુરૂષોને પંદર સોળ વર્ષની ઉમ્મરમાં અથવા તેથી ઓછી ઉમ્મરમાં પણ થાય છે. આ દરદને ઘણાં લોકો ગણુકારતા નથી કારણુ કેટલાક એમ કે છે કે એતો જુવાની, ની; નીશાની છે પરંતુ આ દરદ ઘણુંજ ધીમી ગતીથી વધે છે. એટલે ચાર છ મહીને સ્તનની ગાંઠમાં દુખાવો વધી પડે છે. અને તે ગાંઠની આજુબાજુ બીજી પાંચ સાત ગાંઠો નીકળી આવે છે. અને દુખાવો વધી પડે છે ઉપર પ્રમાણે દરદમાં બેચાર ગાંઠો દેખાય તો નીચે પ્રમાણેનો લેપ લગાડવો.

ઉપાય ૧ લો–ઝેરકચુરા, કાળીજીરી, રેવંચીની ખટાઇ, આંબાહળધર–એ વસ્તુ સરખે ભાગે લઇ પાણીમાં ખુબ બારીક વાટીને દીવસમાં બેવાર ચોપડવું જેથી વખતે વેરાઇ જશે. પરંતુ ઘણાં વખતની ગાંઠો હશે તો વેરાશે નહી, પણ ગાંઠો લાલ થઇ જશે. જો ગાંઠોમાં પીળાશ દેખાય તો જાણવું કે ગાંઠો પાકી ગઇ છે. માટે નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૨ જો–લીમડાના પાત્રા, કુદડીના પાત્રા, સેતુરના પાત્રા એ ત્રણે જાતના પાત્રાં સરખે ભાગે લઇ ઝીણા વાટી થોડુ મીઠું નાખી બાફીને ગાંઠ ઉપર બાંધવા જેથી ગાંઠ ફુટી જશે. અને પરૂ

નીકળી જશે ગાંઠ ફુટી જાય અને પરૂ નીકળવા માંડે એટલે નીચે લખેલો પાઉડર દરદ ઉપર ભભરાવી કાળા મલમની પટ્ટી મારવી.

ઉપાય ૩ જો–હીરાદખણુ તોલો ૧, સફેત કાથો તોલો ૧. ફલઇ સફેતો તોલો ૧. સીંદુર તોલો ૧. ફટકી ફુલાવેલી તોલો ૧. એ બધાને વસ્ત્રગાળ કરી પાઉડર બનાવી મુકવો અને દરેક દરદમાં રૂઝ લાવવાને ભભરાવીને પટ્ટી મારવી જેથા જલદીથી રૂઝ આવી દરદ મટી જશે.

સ્ત્રીઓને થતા સ્તન રોગ.

થાનનુ દરદ. (સ્તન પાક.)

આ દરદ સ્ત્રીઓને બેત્રણ પ્રકારથી થાય છે અને ઘણુ કરીને સ્ત્રીઓને સુવાવડ પછી બેત્રણ માસમાં અથવા વખતે સુવાવડમાં પણ થાય છે. પહેલું દરદ બાળક જનમ્યા પછી સરાબર ધાવે નહી અને થાન ચડે, તેમાંથી જો દુધ કાઢી નાંખવામાં નહી આવે તો સ્તનમાં સોજો આવી તે પાકી ઉઠે છે. આવું સ્તનમાં દુધવાળુ દરદ રૂઝાતાં ઘણીજ વાર લાગે છે. કારણ સ્તનમાં પુસ્કળ નસોના જાળાં આવેલાં છે, જેથી એક જગાએ રૂજ આવે કે વળી બીજી જગ્યાએ ઘારૂ પડે છે જેથી મટતાં વાર લાગે છે.

બીજી રીત—સ્તન પાકવાની એવી છે કે વખતે પાંચ છ મહીનાનું બાળક થયુ હોય અને ધાવતાં ધાવતાં સ્તનમાં માથુ મારયું તો સ્તનમાં સોજો આવી. વખતે પાકે છે ત્રીજી રીત બાળક બેત્રણ માસનું થઇને ઓચીંતું મર્ણ પામે જેથી ધાવણુ ભરાઇને સ્તન ચડે છે તેનો યોગ્ય ઉપચાર કરીને ધાવણુને મારી નાંખવામાં નહી આવે તો પણ સોજો આવીને સ્તન પાકી ઉઠે છે. ઉપરના ગમે તે કારણથી સ્તન પાકે

પણ તેના બધાના ઉપાયો એક સરખાજ છે માટે નીચે પ્રમાણેના ઉપાયો કરવા પ્રથમ સોજો ઉતારવાને આગળ કહેલી સોજાની ગોળી સાટોડીના રસમાં ઘસીને ચોપડવી જો દરદ વેરાઇ જાય તો સારૂ અને જો એમ લાગે દરદ પાક ઉપર ચડયું છે. તો જોવું કે દરદવાળી જગ્યા રાતી છે કે પીળી જો રાતી હોય તો નીચેનો ઉપાય કરવો. કારણ દરદ હજુ કાચુ છે માટે નીચેનું પોટીસ કરીને બાંધવું.

ઉપાય ૧ લો—ઘઉનું થુલુ તો. ૩ મીઠુ તો. ૧ અળશી તોલા ૩ લીમડાના પાત્રા તો. ૩ બધાને એકત્ર કરી જીણાં વાટી પાણીમાં ખદખદાવી દરદ ઉપર બાંધવું જેથી દરદ જલદીથી પાકીને ફુટી જસે, દરદ પીલુ પડયું છે, પણ ફુટતું નથી તો નીચેનો ઉપાય કરવો જેથી દરદ ફુટી જશે.

ઉપાય ૨ જો-ઘઉનો લોટ. કાંદા (ડુંગળી) સીંધવખાર સેતુરના પાંત્રા, દીવેલાના પાંત્રા પ્રથમ બન્ને જાતના પાત્રાં તથા કાંદાને ખુબ વાટીને ઝીણાં કરવા પછી લોટને કાંદાના રસમાં જરા સીંધવખાર નાંખીને ચુલે ચડાવી ગરમ કરવું પછી પાત્રાંઓ વીગેરે નાંખી સારી પેઠે એકત્ર કરી દરદ ઉપર ખમી શકાય એટલું ઉનું બાંધીને પાટા બાંધવો જેથી દદદ ફુટીજશે દરદ ફુટી જાય પછી નીચે લખેલા મલમની પટી મારવી જેથી તમામ વિકાર ખેચી કાઢશે.

ઉપાય ૩ જો—એરંડયુ તેલ તોલા ૫ પીળુ મીણ તો ૨॥ એ ગરમ કરી તેમાં મીણ પીગલાવી સાબુ તથા મોરથુથુ ઝીણાં કરીને નાંખવા અને મલમ તૈયાર થાય તેની પટી મારવી જેથી તમામ વિકાર ખેંચાઇ આવશે, પરૂ ઓછુ થઇ જાય એટલે આ મલમ બંધ કરી કાળા મલમની પટી મારવી જેથી જલદીથી રૂઝાઇ જશે કેટલીક વખતે એવું

બને છે કે દરદવાળી જગ્યાએ બેત્રણ ધારાં પડયા હોય તેમાં બત્તી મુકવાની જરૂર પડે તો નીચે મુજબનો મલમ બનાવીને તે મલમમાં સુતરના તાર બોળીને ધારામાં પુરી તેના ઉપર કાળા મલમની પટ્ટી મારવી.

ઉપાય ૪ થો—તેલ તલનું તોલા પાંચ રાળ તોલા બે પ્રથમ રાળને ખુબ બારીક વાટી વસ્ત્ર ગાળ કરવી પછી તેલમાં નાંખીને સારી પેઠે એકત્ર કરી અગ્નો ઉપર ચડાવી તેલમાંથી ધૂમાડા નીકળવા માડે એટલે અગ્ની ઉપરથી નીચે ઉતારી તેમાં પાણી છાંટતા જવું અને તબેથાવતી હલાવતા જવું જ્યારે મલમ માખણ જેવો થઇ જાય એટલે એક કાચના વાશણમાં ભરી લેવો એ મલમમાં સુતરના તાર બોલી ધારામાં પુરીને ઉપર પટ્ટી મારવી જેથી જલદી રૂજ આવી જશે.

સ્ત્રીઓને થતો ક્ષીરી નામનો સ્તન રોગ.

આ રોગ સ્ત્રીઓને ઘણી વખત બાળક ધાવતું હોય તે અરશામાં એટલે દુધવાળા સ્તનમાં થાય છે એ રોગ સ્તનની કાળાસવાલી જગ્યાએ અર્થાત્ જ્યાં બાળકને ધાવવાની દીટી આવેલી હોય છે તે જગ્યા ઉપર એક લીંબુ જેવી ગાંઠ થાય છે. અને તેમાં દુખાવો અને વેદના પુષ્કળ થાય છે એ રોગ સ્ત્રીઓના શરીરમાં અત્યંત ગરમી હોવાથી થાય છે એ રોગની ગાંઠ જો પાકયા વગર બેસી જાય તો સારુ, કારણ એ દરદ પાકયા પછી પેટમાં ઉતરી પડે છે, જેથી ઘણી વાર સ્ત્રીઓના જાનનું જોખમ થાય છે, માટે એ રોગમાં પકવવાનો ઉપાય નહીં કરતા દરદને વેરી નાખે અને બેસાડી દે એવા ઉપાયો કરવા. એ રોગ જે સ્ત્રીને થાય તેના બાળકને ધવાડવું નહી એ રોગને ક્ષીરી કેવાનું એજ કારણ છે કે એ રોગ દુધ વગરના સ્તનમાં બીલકુલ થતો નથી એ રોગમાં ગાંઠને વેરાઇ જવાને નીચે પ્રમાણે ઉપાય કરવા.

ઉપાય ૧ લો–સાથરા, સુરીજન, સરપંખો, કરીઆતુ, સુખડ, રતાંજલી, રેવંચીની ખટાઇ, રસવંતી, એળીઓ, લીમડાના પાત્રા, એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખુબ બારીક વાટી પાણીમાં ખદખદાવીને ચોપડવી જેથી દરદ વેરાઇ જશે, જો દરદ વેરાઇ જાય નહીં તો એવા ઉંપાય કરવા કે એકદમ પકવીને ફાડી નાખે, અને દરદને ઉપર ખેચી રાખે.

ઉપાય ૨ જો.–ગંદાબેરંજો તોલા ૫, બેરજી તો. ૨॥, અને સીંદુર તોલો ૧॥, પ્રથમ ગંદાબેરંજાને સ્હેજ તપાવી તેમાં બેરજી વાટીને વસ્ત્રગાળ કરીને મેળવવી પછી અગ્ની ઉપરથી નીચે ઉતારી સીંદુર મેળવી મલમ તૈયાર કરવો અને તેની પટ્ટી જાડા કપડા ઉપર ચોપડીને મારવી જેથી દરદને ખેચી રાખશે અને પકવીને ફાડી નાંખશે ફુટી ગયા પછી રૂજલાવવાને નીચેનો મલમ ચોપડી કાળા મલમની પટ્ટી મારવી.

ઉપાય ૩ જો.-હીરાદખણ, કલઇસફેતો, બોદાર પથરી એ ત્રણ વસ્તુને બારીક વાટી ગાયના ઘીને ૧૦૮ વાર કાંસાની થાલીમાં ધોઇને તેમાં ઉપરની વસ્તુ મેળવી મલમ તૈયાર કરવો એ મલમ ધારામાં ભરી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી રૂજ આવી જશે.

પેડુમાં થતી ગાંઠ.

આ દરદ ડુટીની નીચે પેડુમાં થાય છે. આ દરદ અતી દારૂ પીનાર, અતી ગરમ તેલ, મરચાં, કાંદા લશણ વીગેરે મશાલા ખાનારને ઘણું કરીને થાય છે. પ્રથમ ગાંઠ થઇ તે બ્હાર અને અંદર બન્ને જગાએ વધે છે. સ્ત્રીઓને એ રોગ થવાથી ગર્ભનો ભાસ થાય છે કારણ આ ગાંઠ થવાથી વખતે માસીક રૂતુ પણ બંધ થઇ જાય છે જેથી ઘણી સ્ત્રીઓ છેતરાય છે અને દરદ મોટુરૂપ પકડે છે ત્યારે ખાત્રી થાય છે કે આ એક જાતની ગાંઠ છે. પુરૂશોને એ રોગમાં પેટ મોટુ થવાથી

કેટલાક જળંધર, કે કઠોદર, માને છે. પરંતુ જ્યારે એ ગાંઠ પાકીને ફુટે છે. અથવા સંપુર્ણપણે પેડુઉપર તરીઆવે છે. અને દુખાવો થાય છે. ત્યારે ખાત્રી થાય છે આ દરદ કેટલીકવાર અંદર ફુટે છે. અને તેનું પરૂ ઝાડા પીશાબમાં નીકળી જાય છે. ઘણીવાર ગાંઠ અંદર પાકે છે ત્યારે દરદીને ઘણું દુઃખ દે છે પરંતુ ડાકટરો ઓપરેશન કરીને પરૂને બાહાર ખેંચી કાઢી દરદને રૂજવી નાખે છે. પરંતુ જ્યારે ગાંઠ ઉપરના ભાગમાં હોય દુખાવો થાય પાકતાં વાર લાગે ત્યારે નીચે પ્રમાણેના ઉપાય કરવા.

ઉપાય ૧ લો–દીવેલાના પાત્રાં, લીમડાના પાત્રાં એ બન્નેને ઝીણા વાટીને તેમાં બીસકુટનોગર તેની બરાબર લઇ બધાને અગ્ની ઉપર પકાવી થોડો સીંધવખાર નાંખીને ગાંઠ ઉપર બાંધવુ જેથી ગાંઠ પાકીને ફુટી જશે જો પાકી જાય પણ ફુટે નહી તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો–મોરથુથુ તો. ૧. સાબુ તો. ૨. વીલાયતી કોયલો તો. ૧ ચુનો તો. ૧. સીંધવ ખાર તો. ૧. એ બધાને કુંવારના રસમાં ખદખદાવી માત્ર દરદની પીળી પડેલી જગ્યાએ ચોપડીને પાટો બાંધવો જેથી દરદ ફુટી જશે. ફુટી ગયા પછી આગળ કહેલો પરૂ ખેંચવાનો મલમ લગાડવો અને રૂજને માટે કાળા મલમની પટી મારવી અથવા બરગોઇન કંપનીનો રાતો મલમ લાકડીના રૂપમાં આવે છે તે લાવી તેની પટ્ટી કરી ને મારવી જેથી જલદીથી રૂજ આવી જશે.

હાથેલીમાં થતો સાતપડો.

આ દરદ હાથની હાથેલીમાં થાય છે અને તે ઘણુજ દુઃખ દે છે કારણ હાથેલીની ચામડી જાડી હોવાથી દરદને પાકતા ઘણીજ વાર લાગે છે આ દરદ હાથેલીની ચામડીમાં છેક સાતમાં પડમાં થાય છે દરદની

શરૂઆતમાં દુખાવો અને અગન પુસ્કળ બળે છે. આખા હાથનાં કાંડા સુધી સોજો આવી જાય છે. એટલુંજ નહી પણ આંગળાઓ ઉપર પણ સોજો આવી જવાથી આંગળા વળી શકતાં નથી આ દરદમાં પહેલો ઉપાય સોજો ઉતારવાને નીચે પ્રમાણે કરવો.

ઉપાય ૧ લો—આટોડીનું મૂળ લોધર આંબાહળધ સાજી આમળા અને રેવંચીનો શીરો એ બધુ સરખે ભાગે લઇ બારીક ખાંડી ધંતુરાના રસમાં નાંખી ઉનું કરી દરદ ઉપર તેમજ સોજા ઉપર દીવસમાં બે વખત ચોપડવું. અને સોજો ઉતરી જાય એટલે નીચે પ્રમાણેનું પોટીસ બનાવી હાથેલી ઉપર જાડું જાડું ચોપડી પાટો બાંધવો.

ઉપાય ૨ જો—કળી ચુનો, મોરથુથુ, હડતાલ, કપડવંજી સાબુ, ખડીઓ ખાર, વછનાગ એ વસ્તુઓને સમ ભાગે લઇ ઝીણુ કરી એ બધાને એક રસ કરી, તેમાં કાળા ધંતુરાનો રસ નાંખી અગ્ની ઉપર ધીમા તાપે ખદખદાવીને હાથેલીના દરદ ઉપર જાડો લેપ કરી પાટો બાંધવો આવી રીતે થોડો વખત કરવાથી દરદ પાકી જશે, પછી તેમાંથી પરૂ નીકળવા માટે એટલે તેના ઉપર ગંદા બેરજાની પટ્ટી મારવી જેથી અંદરનું પરૂ ખેંચી કાડશે પછી રૂજ લાવવાને આગળ કહેલા કાલા મલમની પટ્ટી મારવી.

જો દરદ પાકી ગયુ હોય પણ ફુટે નહી તો નસનર મારીને ફોડી નાંખવું કારણ ચામડી જાડી હોવાથી ફુટતાં ઘણી વાર લાગે છે માટે ફોડી નાખીને પરૂ કાડી નાંખવાથી દરદ વ્હેલું હલકું પડી જાય છે આ દરદને પાકતાં તેમજ રૂજાતાં ઘણા દીવસ લાગે છે.

હાથની આંગળીમાં થતો આંગળતોડો અથવા ખીલી.

આ દરદ હાથની ગમે તે આંગળીમાં થાય છે. પ્રથમ આંગળીના નખ પાસે એક ઝીણી ફોલ્લી થાય છે અને પછી એકદમ સોજો આવી

આંગળી જાડી થઇ જાય છે. અને આંગળીમાં સોયો ભોકાતી હોય તેવી વેદનાં થઈ પુષ્કળ દુખાવો થાય છે. જો દુખાવાની સાથે આંગળીમાં ગટકા મારે તો નીચે લખેલો ઉપાય કરવો. જેથી દરદ પાકી જશે.

ઉપાય ૧ લો.–ધંતુરાના લીલા જીંડવાને ઘી સાથે ખુબ બારીક વાટીને તેમાં જરા મીઠું નાંખીને આંગળી ઉપર જાડો લેપ કરીને પાટો બાંધવો આવી રીતે સવારનો બાંધેલો પાટો રાતે છોડી નાંખી રાતે પાછો નવો બાંધવો જેથી દરદ પાકીને ફુટી જશે. પછી તેના ઉપર બરગોઇનના રાતા મલમની પટ્ટી મારવી જેથી રૂઝ આવી જશે. પરંતુ જો આંગળી ઉપર નખની પાસે અથવા તેની આજુબાજુ દરદમાં ફુલાવો દેખાય અને અંદર અગન બળે તો નીચેનો મલમ કરીને તેની પટ્ટી મારવી જેથી ફુલાવાની જગ્યાનું માંસ સડીને દુર થઇ જશે અને અંદર આંગળીના ટેરવાના હાડકામાંથી એક જવ કે ચોખા જેવો પીલો નીકળેલો દેખાશે.

ઉપાય ૨ જો.–મોરથુથુ, ખડીઓ ખાર, સોમલ, એ ત્રણ વસ્તુ અડધો અડધો તોલો લઇ ઝીણુ વાટી ગંદાબેરંજામાં મેળવી આંગળીના ફુલાવા જેવડી પટ્ટી મારવી જેથી ફુલાવાનું માંસ પાકીને દુર થશે એટલે જવ કે ચોખા જેટલી હાડકાંની અંદરથી નીકળેલી ખીલી દેખાશે તેને કાતરથી કાપી નાંખી નીચેનો મલમ બનાવીને ચોપડવો.

ઉપાય ૩ જો.–ગાયનું ઘી તોલા પાંચ લઇ તેને ગુલાબજળથી એકસોવાર ધોવું અને તેમાં સીંદુર તો. ૧, કલઇસફેતો તોલો ૧, કાથો તોલો ૧. એ ત્રણ વસ્તુ બારીક કરીને ઉપરના ધોયલા ઘીમાં મેળવી મલમ કરીને ચોપડવો અને ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી રૂઝ આવી જશે.

ગાલ ઉપર થતી ગલતોડી.

આ દરદ ડાબા અથવા જમણા ગાલ ઉપર ગાલના મધ્ય ભાગમાં થાય છે. પ્રથમ ગાલમાં થોડો થોડો દુખાવો શરૂ થાય છે. પછી લીંબુ કે સોપારી જેવડી ગાંઠ દેખાય છે. અને તેની આજુબાજુ સોજો આવી જાય છે. અને દુખાવો ઘણો થાય છે ગાલના સોજાને લીધે મોઢું પણ બરાબર ખુલતું નથી જેથી ખાવાની પણ અડચણ પડે છે આ દરદમાં પ્રથમ દરદ વેરાઇ જાય એવા ઉપાય કરવા કારણ એ દરદ જો પાકે છે. તો રૂઝાતા ઘણી વાર લાગે છે તેમજ વખતે ગાલમાં નાસુર પડી જાય છે. માટે પ્રથમ નીચેનો લેપ મારવો.

ઉપાય ૧ લો–સુંઠ, આમળા, બોળ, એળીઓ, સેરીલોબાન, આંબાહલધ, રેવંચીનો શીરો, લોધર અને ફટકી એ બધુ સરખે ભાગે લઇ ખાંટી વસ્ત્રગાળ કરી લીલી હલધના રસમાં ખદખદાવી ગાલ ઉપર ચોપડવું જેથી સોજો અને ગાંઠ વેરાઇ જશે જો નહી વેરાય તો નીચેનો મલમ બનાવી તેની પટ્ટી મારવી જેથી ગાંઠ પીગળી જશે.

ઉપાય ૨ જો–પારો તોલા બે. ગંધક આમળસારો તોલા બે એ બે વસ્તુને ખલમાં નાંખી ધુટીને કજલી કરવી. પછી તેમાં કપુર તોલો ૦ાા મેળવવું પછી તેમાં ગંદો બેરંજો તોલા પાંચ મેળવીને મલમ કરવો અને એ મલમની પટ્ટી ગાલ ઉપર મારવી જેથી દરદને વેરી નાખશે અથવા જો પાક ઉપર ચડયું હશે તો પાકીને ફુટી જશે જ્યારે દરદ ફુટી જાય અને અંદરથી પરૂ નીકળી જાય અથવા જો પરૂની સાથે થોડું લોહી પણ નીકળે તો તેના ઉપર કાળી દરાખને ખુબ ઝીણી વાટી તેની પટ્ટી બે ત્રણ દીવસ મારવી જેથી અંદરનો તમામ વીકાર પરૂ થઇને નીકળી જશે. ત્યાર પછી રૂજ લાવવાને કાળા

મલમની પટ્ટી આગળ કહેલો રૂજ લાવવાનો પાઉડર ભભરાવીને મારવી અથવા ગમપલાશનો સફેત મલમ આવે છે તે તોલા પાંચ લાવી હાથે વતી ફીણીને તેમાં સીંદુર તોલો એક મેળવીને તેની પટ્ટી મારવી જેથી તમામ વીકાર દુર થઇ રૂજ આવી જશે અને નાસુર પડશે નહી.

બદ.

આ દરદ જાંગના વેરામાં બન્ને બાજુ અથવા એક બાજુ થાય છે. એ દરદમાં લાંબી કેરીના ગોટલા જેવી ગાંઠ થાય છે, અને તેમાં પુષ્કળ દુખાવો થાય છે. એ દરદ ઘણાં માણસોને થતું હોવાથી સઘળા લોકો જાણે છે. એ દરદ થતાની સાથે જો પ્રથમ ગાંઠોને વેરાવાનો ઉપાય કરવામાં આવે તો વેરાઇ જાય છે, પરંતુ જો કોઇને પાકે છે તો ઘણુ દુઃખ દે છે અને રૂઝાતા ઘણીવાર લાગે છે. માટે પ્રથમ બદને વેરાવાના નીચેના ઉપાયમાંથી ગમે તે કરવા.

૧. કાળા પથ્થરથી સેક કરવો, અથવા કાળી રેતીની પોટલી બાંધી તેનાથી સેક કરવો, અથવા મીઠાંને બારીક વાટી તેની પોટલી કરી તેનાથી સેક કરવો.

૨. ધુસરનું દુધ બદ ઉપર ચોપડી રૂ મારીને પછી શેક કરવો, અથવા ખડચંપાનું દુધ મારી ઉપર રૂ લગાડી શેક કરવો.

૩. સેલારસમાં થોડો શેરી લોબાન ઝીણો વાટીને મેળવવો અને તેની પટ્ટી બદ ઉપર મારવી જેથી બદ વેરાશે, અથવા બરગોઇન કંપનીનો રાતો મલમ લાવી તેની પટ્ટી મારવાથી બદનો દુખાવો મટી વેરાઇ જશે.

૪. પીપળાના પાત્રા ઉના કરીને સવળાં બાંધવા, અથવા નરમા કપાસના પાત્રા વાટીને ઉના કરીને બાંધવા. અથવા મેથી વાટીને તેનો

લેપ કરવો, અથવા કપાસીઆને ઝીણા વાટી તેની ટીકડી કરી બાંધવી, અથવા કુંવાર, રસવંતી અને હળદર ગરમ કરીને બાંધવી અથવા ચુનો, મધ, અને ઇંડાની સફેદી મેળવીને તેની પટ્ટી મારવી.

ઉપરના ઉપાયો કરવા છતાં ઓગળે નહી અને પાક ઉપર ચડે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૫ મો.–મોરથુથુ તો. ના, રાળ તો. ૧, હળદર તો. ૧, ગુગળ તોલા ૨, અને ગોળ તો. રાા, એ બધી વસ્તુ ગરમ કરી બદ ઉપર ચોપડવાથી બદ ફાટી જાય છે.

ઉપાય ૬ ઠો–ચણાનો લોટ તોલા ચાર અને ગુગળ તોલા ચાર, એ બન્ને વસ્તુને કાંદાના રસમાં પકાવીને બદ ઉપર જાડો લેપ કરવાથી પાક ઉપર ચડેલી બદ ફુટી જાય છે. બદ ફુટીને પરૂ નીકળી ગયા પછી રૂજ લાવવાને આગળ કહેલો પાઉડર છાંટીને કાળા મલમની પટ્ટી મારવી. કેટલીકવાર એવું બને છે કે બદ પાકે ફુટે, અને રૂઝાઇ જાય પણ અંદર ગોટલીનો થોડો ભાગ સખત રહી જાય છે. તેમાં દુખાવો થાય છે. અને ધીમે ધીમે પાછી ગોટલી વધીને બદનુ રૂપ પકડે છે. માટે પ્રથમ પકવતી વખતે ખાસ ધ્યાન રાખીને ઉપાય કરવો કે બદમાં અંદરના ભાગમાં સખતી રહી જાય નહી. બદ એ ગરમીનું કારણ છે. અને તેને માટે ગુજરાતીમાં એક કહેવત છે કે ટાંકી, પરમીઓ ને બદ તેની જીંદગી રદ. કેટલીક વખત બદની સાથે ટાંકી પણ થાય છે. એટલુંજ નહી પણ કેટલાક માણસોને ટાંકી–(ચાંદી) બદ અને પરમીઓ એ ત્રણે સાથે થાય છે જેથી માણસને ઘણી હેરાનગતી ભોગવવી પડે છે. પરંતુ દરેકના ઉપાય કરવાથી મટી જાય છે. પરંતુ જો એ ત્રણેની ગરમી શરીરના અંદરના ભાગમાં પસરી જાય છે તો તે શરીરના

સઘળા સાંધાઓમાં ઉતરી પડી સાંધાઓમાં સખત દુખાવો અને કલતર ઉત્પન્ન કરે છે. એટલુંજ નહી. પણ શરીરના સઘળા સાંધાઓ રહી જાય છે, જેથી માણુસથી ચાલી હાલી શકાતું નથી. અને બહુજ દુખી થાય છે, માટે ટાંકી, પરમીઓ, અને બદ એમાંથી ગમે તે થાય એટલે તેનો અનાદર નહી કરતા ચાંપતા ઉપાયો કરવા જેથી રોગ વધવા પામે નહી. તેમજ ઉપર મુજબના દરદો થવાનો સંભવ રહે નહી.

ઇદ્રી ઉપર થતી ટાંકી (ચાંદી)

આ રોગને થવાના ઘણા કારણો છે. તેમાંનુ પ્રથમ કારણ સ્ત્રીઓની ગરમીનો ચેપ છે, અને બીજુ કારણ શરીર અને મુત્રાશયની ખોટી ગરમીને લીધે પ્રથમ ઇંદ્રી ઉપર ચેળ આવી ઝીણી ફોલ્લીઓ થાય છે. અને તે ધીમે ધીમે ફેલાઇને ચાંદીનું રૂપ ધારણ કરે છે. એટલુંજ નહી પણ એ રોગ અતી મૈથુન કરનાર સ્ત્રીપુરૂષોને પણ થાય છે. તેમજ રજસ્વળા સ્ત્રી સાથે અને તુરતની પ્રસુતા સ્ત્રી સાથે સમાગમ કરવાથી પણ ચાંદી થાય છે તેમજ પરદેશી ગરમીની પ્રકૃતીવાળી સ્ત્રીના સમાગમથી પણ ચાંદી થાય છે. ટુંકમાં આ રોગ સંયોગ્યજન્ન હોવાથી તાત્કાળીક લાગુ પડી જાય છે. એ રોગ ઇંદ્રી ઉપર ચામડી પર તથા અંદરની બાજુ ફુલ ઉપર પણ થાય છે. એ રોગનો જો તાત્કાળીક ઉપાય કરવામાં નહીં આવે તો ધીરે ધીરે આખી ઇંદ્રીમાં સડો ફેલાઇ ભયંકર રૂપ પકડે છે. અને તેનું પરીણામ ઘણુંજ ભયંકર આવે છે માટે નીચે લખેલા ઉપાયમાંથી ગમે તે ઉપાય ચાલુ કરવો.

ઉપાય ૧ લો:—બોદાર પથરી તોલો. ૧. ફુલાવેલી ફટકી તોલો. ૧. સફેત કાથો તોલો એક. અને હીરાદખણુ તોલો ૧. એ ચાર વસ્તુને

ગુલાબ જળમાં બારીક ઘુંટીને ચાંદી ઉપર ચોપડવાથી ચાંદી રૂઝાય છે.

ઉપાય ૨ જો:—બાળેલા સોપારી તો. ૧. બાળેલાં આમળાં તોલો. ૧. અને ફુલ કાથો તોલો ૧. એ ત્રણ વસ્તુને બારીક વસ્ત્રગાળ કરી ચાંદી ઉપર દાબવાથી ચાંદી મટે છે.

ઉપાય ૩ જો:—પીપળો, ઉમરો, વડ, પીપર, અને નેતર એ પંચ પલ્લવના મૂળનો કવાથ કરી તેનાથી ચાંદી દીવસમાં બે ત્રણ વખત ધોવાથી ચાંદી મટી જાય છે.

ઉપાય ૪ થો:—કણેરના મૂળને પાણીમાં બારીક વાટી તેનો ઇંદ્રી ઉપર લેપ કરવાથી ચાંદી મટે છે. તેમજ કાંટાસરીઆનું દુધ ચાંદી ઉપર ચોપડવાથી ચાંદી મટે છે.

ઉપાય ૫ મો.-ધોળુ મીણ તો. ૨ મોગરેળ તોલા ૫ કલઇ સફેતો તો ૧ બોદાર તો. ૧ આંબાના પાત્રાની રાખ તો. ૧ પ્રથમ મોગરેળાને ગરમ કરી તેમાં મીણ ઓગાળવું પછી બીજી વસ્તુઓ બારીક વાટી વસ્ત્રગાળ કરીને અંદર નાખવી જ્યારે બધી વસ્તુ એકત્ર થઇ જાય ત્યારે અગ્ની ઉપરથી નીચે ઉતારી હલાવીને કાચના વાસણમાં ભરી લેવું. આ મલમ ચાંદી ઉપર ચોપડવો અથવા ઝીણાં કપડાં ઉપર ચોપડી પટ્ટી કરીને મારવી જેથી ઘણો જલદી આરામ થઇ ચાંદી મટી જાય છે.

આ રોગ જો સ્ત્રીને લાગુ પડયો હોય અને તેની ગૃહઇન્દ્રીમાં ચાંદીઓ પડી હોય તેમજ તેને લીધે સોજો આવેલો હોય તો તેને નિચે પ્રમાણેના ઉપાય કરવા.

ઉપાય ૧ લો—હરડાં-બેડાં-આમળાં અને કડવા લીમડાના પાંત્રાં એ બધુ સરખે ભાગે લઇ ચાર ઘણા પાણીમાં નાંખી ઉકાળી અડધુ

રહે ત્યારે ગાળી ઠંડુ પડે ત્યારે દીવસમાં બે ત્રણ વખત એ પાણીથી ચાંદીવાળો ભાગ ધોવો તેમજ નીચે લખેલો મલમ બનાવીને ચોપડવો.

ઉપાય ૨ જો—કલઇ સફેતો તો. ૧ હીરા દખણુ તો. ૧ પારો તોલો ૧ ખામળસારો ગંધક તોલો ૧ પ્રથમ પારા ગંધની કજલી કરવી પછી તેમાં ઉપરની બે વસ્તુ નાંખી ને એકત્ર કરી બારીક કરવું પછી ગાયનું ઘી તોલા પાંચ લઇ તેને કાંશાની થાલીમાં નાંખી એક સોને આઠ વાર ધોવું પછી તેમાં ઉપરની વસ્તુઓ નાંખીને સારી પેઠે એકત્ર કરીને મલમ તૈયાર કરવો આ મલમ દીવસમાં બેત્રણ વખત ચોપડવાથી સ્ત્રીઓની તેમજ પુરૂષોની ચાંદી (ટાંકી) જલદીથી રૂઝાઇ જાય છે. પરંતુ દીવસમાં બેત્રણ વખત ઉપરના ઉકાળેલા પાણીથી ધોઇને મલમ ચોપડવો.

અંડકોષ (કોથળી) નો પાક.

આ દરદ ઘણી વખત પુરૂષોને થાય છે, અને તેથી ઘણી હેરાન ગતી ભોગવવી પડે છે. આ દરદ થવાનું મુખ્ય કારણ લોહીનો બીગાડ છે. કારણુ એ જગ્યાનું લોહી દુષીત થવાથી ઉપરના ભાગમાં ઝીણી ઝીણી ફોલ્લીઓ થઇ આવે છે અને તેમાં પુસ્કળ ચેળ આવે છે જેથી ગમે તેવો ડાહયો માણુસ હોય તો પણુ ખજવાળી નાંખે છે, જેથી ઝીણી ફોલ્લીઓ ફુટીને એકત્ર થઈ જઇ ઉપરની ચામડી પાકી આવે છે અને વખતે કોથલી ઉપર સોજો પણુ આવી જાય છે. અને તેમાં સોયો ભોકાતી હોય એવું દરદ થાય છે. માણુસથી ઉભા થવાતું નથી તેમજ ચાલી પણુ શકાતું નથી. અંદરથી પ્રથમ પાણી ઝરે છે અને પછી પરૂ પણુ નીકળે છે. એ દરદનો ઉપાય નિચે પ્રમાણે કરવા.

ઉપાય ૧ લો—બાઉનો લોટ તોલા દશ દળેલી હળદર તોલા બે ગાયનું ઘી તોલા અઢી પ્રથમ લોટ–હળદર અને ઘીને એકત્ર

કરી અગ્ની ઉપર ધીમી આંચથી સેકવું પછી તેમાં થોડુ પાણી નાખી શીરા જેવું થાય એટલે ખમી શકાય એવું ગરમ પોટીસ કોથળી ઉપર જાડુ જાડુ ચોપડીને ઉપર પાટો બાધવો જેથી પીડા ઓછી થશે અને અંદરના વિકારને ખેંચી કાઢશે જો આ પોટીસથી બરાબર વિકાર નહી ખેંચાયો તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો—કાળી દરાખ જોઇતા પ્રમાણમાં લાવી તેના બી કાઢી નાંખી ખુબ બારીક વાટીને મલમ જેવું કરવું અને તેની કપડાં ઉપર પટ્ટી જાડી ચોપડીને દરદવાળા ભાગ ઉપર મારવી જેથી તમામ વિકાર નિકળી જશે. પછી આગળ કહેલા કાળા મલમની પટ્ટી મારવી તેમજ આગળ લખેલો પાઉડર ભભરાવવો જેથી રૂઝ આવી જશે.

અંડવૃદ્ધિ (કોથલીનો સોજો).

આ દરદ ઘણા પુરૂષોને થાય છે. એને થવાના ઘણા કારણો છે તેમાં પ્રથમ કુદવાથી કે લાંબી ફલાંગ મારવાથી લોહી જામી જવાથી પાણી ભરાવાથી ચરબી ઉતરવાથી અને આંતરડું ઉતરવાથી અંડવૃદ્ધિ થાય છે, તેમાં ચરબી અને આંતરડુ ઉતરવાથી થયેલી અંડવૃદ્ધિ ભાગ્યેજ મટે છે, પરંતુ સાધારણ રીતે પાણી અને લોહીના વિકારો ઉપાય કરવાથી સારા થાય છે, પરંતુ જેમાં દુખાવો કે પીડા થતી હોય તે જલદીથી મટે છે, પણ જેમાં દુખાવો બીલકુલ હોતો નથી તેને મટતા વાર લાગે છે. અંડવૃધ્ધીના રોગીએ ખાસ કરીને કચ્છ યાને ચડ્ડી પહેરવી કારણ કેટલીક વખત એવી રીતે કચ્છ રાખવાથી કોથળીમાં આવેલું પાણી અથવા રસ ચડી જાય છે. જો કોથળીમાં પાણી ભરાવાથી વૃદ્ધી થઇ હોય તો કોથળીમાં નસ્તર મરાવી પાણી કડાવી નાંખવાથી તુરત આરામ થઇ જાય છે. પરંતુ લોહી અને રસના વિકારો માટે નીચે પ્રમાણે ઉપાયો કરવા.

ઉપાય ૧ લો—સેલારસને તંબાકુના પાત્રા ઉપર ચોપડી તે પાંતરૂ બાંધીને કચ્છ મારવો જેથી અંડવૃદ્ધી મટી જાય છે.

ઉપાય ૨ જો–ઉપલેટ તો. ૧, જીરૂ તો. ૧, પલાસના બી તોલો ૧, દીવેલાનું તાજુ મુળ, બોરડીની છાલ, એ બે વસ્તુ બબે તોલા સઘળી વસ્તુને કાંજીમાં બારીક વાટી લેપ કરવાથી અંડવૃદ્ધી મટે છે.

ઉપાય ૩ જો—સુરીજન, સાટોડીનું મુળ, સોનાગેરૂ આંબા હળદ અને આમળાં, એ પાંચ વસ્તુ સરખે ભાગે લઇ વાટીને ગાયના મુત્રમાં ગરમ કરી ચોપડવાથી અંડવૃધ્ધી મટે છે.

ઉપાય ૪ થો–ગુગળ, એલીઓ, શેરીલોબાન, લોધર ફટકડી અને ગંદોબેરંજો એ બધી વસ્તુને એકત્ર કરી પાણીમાં ઘુટીને ચોપડવાથી સઘળા પ્રકારની અંડવૃધ્ધી મટે છે.

જાંગની નિચે થતુ દરદ. (જાંગ પાકુ.)

આ દરદની શરૂઆતમાં જાગમાં સોજો આવે છે. અને તેમાં સખતી ઘણી હોય છે, દરદવાળી જગ્યા લાલ થઇ જાય છે અને દુખાવો પણ થાય છે. એ દરદને પ્રથમ વેરાવવાનો ઉપાય કરવો પણ જો વેરાય નહી અને દરદનું જોર વધે તો પછી પકવવાના ઉપાય કરવા કારણ એ દરદને પાકતા વાર લાગે છે માટે જ્યાં સુધી પાકયા વગર વેરાઇ જાય ત્યાં સુધી ઘણું સારૂ વેરાવાને માટે નીચે પ્રમાણેનો ઉપયોગ કરવો.

ઉપાય ૧ લો—ખતમીના બી ખતમીના ફુલ જેઠીમધ ઇસબગુળ સણુના બી સુરીજન ગુલેબાબુના અને ગુલેઅરમાની એ બધુ સરખે વજને લઇ ખાંડીને વસ્ત્ર ગાળ કરવું. પછી લીલા ભાંગરાના રસમાં નાખી ગરમ કરીને ચોપડવું જેથી દરદ વેરાઇ જશે જો વેરાય નહી. અને એમ સમજાય કે દરદ પાકસે તો નીચે લખેલો ઉપાય કરવો જેથી દરદ જલદીથી પાકી જશે.

ઉપાય ૨ જો—દીવેલાનું મુળ, અંજીરનું મુળ, ધંતુરાનું મુળ, કુંવારનું મુળ અને ચીત્રાનું મુળ એ બધાને બારીક વાટીને પાણી નાંખીને ગરમ કરવું અને દરદ ઉપર દીવસમાં બેવાર ચોપડવું જેથી થોડા દીવસમાં દરદ પાકી જશે. દરદ પાકી ગયુ હોય પણ ફુટે નહી તો કોઇ સારા વૈદ પાસે નસતર મરાવવુ જો નસતર નહી મરાવવું હોય તો નીચે લખેલો ઉપાય કરવો.

ઉપાય ૩ જો—કળીચુનો ખડીઓખાર સાબુ અને સંખીઓ પ્રથમની ત્રણ વસ્તુ એકેક તોલો લેવી અને સંખીઓ તોલો પા. લેવો બધાને પાણીમાં બારીક વાટી મલમ જેવું કરવું અને દરદના વચલા ભાગમાં એક ચાંલ્લો કરી ઉપર ધઉના થુલાનું પોટીસ કરીને બાંધવું જેથી દરદ ફુટીને અંદરથી પરૂ નીકળી જશે. પરંતુ જો બરાબર પરૂ નીકળે નહી અને સડેલું માંસ દેખાય તો નીચેનો ઉપાય કરવો જેથી સડેલું માંસ નીકળી જશે.

ઉપાય ૪ થો—રાળ, કાથો, મુરદારસીંગ, સખજીરૂ. અકલગરો, અને કપુર એ બધુ અડધો અડધો તોલો લઇ બારીક વાટી તલનું તેલ તોલા પાંચ લઇ તેમાં ઉપરની વસ્તુ મેળવીને પાણી નાંખીને ખુબ ફીણવું અને વારે વારે પાણી બદલતા જવું એટલે મલમ તૈયાર થશે. એ મલમ દરદના ખાડામાં ભરી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી દરદ રૂજાઇ જશે.

ધુટણની નિચે થતુ દરદ.

આ દરદ ધુટણના નીચલા ભાગમાં થાય છે. પ્રથમ સોજો આવે છે અને તેમાં દુઃખાવો થાય છે પછી સોજાની વચમાં એક પીળા રંગનો ફોલ્લો થાય છે તેમાં પુસ્કળ દુખાવો થાય છે. પગ લાંબો

ડુંગો થતો નથી અને ફોલ્લામાં કેટલીક વખત અગન પણ બળે છે. આ દરદ સાધારણ દેખાય છે પણ વખતે મોટું રૂપ પકડે છે કારણ જે પીળો ફોલ્લો થયો છે. તે ફુટીને તેનો ચેપ આજુબાજુ ફેલાય છે. જેથી દરદ ઉપર ઘણાં ફોલ્લા નીકળી આવે છે. પરંતુ પ્રથમથીજ ચેતી ઉપાય કરવામાં આવે તો દરદ વધતું નથી અને જલદીથી સારૂ થઇ જાય છે, માટે દરદ દેખાય એટલે નીચે પ્રમાણેના ઉપાય કરવા.

ઉપાય ૧ લો—લીમડાંના પાત્રાને બારીક વાટી જરા મીઠું નાખી ઉનું કરીને બાંધવું. જેથી સોજો વેરાઇ જશે અને ફોલ્લો ફુટીને અંદરથી પાણી કે પરૂ નીકળી જશે પછી તેના ઉપર નીચેનો મલમ બનાવીને પટ્ટી મારવી.

ઉપાય ૨ જો-એરંડી તોલા ૫, મીણ સફેત તો. ૧ પ્રથમ એરંડી અને મીણને માટીના વાસણમાં નાંખીને પીગલાવવાં પછી તેમાં રેવંચીની ખટાઇ, અકલગરો, કેશર, કુટકી અને પારો એ પાંચ વસ્તુ પા. પા. તોલો લઇ પાણીમાં વાટીને તેમાં ઉપરની એરંડી અને મીણ મેળવી દઇ મલમ કરવો આ મલમની પટ્ટી મારવાથી દરદ જલદી રૂજાઇ જશે.

પગના નળા ઉપર થતુ દરદ (હાડ ગંભીર)

આ દરદની શરૂઆત પ્રથમ ઝીણી ફોલ્લીઓથી થાય છે અર્થાત્ પગના નળાના આગલા ભાગ ઉપરની ચામડીમાં પ્રથમ ઝીણી ઝીણી સરસવ જેવી ફોલ્લીઓ થાય છે. અને તેમાં ચેળ સખત આવે છે. અને ખજવાળ્યા પછી અગન બળે છે, તેમજ ફોલ્લીઓમાંથી પાણી ઝરે છે, જેથી સઘળી ફોલ્લીઓ એકત્ર થઇ જઇ પગના નળાના મોટા ભાગને ઘેરી લઇ તેમાંથી થોડુ થોડુ પરૂ નીકળે છે. પરંતુ જેમ જેમ વખત જાય છે તેમ તેમ દરદ અંદર ઉતરતું જાય છે, અને હાડગંભીરનું

રૂપ પકડે છે, કારણ નળા ઉપરની ચામડીમાં માંસનો ભાગ ઘણો ઓછો હોવાથી દરદ છેક સાતમી ચામડી સુધી પ્હોચી જાય છે, અને જો તેનો તાકીદે ઉપાય કરવામાં નહી આવે તો હાડકાંની અંદર દરદ ઉતરી જઇ હાડકાંને સડાવેછે. અને જ્યારે હાડકાંની અંદર સડો લાગુ પડયો એટલે હાડકાંને સડતાં વાર લાગતી નથી જેથી ઘણીવાર ડાકટરો હાડકાંનો સડો અટકાવવાને જ્યાં સુધી હાડકાંમાં સડો પ્હોચ્યો હોય ત્યાંસુધીનો પગ કાપી નાખીને દરદને અટકાવે છે. પરંતુ જો પ્રથમથી સારા ઉપાય કરવામાં આવે તો હાડકાંમાં સડો નહી પડતાં દરદ રૂજાઇને સારૂ થઇ જાય છે માટે નીચે લખેલા ઉપાય ચાલુ કરવા.

ઉપાય ૧ લો—તલનું તેલ તોલા દશ, રાળ તોલા ૨, પ્રથમ રાળને વાટીને તેલમાં નાંખી અગ્ની ઉપર ચડાવવું જ્યારે તેલમાંથી ધુમાડા નીકળે એટલે તેલને એક વાસણમાં ગાળી લેવું પછી તેમાં થોડુ થોડુ પાણી છાંટતા જવું અને તળેથા વતી હલાવતા જવું જેમ જેમ પાણી છાંટીને હલાવીશું તેમ તેમ મલમ ફુટીને માખણનુ રૂપ પકડશે પછી જ્યારે થંડુ પડે ત્યારે કાંશાની થાલીમાં નાંખીને ખુબ ફીણવું પછી તે મલમના લોચાને થંડા પાણીમાં રાખી મુકવો આ મલમ પગના નળા ઉપર ચોપડવાથી ફોલ્લીઓ રૂજાઇ જાય છે. તેમજ દરેક દરદમાં ભરવાથી તાકીદે રૂજ લાવે છે, પરંતું આ મલમને હંમેશા પાણીમાં રાખવો અને બીજે ત્રીજે પાણી બદલતા રહેવું.

ઉપાય ૨ જો—એખરાના કુમળાં પાત્રા લાવી તેને ભાંગની માફક બારીક લુગદી કરીને બાંધવાથી ગમે તેવું જુનું હાડ ગંભીર રૂજાઇ જાય છે.

ઉપાય ૩ જો—પીલુ મીણુ તોલા બે. ડુકકરની ચરબી તોલા દશ અને સીંદુર તોલા ત્રણ પ્રથમ મીણને પીગલાવીને તેમાં ચરબી

અને સીંદુર નાંખી એક રસ કરીને અગ્ની ઉપરથી ઉતારી લેવું જેથી ગુલાબી રંગનો મલમ બનશે આ મલમને મલમલના ઝીણા કપડાં ઉપર ચોપડીને દરદપર પટ્ટી મારવી જેથી હાડગંભીર રૂઝાઇ જશે.

ઉપાય ૪ થો—પુરૂષના હાડકાની રાખ તોલા બે, ફુલાવેલી ફટકડી તોલો ૧. કલઇ સફેતો તોલો ૧. કાથો તોલો ૧. પીલુ મીણ તોલા બે. તલનું તેલ તોલા પાંચ. પ્રથમ તેલ અને મીણને અગ્ની ઉપર મુગી એકત્ર કરવું પછી બીજી વસ્તુઓ બારીક વસ્ત્રગાળ કરીને નાંખવી અને હલાવીને એક રસ કરીને ઉતારી લેવું પછી તે થંડુ પડે ત્યારે છરી વડે ખુબ એક રસ કરી કાચના વાસણમાં મલમ ભરી લેવો આ મલમની પટ્ટી હાડગંભીર ઉપર મારવાથી રૂજ આવી જાય જાય છે. તેમજ બીજા દરદોમાં પણ એ મલમની પટ્ટી મારવાથી જલદીથી રૂજ આવે છે.

પગની પીંડી ઉપર થતુ દરદ (ગોટલી સાથેનો જખમ.)

આ દરદ પગની પીંડીમાં ગોટલાની પાસે થાય છે, પ્રથમ દુખાવો થઇ સોજો આવે છે. દરદવાળી જગ્યા લાલ થઇ જાય છે પગ મંડાતો નથી એ દરદ જો વેરાઇ જાય તો સારૂ નહી તો ઘણું દુઃખ દે છે કારણ એ દરદમાં કેરીની ગોટલી જેવી ગાંઠો થાય છે, અને તે જો પાકે છે તો ઘણી મુશીબતે અને ઘણે વખતે સારી થાય છે. માટે પ્રથમ સોજો દેખાય એટલે તુરત નીચેનો લેપ મારવો જેથી દરદ વેરાઇ જશે અને સોજો ઉતરી જશે.

ઉપાય ૧ લો-સાટોડીનુ મુળ, આંબાહળદ, રેવંચીની ખટાઇ, શાજી, ગેરૂ, શેરીલોબાન, એ બધી વસ્તુને સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી લીલા ભાંગરાનો રસ કાઢી તેમાં નાખી અગની ઉપર

ગરમ કરી ચોપડવું. જેથી સોજો ઉતરી જશે. છતાં જો અંદર ગોટલી દેખાય તો તેના ઉપર લીમડાના પાત્રા અને મીઠું ગરમ કરીને બાંધવા જેથી ગોટલી વેરાઇ જશે. અથવા પાકી જશે. જો પાકી જાય તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો—બેરજી તોલા બે, ગંદાબેરજો તોલા પાંચ, પીલુ-મીણ તોલા બે, સીંદુર તોલા બે. પ્રથમ મીણને પીગળાવી તેમાં બેરજી નાંખીને હલાવવું જ્યારે મીણ અને બેરજી મળી જાય એટલે અગ્ની ઉપરથી ઉતારી ગંદાબેરજો અને સીંદુર મેળવીને કાચના વાસણમાં ભરી લેવું. આ મલમની પટી મારવાથી પાકેલી પીંડી રૂઝાઇ જશે. તેમજ ગાંઠ પણ પાકીને નીકળી જશે. જો એક ગાંઠ પાકીને નીકળી જાય પણ વખતે બીજી ગાંઠ દેખાય તો આ મલમ ચાલુ રાખવો અથવા વચમાં ઘઉંના લોટની પોટીસ માર્યા કરવી, જેથી તમામ વિકાર નીકળી જશે.

પગની ઘુટીનું દરદ.

કેટલીક વખત પગની ઘુંટીના હાડકાની નીચે અથવા ઉપર એકા-એક સોજો આવી જાય છે. પણ તેનો સાધારણ ઉપાય કરવાથી મટી જાય છે. પરંતુ કેટલીકવાર એ સોજો એવો કઠણ હોય છે કે ઘણું દરદ કરે છે. તેમજ અંદર અગન બળી ગટકા લાબે છે. અને વખતે એની મેળે પાકી જાય છે. જો પાકી જાય અને દરદની આજુબાજુ સોજો લાલ અને કઠણ દેખાય તો પ્રથમ નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૧ લો—ધંતુરાનું મુળ, કુંવારનું મુળ, કરંજના પાંત્રા, લીમડાના પાંત્રા એ પાંચ વસ્તુને ખુબ બારીક વાટી તેમાં થોડુ મીઠું નાંખી ગરમ કરીને દરદ ઉપર બાંધવું જેથી દરદ પાકીને ફુટી જશે.

પછી તેના ઉપર આગળ કહેલા કાળા મલમની પટી મારવી અને જો અંદરથી પરૂ અથવા રસી વધારે નીકળે તો આગલ કહેલી બુકની દરદ ઉપર ભભરાવીને પટ્ટી મારવી—અથવા આગળ કહેલો પાણીમાં રાખી મુકવાનો મલમ પ્રથમ દરદમાં ભરી તેના ઉપર પટ્ટી મારવી જેથી દરદને ઉપરતેરવી લાત્રી રૂજ આવી જશે. દરદ મટી ગયા પછી થોડા દીવસ તલના તેલનું પુમડું મુકી પાટો બાંધી રાખવો જેથી ચામડીની કોમળતા મટી અશલ પ્રમાણે ચામડી થઇ જશે.

પગનાં તળીઆમાં થતું દરદ (સાતપડો.)

આ દરદ પગના તળીઆમાં થાય છે. પ્રથમ કોઇપણ કારણથી પગની એડીમાં અને તેની આજુબાજુ દુખાવો થાય છે, પરંતુ તેને નહી ગણકારતાં માણસ હર્યા ફર્યા કરે છે. અને સાધારણ ઉપાય પણ કરે છે, પરંતુ સારૂ થવાને બદલે દરદનુ જોર વધી જાય છે. દુખાવો સખત થાય છે. અને અંદર તણખા મારે છે. એટલુજ નહી પણ અંદર અંગારો ચાંપ્યો હોય તેવી વેદના થાય છે. કારણ આખાં શરીરમાં પગના તળીઆની ચામડી જાડી અને મજબુત હોય છે, જેથી તે પાક ઉપર ચડે છે, ત્યારે પાકતાં ઘણીજ વાર લાગે છે; એટલુંજ નહી પણ અંદરથી પાકયા છતાં ઉપરની ચામડી જાડી હોવાથી દરદ ફુટતું નથી, જેથી એવી ખાત્રી થાય કે દરદ અંદરથી પાકી ગયું છે તો ઉપરની ચામડીમાં નસતરથી ચીરો મુકીને દરદની અંદરથી પરૂ કાઢી નાંખવું પરંતુ દરદની શરૂઆતમાં નીચે લખેલો ઉપાય પ્રથમ કરવો કારણ જો એ ઉપાયથી દુખાવો, અને વેદના મટી જાય તો દરદ પાકતું નથી અને માણસને બેત્રણ મહીના દુઃખી થવું પડતું નથી.

ઉપાય ૧ લો—લીલી હળદ, કુંવારનોગર, સાજીખાર, ગોળ, લીમડાના પાંત્રા, દીવેલાના પાંત્રા, એ વસ્તુઓ સરખે વજને લઇ બધાને

ઝીણું કરી અગ્ની ઉપર મુકીને ગરમ કરવું. અને પગના તળીઆમાં જાડો લેપ કરી પાટો બાંધવો, અને મીઠાને વાટીને એક પોટલી કરવી તે પોટલીથી પાટો બાંધ્યા પછી કલાક બે કલાક સેક કરવો પાટો દીવસે બાંધવો તે રાતે છોડવો અને રાતે બાંધવો તે સવારે છોડી નાંખવો. જેથી દરદ બેસી જશે અને દુખાવો મટી જશે.

જો ઉપરના ઉપાયથી દરદ ઉપર કશી અસર થાય નહી અને દુખાવો વધતો જાય તો પછી લીમડાનો પાલો અને મીઠુ વાટીને દરરોજ પોટીસ બાંધવું જેથી થોડા વખતમાં પાકી જશે. પાકી જાય એટલે ઉપર લખ્યા પ્રમાણે નસતર મુકીને ફોડી નાંખવું પછી નીચે લખેલો મલમ બનાવીને તેની પટ્ટી મારવી જેથી દરદ જલદીથી રૂજાઇ જશે.

ઉપાય ૨ જો—તલનું તેલ તોલા વીસ. મીણ તોલા દશ કલ્લઇ સફેતો તોલા બે સીંદુર તોલા બે હીરા દખણ તોલો એક રાળ તોલો એક, પ્રથમ તેલને ગરમ કરી તેમાં મીણ ઓગાળી બીજી વસ્તુઓ વાટીને કપડછાણ કરીને અંદર નાંખી મલમ બનાવવાની રીત પ્રમાણે એક બે ઉભરા આવે અને મલમની ચાશણી બંધાય એટલે અગ્ની ઉપરથી ઉતારી એક માટીની કુંડીમાં મલમ ભરી લેવો પછી તેની પટ્ટી કરીને મારવાથી દરદને રૂજ લાવી અંદરના વિકારને ખેંચી કાઢશે જો રૂજ આવતા વાર લાગે તો આગળ કહેલી બુકની ભભરાવીને પટ્ટી મારવી અથવા આગળ કહેલો પાણીમાં રાખવાનો મલમ દરદના અંદરના ભાગમાં ભરી ઉપર પટ્ટી મારવી જેથી તાકીદે રૂજ આવી જશે.

આ સાત પડાનું દરદ એવું ભયંકર અને દુઃખદાઇ છે કે જેને તે થાય છે તે ઘણીજ હેરાનગતી ભોગવે છે. અને તેનો ઉપાય કરનાર વૈદની પણ હોશીઆરી અને બુદ્ધીનો પુરેપુરો ઉપયોગ કરે તોજ દરદ

જલદીથી મટે છે નહીં તો ઘણા વખત સુધી દરદીને હેરાનગતી ભોગવવી પડે છે. કારણ જ્યારે પગની જાડામાં જાડી ચામડીના સાત પડ પાકે ત્યારેજ આ દરદ ફુટે છે. માટે આ દરદનો ઉપાય ખાસ ધ્યાન રાખીને કરવો જેથી દરદી હેરાન થાય નહી.

ગળાની ઘુટીમાં થતુ દરદ. (નાસુર)

આ દરદ ઘણું કરીને ટાંકી, પરમીઓ, બદ. વિગેરે ગરમીના દરદો થઇ ગયેલા માણુશને થાય છે પ્રથમ એ દરદમાં ગળાની ઘુંટીની નીચે સોજો આવે છે. અને તેમાં સખત દુખાવો થાય છે. એટલુંજ નહીં પણ વખતે સોજો વધીને ગળાના અંદરના ભાગમાં પણ ફેલાય છે. જેથી દરદીને ખોરાક લેતાં ગળામાં દુખારો થાય છે. અને કઠણ ખોરાક ખવાતો નથી જેથી દુધ વીગેરે પાતળા પદાર્થો ખોરાકમાં લેવા પડે છે. એ દરદને વેરાવાના ઉપાય કરવાથી ભાગ્યેજ વેરાય છે. કારણ ગળાંની ચામડી ઘણીજ પાતળી હોવાથી દરદ પાક ઉપર ચડીને ફુટી જાય છે. અને અંદરથી પરૂ અને પાણી પુસ્કળ ઝરે છે. અને ઘણી વખત આ દરદમાં દરદીને ગળામાં નાસુર પડી જાય છે. અને નાસુર પડયા પછી આ દરદને મટતા ઘણી વાર લાગે છે. કારણ કેટલીક વખતે નાસુરનું કાણું એવડુ મોટું થઇ જાય છે. કે દરદી ખોરાક ખાય તે ગળાના નાસુરમાંથી બાહાર નીકળી પડે છે. આવી સ્થીતી થવાથી ઘણા માણુશો ગભરાઇને જીવવાની આશા છોડી બેસે છે. પરંતુ એવી રીતે નાસુર પડેલાં દરદો પણ સારાં થાય છે, માટે કોઇ વાતે ફીકર નહી રાખતાં નીચેના ઉપાચ કરવા જેથી નાસુર પુરાઈ જશે અને દરદ રૂઝાઇ જશે.

ઉપાય ૧ લો—વાંદરાના માથાની ખોપરી લાવી તેના ઉપર સુવર (ડુક્કર)ની વીષ્ટાનો જાડો લેપ કરીને સુકવવી પછી તેને અડાયાં

છાણાંની આંચમાં પકાવવી પછી તે ખોપરાંને વાટીને વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી લેવું—ત્યાર પછી ગાયના માખણને ગુલાબજળના પાણીથી એકવીસ વાર ધોવું અને જેટલું માખણ હોય તેની અડધા ભાગે ઉપરની ખોપરીની ભસ્મ મેળવી મલમ તૈયાર કરવો. આ મલમ પ્રથમ નાસુરમાં ભરી પછી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી નાસુરનું કાણું પુરાઇને ગળામાં રૂજ આવી જશે.

ઉપાય ૨ જો—સુવરની ચરબી તોલા પાંચ, ઘેટાની ચરબી તોલા પાંચ એ બન્નેને અગ્ની ઉપર તપાવી એકરસ કરી કપડેથી ગાળી લેવી, પછી જ્યારે થંડી પડે ત્યારે તેમાં કલકસફેનો તો. ૧, સીંદુર તોલો ૧, હીરાદખણ તોલો ૦॥, અને ફુલાવેલુ મોરથુથુ તોલો ૦।, મેળવીને એકરસ કરવું અને એ મલમ પ્રથમ ગળાના નાસુરમાં ભરી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી કાણું પુરાઇને ગળામાં રૂજ આવી જશે.

ઉપાય ૩ જો—એક મરેલો ધુસ (કોળ) લાવી તેને સારી રીતે પાણીમાં ધોઇ શુદ્ધ કરે, અને એક છછુદરને મારી ધોઇને સાફ કરી પછી સરશીયું તેલ શેર એક લાવી તેને કડાઇમાં ચુલે ચડાવી તે તેલમાં છછુંદર તથા કોળ બન્નેને નાંખી તેલને સારી પેઠે બેચાર ઉભરા આવે એવું પકવી પછી ઠંડુ પડે ત્યારે ગાળીને બાટલીમાં ભરી રાખવું પછી એ તેલમાં રૂ અથવા સુતર પલાળી ગળાના ખાડામાં મુકી ઉપર કાળા મલમની પટ્ટી મારવી જેથી તમામ જાતના નાસુરો રૂજાઇ જાય છે.

આ ઉપાયમાં કોળ અને છછુંદરને મારવા માટે આપણા હીન્દુ ભાઇઓને કંટાળો આવે એમ છે માટે એ કામ કોઇ હલકા માણસ પાસે કરાવવું કે જેને એ બાબતમાં કશા પ્રકારની શંકા હોય નહી.

આ દરદ ઉપરના ઉપાયો કરવા છતાં પણ મટે નહી. અને ગળાનો ખાડો વધતો જાય, અને અંદરથી વાસ મારવા માંડે તો પછી એનો ઉપાય પરમેશ્વરના હાથમાં છે. કારણ તે માણસ મૃત્યુને શરણ થાય છે.

ભગંદર.

આ દરદ ગુદાની બાજુમાં એટલે મળ ત્યાગ કરવાની જે વળીઓ છે તેની બાજુમાં થાય છે એ દરદ થવાના કારણોમાં પ્રથમ હરષને કપાવવાથી અથવા તે પાકવાથી તેમજ અત્યંત ગરમીથી પ્રથમ ગુદાની પાસે એક સોપારી જેવડી ગાંઠ થાય છે, અને તેમાં દુખાવો તથા પીડા પુષ્કળ થાય છે. ગાંઠ જેવી રીતે બાહાર દેખાય છે તેજ પ્રમાણે તેનુ મુળ અંદરના ભાગમાં એટલે મળ ત્યાગ કરવાની વળીની એક બાજુમાં લાગેલું હોય છે. આ દરદ એવું ભયંકર અને કષ્ટ સાધ્ય છે કે ઘણા ઉપાયો કરવા છતાં ભાગ્યેજ કોઇ માણસને સારૂ થાય છે નહી તો એ દરદની પીડા માણસ પોતાની આખી જીંદગી સુધી ભોગવ્યા કરે છે, પરંતુ એમાં એટલું તો ચોકસ છે, કે એ રોગ અતીશય દુઃખદાઇ છે, આખી જીંદગી સુધી મટતો નથી. અર્થાત્ ખાસ એ રોગ થવાથી મૃત્યુ થતું નથી એ રોગની શરૂઆતમાં જો નીચે પ્રમાણે ઉપાય કરવામાં આવે તો ભગંદરની ગાંઠ બેસી જાય છે પરંતુ તે પાકી ગયા પછી વેરાવી કઠણ છે, ગાંઠ પાકે છે, અને તેમાં એક ઝીણો ન્હે પડે છે તેમાંથી પાણી અને પરૂ જેવો ચીકણો પદાર્થ વયા કરે છે. જેથી લુગડાં બગડે છે. અને ચપટ પલાંઠીવાળીને બેસી શકાતું નથી કારણ દરદમાં દુખાવો થાય છે. પણ તે અંદરની બજુથી વધારે ફેલાયલું હોય છે, કેટલીક વખત ભગંદરની ગાંઠને પકવાને કાઢી નાંખવાના ઉપાયવાળી દવાઓ વાપરવામાં આવે છે. પરંતુ તેમાંથી

વખતે દરદનો છેદ મોટો થઇ જઇને તેમાંથી ઝાડો બહાર નીકળે છે. એવી સ્થિતિએ દરદ પોંચ્યા પછી તે ભાગ્યેજ મટે છે, પરંતુ મનુષ્યે હંમેશાં પ્રયત્ન કરવો એવી શાસ્ત્રની આજ્ઞા છે માટે નીચેના ઉપાયોમાંથી અનુકુળ ઉપાયો કરવા જેથી ઇશ્વરની ઇચ્છા હશે તો દરદ મટી જશે અથવા પીડા ઓછી થશે.

ઉપાય ૧ લો—વરીયાલી તોલો ૦॥. ગેરૂ તો. ૦॥, મુરદારશીંગ તોલો ૦॥, મોરથુથુ ફુલાવેલુ તો. ૦।, કાળા તલનું તેલ તોલા ૫, મીણુ તોલો ૧, પ્રથમ તેલને ગરમ કરી તેમાં મીણુ ઓગાળી ઉપર લખેલી વસ્તુ કપડછાણુ કરીને નાખી મલમ તૈયાર કરવો એ મલમ લગાડવાથી ભગંદરમાં ફાયદો થાય છે.

ઉપાય ૨ જો—કમળના સુકા પાત્રાં બુલરના સુકા પાત્રાં અને લીમડાના સુકા પાત્રાં એ ત્રણેને બાળીને રાખ કરવી પછી તે રાખને મોગરાના તેલમાં મેળવીને દરદ ઉપર લગાડવાથી દરદ માંહીથી રસી આવતી બંધ થાય છે.

ઉપાય ૩ જો—ચણાની રાખોડી તોલો ૦॥, કપુર તોલો ૦।, કાંદાને બાળીને કરેલી રાખ તોલો ૧, માથાના વાળની રાખ તોલો ૧ એ બધાને ખલમાં નાંખી બારીક ઘુંટવું પછી કાળા તલના તેલમાં મેળવીને લગાડવું જેથી દરદ રૂઝાઇ જાય છે.

ઉપાય ૪ થો—કરંજના પાત્રાં નવટાંક, લીમડાના પાત્રા નવટાંક . કરેણના પાત્રા નવટાંક, બકામ લીમડાના પાત્રા નવટાંક, ઉપરના દરેક પાત્રાં જુદા વાટી તેની ટીકડીઓ બનાવી પછી તલનું તેલ શેર ૦॥ લઇ તેને અગ્નિ ઉપર ચડાવી દરેક પાત્રાંની બનાવેલી

ટીકડીઓ તેલમાં બાળવી. પછી બધી જાતની ટીકડીઓ બળી રહે એટલે તેલને કપડેથી ગાળી ભગંદરના વૃણમાં ચોપડવાથી વૃણ રૂઝાય છે.

ઉપાય ૫ મો—નીર ગુંડીનો ચીક તોલો ૧ કપાસના પાત્રાંનો રસ તોલો ૧ દારૂ હળદ તોલો ૧ બધી વસ્તુ ભેગી કરી તેમાં રૂ ભીંજવી વૃણ ઉપર મુંકવાથી વૃણ રૂઝાય છે.

ઉપાય ૬ ઠો—ત્રીફળાના રસમાં બીલાડીના પગનું હાડકું ધસીને ચોપડવાથી ભગંદરનું વૃણ રૂઝાય છે ઉપર પ્રમાણેના ઉપાયો કરવા પરંતું જે વૃણમાંથી ઝાડો પીશાબ અને વીર્ય નીકળતાં હોય તે અશાધ્ય ગણેલું છે કારણ તેવો રોગી સારો થતો નથી

વાળો.

આ રોગ વાવ, તળાવ અને કુવા વીગેરેના બંધ પાણીમાં મેલા અને ગંદા લુગડાં ધોવાથી તેમજ છાણ મુત્ર વીગેરે ગદા પદાર્થો પાણીમાં પડવાથી તેમાં એક જાતના વાળાના જંતુઓ પેદા થાય છે. તેવું પાણી પીવામાં આવવાથી જંતુઓ શરીરમાં પ્રશરે છે અને તે વાળાના નામથી પ્રસીદ્ધ છે. વાળો નીકળવાની જગ્યાએ પ્રથમ સોજો આવે છે. જગ્યા લાલ થાય છે અને દુખાવો પુરકળ થાય છે, પછી લાલ જગ્યામાં પીળુ મોં થાય છે અને તે ફુટે છે એટલે વાળો બહાર નીકળે છે. વાળાનું મો દેખાય એટલે તેને દોરીથી મજબુત બાંધી વીટાળી મુકવાથી વાળો ધીરે ધીરે બાહાર નીકળે છે. પરંતુ એટલી સાવચેતી રાખવી કે વાળો ટુટી જાય નહી જો ટુટી જાય છે તો ઘણી પીડા કરે છે માટે જો હોંશીયાર વૈદ હોય અને વાળો નીકળવાની જગ્યા ચીરીને વાળાને ખેચી કાડે તો તુરત નીકળી જાય છે તેમજ નીચેના ઉપાય કરવાથી પણ વાળો નીકળી જાય છે.

ઉપાય ૧ લો—અડદનો લોટ તો. ૧ સારી ઉંચી હીંગ તો. ૧ બન્નેને કાંદાના રસમાં ઘુંટી લેપડી કરીને બાંધવાથી વાળો નીકળી આવે છે. તેમજ એખલી હીંગને ધંતુરાના રસમાં વાટી લેપડી કરીને બાંધવાથી વાળો નીકળી આવે છે.

ઉપાય ૨ જો—લશણુ-હીંગ કાંદા, ધંતુરાના મુળ એ ચાર વસ્તુને વાટી બારીક કરી વાળાની જગ્યાએ ચોપડવાથી વાળો મટે છે.

ઉપાય ૩ જો—બહુફળીના બી, કપાસના મુળ-સીંધવા ખાર એ ત્રણ વસ્તુને ગાયના મુત્રમા વાટી લેપ કરવાથી વાળો મટે છે.

ઉપાય ૩ જો—કપુર-હીંગ વછનાગ, ખાખરાના મુળ એ ચાર વસ્તુને કાંજીમાં વાટીને લેપ કરવાથી વાળાનું દરદ મટે ઉપર પ્રમાણે વાળાના સેંકડો ઉપાયો છે. પરંતુ વાળો દરદવાળી જગ્યામાંથી નીકળી જાય પછી તે જગ્યાને રૂજવવાને આગળ કહેલા કાલામલમની પટી મારવી અથવા આગળ કહેલી બુકની ભભરાવીને પટ્ટી મારવી જેથી રૂજ આવી જશે.

ઢગરાં ઉપર થતું દરદ (ઢગરાંપાકુ)

આ દરદ ડાબા અથવા જમણા ગમે તે પાસેના ઢગરા ઉપર થાય છે. પ્રથમ સોજો આવી જગ્યા લાલ થઈ જાય છે. પછી તેની વચમાં એક પીળા રંગની ફોલ્લી થાય છે, આ દરદ ઢગરાંના ઓહોળાં માંસમાં થતુ હોવાથી દરદીને પુષ્કળ દુખાવો થાય છે. તેમજ દરદ પાકતી વખતે અંદર ગટકા લાખે છે. એનો ઉપાય નીચે મુજબ કરવો જેથી દરદ પાકીને ફુટી જશે.

ઉપાય ૧ લો—લીમડાના પાત્રા, ધવનું શુલુ-અને મીઠું એ ત્રણેને પાણીમાં ખદખદાવી પોટીસ મારવું એટલે દરદ પાકી જશે જો નહી પાકે તો નીચે મુજબનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો-અળશીનો લોટ, કપડવંજી શાખુ, ફુદડીના પાત્રા, આવળનો કોલશો અને ધંતુરાનુ મુળ એ સઘળી વસ્તુને વાટીને કાંદાના રસમાં પકવવું અને દરદવાળી જગ્યાએ જાડો જાડો લેપ કરવો જેથી દરદ જલદીથી પાકીને ફુટી જશે. પછી નીચે પ્રમાણેનો મલમ બનાવી તેની પટ્ટી મારવી એટલે દરદ જલદીથી રૂઝાઇ જશે.

ઉપાય ૩ જો—તલનું તેલ તોલા વીસ, મીણ તોલા પાંચ, અને સીંદુર તોલા પાંચ એ ત્રણ વસ્તુને અગ્ની ઉપર ચડાવી મલમ બનાવવાની રીત પ્રમાણે મલમ તૈયાર કરવો, અને તે મલમને માટીના વાસણમાં ભરી લેવો જરૂર પડે એની પટ્ટી કપડાં ઉપર ચોપડીને મારવી એથી તમામ જાતના દરદો રૂઝાય છે, એટલુંજ નહીં પણ આ મલમ પણ કાળા મલમની માફક કાળો થાય છે, અને દરેક દરદમાં પટ્ટી મારવામાં વાપરી શકાય છે. આ મલમની પટ્ટી મારવા છતાં જો ઢગરાનું દરદ રૂઝાય નહીં તો નીચે લખેલી બુકની બનાવીને દરદ ઉપર ભભરાવવી અને પછી પટ્ટી મારવી જેથી દરદ જલદીથી રૂઝાઇ જશે.

ઉપાય ૪ થો—બાળેલા સોપારીની રાખ, બાળેલા આમળાની રાખ, માણસના હાડકાંની રાખ, હીરાદખણ, સીંદુર, ફુલાવેલી ફટકી, કાથો, એ બધી વસ્તુ સરખે વજને લઇ ખાંડી વસ્ત્રગાળ કરી બારીક ઘુંટી દરેક જાતના દરદો ઉપર ભભરાવવાથી રૂજ લાવે છે તેજ પ્રમાણે આ બુકની ઢગરાના દરદ પર ભભરાવીને ઉપર લખેલા મલમની પટ્ટી મારવી આ ઢગરાનું દરદ સાધારણ હોવાથી ઘણું જલદી સારૂ થઇ જાય છે. એટલુંજ નહી પણ એ દરદમાં કોઇ જાતની અડચણ કે નાસુર પડતું નથી પરંતું જો દરદની અવગણના કરવામાં આવે અથવા બરાબર ઉપાય કરવામાં નહીં આવે તો દરદ ઘણાં દીવસ પ્હોચે છે. અને વખતે મણાઇ જાય છે. તો રૂઝાતાં ઘણીવાર લાગે છે.

નાભીનું દરદ. (નાભીપાક)

આ દરદ પુરૂષોને અને સ્ત્રીઓને બન્નેને થાય છે એ દરદ થતા પ્હેલા નાભીમાં પુસ્કળ ચેળ આવે છે. પછી નાભી ઉપર સોજો આવે છે. અને અંદર દુખાવો પુષ્કળ થાય છે. નાભી એ ખાસ શરીરના મધ્ય ભાગનું મર્મ સ્થાન છે. છતાં એનાથી કોઇ રીતે જીવને જોખમ થતું નથી. છતાં ઉપાય જલદીથી કરવા એ મનુષ્ય માત્રની ફરજ છે નાભીમાં સોજો આવે તેનો ઉપાય નીચે પ્રમાણે કરવો.

ઉપાય ૧લો—સાટોડીનું મૂળ, આમળા હીરજી હરડે આંબા હળદ રેવંચીનો સીરો એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્ર ગાળ કરી લીલી હળધના રસમાં પકાવી નાભી ઉપર લેપ કરવો જેથી નાભી ઉપરનો સોજો ઉતરી જસે અથવા નાભીમાંથી પરૂ અને પાણી ઝરવા માંડસે જેથી એ ખાત્રી થસે કે દરદ પાકી ગયું છે. માટે અંદરનું પરૂ ખેંચી કાઢવાને તેના ઉપર લીમડાના પાંત્રા અને મીઠુ ગરમ કરીને બાધવું જેથી અંદરનો મવાદ બાહાર ખેંચાઇ આવસે અને દરદનું જોર વધારે હશે તો નાભીની બાજુમાંથી પણ પરૂ નીકળસે પરંતુ તેથી કંઇ ગભરાવાનુ કારણુ નથી તેને નીચે પ્રમાણે મલમ કરીને તેની પટી મારવી.

ઉપાય ૨ જો—કાલા તલનું તેલ તોલા દશ સફેદ મીણ તોલો ૧ મુરદાર સીંગ તોલો ૧ કાથો તોલો ૧ કપુર ચીનાઇ તોલો ૦॥ મોરથુથુ ફુલાવેલું વાલ એ પ્રથમ તેલ ગરમ કરી તેમાં દીવેલાના પાંત્રાનો રસ તોલા બે નાંખી તે રસ બળી જાય ત્યાં સુધી પકવી પછી બીજી વસ્તુઓ વાટીને બારીક કરીને તેલમાં નાખી ચાસણી કરી મલમ તૈયાર કરવો આ મલમ નાભી ઉપર ચોપડવો અથવા પટ્ટી કરીને મારવી જેથી નાભીનો પાક સારો થઇ રૂજ આવી જાય છે.

હાથની આંગળી ઉપર થતી ઝામરી.

આ દરદ જમણા અથવા ડાબા ગમે તે હાથની ઘણું કરીને તર્જની અથવા મધ્યમાં આંગળી ઉપર નીકળે છે. પ્રથમ આંગળીમાં અગન બળવા માંડે છે. અને ત્યાર બાદ દાઝેલા જેવો એક ફોલ્લો નખની પાસે નીકળે છે અને તેમાં એટલી બધી અગન બળે છે કે દરદી હેરાન થઇ જાય છે. છતાં દરદ સાધારણ ગણાય છે અને નીચેના ઉપાયો કરવાથી મટી જાય છે.

ઉપાય ૧ લો—હાથીદાંતનો ઝીણો વ્હેર પાણીમાં પલાળી આંગળી ઉપર બાંધવાથી અગન મટી જઇ દરદ બેસી જાય છે એજ પ્રમાણે ગાયનું કે પાડીનું છાણ બાંધવાથી પણ આંગળીનું દરદ ડુગાઇ જાય છે, જો આ ઉપાયોથી દરદ મટે નહીં તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો—આંગળી ઉપર જે દાઝેલા જેવો ફોલ્લો હોય તે જો પીળો પડી ગયો હોય તો કાતરથી થોડો ચામડીનો ભાગ કાપી નાંખવો એટલે અંદરથી પીળું પાણી નીકળી જશે પછી તેના ઉપર ગાયનું માખણ અને સીંદુર કાલવીને ચોપડવાં જેથી રૂજ વળી સુકાઇ જશે, જો એ ચોપડતાં નહીં ફાવે તો કાળા મલમની પટ્ટી મારવાથી બેત્રણ દીવસમાં આંગળી ઉપર નવી ચામડી આવી દરદ રૂઝાઇને સુકાઇ જશે, દરદ મટી ગયા પછી આંગળી ઉપર તલનું તેલ દીવસમાં બેત્રણ વાર ચોપડયા કરવું.

ગરદન ઉપર થતુ દરદ.

આ દરદ બે ખભાની વચમાં ડોકીની સંધી આગળ થાય છે પ્રથમ તે જગ્યા ઉપર થોડો થોડો દુખાવો થાય છે પછી એકદમ સખત સોજો આવી જગ્યા લાલ થઇ જાય છે. અને દુખાવો સખત

થવાથી દરદી હેરાન થાય છે આ દરદ ઘણું ભયંકર હોવાથી તે પાકે નહી. અને મટી જાય તો સારૂં માટે પ્રથમ સોજો આવે એટલે તેના ઉપર જળો મુકાવી બગડેલું લોહી કાઢી નંખાવવું. જો જળો એક દીવસ મુકાવવાથી નઠારૂ અને બગડેલુ લોહી નીકળે તો બીજી વખત પણ મુકાવવી જેથી ઘણે ભાગે દરદ બેસી જસે જળો મુકાવ્યા પછી નીચેનો લેપ દરદ ઉપર ચોપડવો.

ઉપાય ૧ લો—લોધર આંબાહળદ રેવંચીનો શીરો શેરી લોબાન ગુગળ અને રશવંતીએ સઘલી વસ્તુને બળદના મુત્રમાં પકવી દરદ વાળા ભાગ ઉપર લેપ કરવો જેથી દરદ વેરાઇ જસે પરંતુ આ ઉપાય જળો મુકાવ્યા પછી કરવો.

જો આ દરદ પાકે છે તો અંદરનું માંસ સડીને કાળુ પડી જાય છે અને ઘણા ઉપાયો કરવા છતાં સડીને નીકળી જતું નથી પણ ઘા ઉંડો થતો જાય છે અને અંદરથી પરૂં વાસ મારે છે. તે એટલે સુધી કે બીજા માણસથી ત્યાં ટકાતું નથી અને આવી સ્થીતીમાં વખતે દરદમાં જીવડા પડી આવે છે અને દરદી ઘણોજ હેરાન થાય છે.

આ દરદ પાકયા પછી તેનો માત્ર એકજ ઉપાય છે કે કાષ્ટીક (કારીખાર) કે જે વીલાયતી લાકડીઓ આવે છે. તે લગાડીને દરદને બાળી મુકવામાં આવે અને કાળુ પડી ગયેલું માંસ બાળવાથી સડીને નીકળી જાય તોજ એ દરદ મટવાની આશા બંધાય છે પરંતુ એવુ ભાગ્યેજ બને છે. કારણ એ દરદ થોડા દીવસમાં દરદીના પેટમાં કતરી જાય છે જેથી દરદી થોડા દીવસમાં મૃત્યુ પામે છે. એવુ એ દરદ ભયંકર છે કે સોમાંથી કોઇ આયુશવાળા એકાદ માણસને સારૂ થાય છે, પરંતુ આપણે પુરૂષ પ્રયત્ન કરવો એ જરૂરનું છે માટે તેના ઉપાયો કરતા રહેવું પછી પરીણામ તો પરમેશ્વરના હાથમાં છે.

ખભા ઉપર થતું દરદ.

ડાબા અથવા જમણા હાથના ખભા ઉપર એક દરદ થાય છે તે દરદમાં પ્રથમ ખભા ઉપર થોડો દુખાવો થાય છે, અને પછી એકદમ સોજો આવી દરદનો વચલો ભાગ લાલ થઇ જાય છે. પરંતુ કોઇ જાતનો લેપ કે વેરાવાની પટ્ટી મારવાથી દરદ મટી જાય છે પરંતુ જો વેરાયુ નહી અને દરદે જોર પકડયુ તો દરદી ઘણાં દીવસ દુ:ખ ભોગવશે કારણ જો દરદ એકદમ પાકીને ફુટી ગયું અને અંદરથી પરૂ નીકળી ગયું અને ચામડી નોખી પડી ગઇ તો ચામડીને કાતરથી કાપી નાંખી દરદ ઉપર કાળા મલમની પટ્ટી મારવાથી રૂજાઇ જસે પરંતુ જો દરદ પાકયું હોય અને પરૂ નીકળવાનો છેદ ઝીણો હોય તો તે દરદની આકૃતી વડના છોડાં જેવી થઇ જસે અને અંદરથી થોડુ થોડુ પરૂં ઝરય્યા કરશે તેને માટે નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો—ઘઉનો લોટ અળસીનો લોટ અને સુકી હળદ એ ત્રણેને ભેગાં કરી તેનું પોટીસ બનાવીને દરદ ઉપર સવાર સાંજ મુકવું જેથી દરદમાંથી પરૂ ખેંચાઇ આવસે અને છેદ મોટો થસે પછી નીચે પ્રમાણેનો મલમ બનાવીને ચોપડવો.

ઉપાય ૨ જો—તલનું તેલ તોલા દશ સફેત મીણતોલા બે પ્રથમ એ બન્નેને અગ્ની ઉપર મુકી એક રસ કરવાં પછી તેમાં કેશર ઇંદ્રજવ, કલઇસફેતો, સીંદુર, હીંગળોક, રસકપુર, રેવંચીનીખટાઇ, અને વાંસકપુર એ બધુ પા પા તોલો લઇ બારીક કરી ઉપરના તેલમાં નાંખી ખુબ ઘુટવું અને એક રસ કરી દરદ ઉપર લગાડવું જેથી દરદ મટી જસે.

હોઠમાં થાતું ઝેરી દરદ.

આ દરદ ઘણુ કરીને પીત્ત પ્રકૃતીવાળા માણસને થાય છે અને તે નીચેના હોઠમાં થાય છે. આ દરદમાં પ્રથમ નીચેના હોઠમાં સોજો

આવે છે. અને તેની વચમાં પીળા રંગનો એક ફોલ્લો થાય છે. અને ફોલ્લાની આજુબાજુ બીજી ઝીણીઝીણી પીળા રંગની ફોલ્લીઓ પણ હોય છે, અને તેમાં વેદના પુષ્કળ થાય છે, આ દરદ ઉપરથી તો સાધારણ અને તુરત મટી જાય એવું લાગે છે. પરંતુ જો વધારે જોર ઉપર ચડયું હોય તો પ્રથમ જે 'તાળવા'ની ફોલ્લીનું વર્ણન કરેલું છે તેવી જાતનું એ દરદ છે, કારણ એનો સોજો હોઠથી તે છેક તાળવા સુધી આવી જાય છે એટલુંજ નહી પણ જો સોજો વધી જાય તો એ દરદ પેટમાં ઉતરી પડે છે અને માણસની જીંદગી ખરાબ કરી નાખે છે માટે જ્યારે હોઠ ઉપર એ દરદ દેખાય એટલે પ્રથમ નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૧ લો–આમલીના પાંત્રા, લીમડાના પાંત્રા, દાડમના પાંત્રા, ચંબેલીના પાંત્રા એ ચાર જાતના પાંત્રા લાવી તેને ઉકાળીને તેનો બાફ આપવો અને જો હોઠનો સોજો વધીને છાતી ઉપર આવ્યો હોય તો ઉપલાજ પાંત્રા બારીને છાતી ઉપર બાંધવા જેથી સોજો ઉતરી જશે તેમજ હોઠ ઉપરનો સોજો ઉતરી જાય, અને ફોલ્લો ફુટીને અંદરથી પરૂ કે પાણી નીકળી જાય પછી તેના ઉપર આગળ કહેલો પાણીમાં રાખવાનો મલમ ચોપડવો અથવા કાળા મલમની પટ્ટી મારવી. જો તેનાથી રૂજ આવતાં વાર લાગે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૨ જો–ગાયનું માખણ તોલા ૨, કલઇસફેતો તોલો ૧, સીંદુર તોલો ૧, એ ત્રણે વસ્તુ ભેગી કરી પછી તેને તળાવના પાણીથી સોવાર ધોવું એટલે ગુલાબી મલમ બનશે એ મલમ હોઠ ઉપર ચોપડવો જેથી દરદ તાકીદે રૂઝાઇ જશે.

ગઠીયો વા. (પ્રમેહ અને ટાંકીનો ભેદ.)

આ દરદ જેને પ્રથમ પરમીઓ અથવા ટાંકી થઇ ગઇ હોય અને તેની ગરમી શરીરમાં રહી ગઈ હોય તેને લીધે થાય છે. એ

દરદમાં પ્રથમ આખા શરીરમાં દુખાવો થાય છે. અને ત્યાર પછી ધીરે ધીરે આખા શરીરના સાંધાઓ ઉપર સોપારી અથવા લીંબુ જેવી ગાંઠો નીકળે છે. આખા શરીરમાં કળતર થાય છે, તેમજ ઉઠાતું બેસાતુ બંધ થઇ દરદી ખાટલાવસ થાય છે.

આ રોગને ઘણા માણસો એક જાતનો વાયુ ગણે છે. પરંતુ એ વાયુ નથી પણ શરીરમાં ગરમી અત્યંત વધી પડવાથી સાંધાઓ ઉપરના ચરબીના લોચા તવાઇ જાય છે. જેથી સાંધાઓમાં દુખાવો થાય છે તેમજ શરીરમાં લોહીની ગતી ગરમીને લીધે વધી પડવાથી લોહી પાતળુ પડી જઇ સાંધાઓ ઉપર ફરી જઇ ગાંઠો ઉતપન્ન કરે છે. માટે એ રોગમાં ખાસ કરીને પરમીઆની અથવા ટાંકીની જેને લીધે આરોગ ઉતપન્ન થયો હોય તેની દવા કરવી તેમજ તે શીવાય નીચે લખેલા ઉપાયો કરવા જેથી દરદ મટી જશે.

ઉપાય ૧ લો—દાડમના પાંત્રા ચંપેલીના પાંત્રા લીમડાના પાંત્રા આમલીના પાંત્રા અને ગુલાબના ફુલ એ બધી વસ્તુ પા પા શેર લઇ ખાંડી પાણી શેર દશમાં નાંખી ઉકાળીને તેનો બાફ દરદીને આખા શરીરે આપવો તેમજ બાફ આપ્યા પછી તેની અંદરનું પાણી કાઢી નાંખી બફાયલાં પાંત્રાની પોટલીઓ બાધી અવર નવર ચારણીમાં ગરમ કરી તેનાથી દરદવાળી જગ્યાએ શેક કરવો જેથી થોડા દીવસમાં દરદ મટી જાય છે.

ઉપાય ૨ જો—ખેરના છોડાં લીંબોડીની મીંચ લીમડાના ફુલ ગુલાબના ફુળ વરીયાળી એલચીના છોડા સુખડના છોડા તગર ગંઠોડા એ વસ્તુઓ પા પા શેર લઇ ખાંડીને ખોખરી કરવી પછી પાણી

શેર સોળમાં પલાળવું અને સાથે કડવા લીમડાની લીંબોડીનું તેલ શેર એક નાંખવુ પછી બે દીવસ પલાળી મુકી ચુલે ચડાવી ઉકાળવું જ્યારે ત્રીજા ભાગનું પાણી રહે ત્યારે ગાળીને પાછું ચુલે ચડાવી સઘલુ પાણી બળી જાય અને તેલ બાકી રહે ત્યારે નીચે ઉતારી થંડુ પડે ત્યારે ગાળીને બાટલીમાં ભરી મુકવુ આ તેલ ગરમી અને પરમીઆને લીધે થયેલો ગઠીયો વા તથા ગાંઠો નહી હોય તેવા વામાં માલીશ કરી અને ઉપર લીમડાના પાત્રાનો શેક કરવો જેથી ઘણો ફાયદો થાય છે.

સરદી અને વાયુથી થયેલો સંધીવા.

આ વાયુ થવાના ઘણા કારણો છે તેમાં મુખ્ય કારણ સાંધાઓમાં સરદી લાગવાથી સાંધા રહી જાય તેમજ ગજા ઉપરાંત ચાલવાથી કે દોડવાથી પણ સાંધા રહી જાય છે તેના ઉપાય નીચે પ્રમાણે કરવા.

ઉપાય ૧ લો—કાળીઓ શરસ પીલવણ નગોડ કરંજ બીલી તુલશી લીલી ચાહ અજમો સુવા એ બધી વસ્તુ પા પા સેર લઈ પાણીમાં નાંખી તે પાણી ઉકળે એટલે પ્રથમ તેનો બાફ આખા શરીરે આપવો પછી એક કલાક બાદ એજ પાણીથી સઘલા સાંધા ઉપર પ્રથમ ખાંખણ લગાડીને ઝારવા જેથી સાંધાનો દુખાવો મટી જશે.

ઉપાય ૨ જો—માલ કાંગણીના બી તોલા ૫ વાઘની ચરબી ખાખણ બતકની ચરબી બકરાની ચરબી સરસવનું તેલ જાયફળ અજમો એ બધું પાંચ પાંચ તોલા અને તલનુ તેલ શેર એક પ્રથમ તેલને ચુલે ચડાવી તેમાં બધ્ધી વસ્તુઓ નાખી ધીમી આંચે તેલ પકવવું જ્યારે તે તેલમાંથી પુષ્કળ ધુમાડા નીકળે અને અંદર નાખેલી વસ્તુઓ કાળી પડી જાય ત્યારે અગ્ની ઉપરથી ઉતારી લેવું અને થંડુ

પડયા પછી ગાળીને બાટલીમાં ભરી મુકવુ આ તેલ દુખતા સાંધાઓ ઉપર દીવસમાં બે વખત ઘસવાથી સાંધાનો દુખાવો તથા રહી ગયેલા સાંધા વીગેરે સાંધાના તમામ રોગો અને સરદી મટી જાય છે તેમજ આ તેલનુ માલીશ કરવાથી લખવાનુ દરદ પણ સારૂ થાય છે જો આ તેલથી સાંધાનો દુખાવો નહી મટે તો નીચેનો ઉપાય કરવો.

ઉપાય ૩ જો—પીપરમીટના ફુલ તોલો ૦ાા અજમાના ફુલ તોલો ૦ાા કપુર તોલા ૨ા પ્રથમ એ ત્રણ વસ્તુને એક શીશીમાં ભેગાં કરી થોડીવાર તડકે મુકવું એટલે પ્રવાહી થઇ જસે પછી એમાં નીચેની વસ્તુઓ નાખવી.

ટરપીટન તોલો ૧ એલચીનું તેલ તોલો ૧ નારંગીનું તેલ તોલો ૧ સરસીયુ તોલો ૧ કરંજનું તેલ તોલો ૧ એ તેલો ઉપરની વસ્તુ સાથે એકત્ર કરી પછી એ તેલ સાંધાના દુખાવા ઉપર ઘસવાથી સાંધાની તમામે પીડાઓ તેમજ સરદી, વાયુ, સૂળ, દુખાવો વીગેરેમાં તાત્કાલીક અશર કરે છે.

લખવો.

આ દરદ ઘણીવાર માણસને એકાએક થઇ આવે છે રાત્રે સારી રીતે સુતો હોય અને સવારે ઉઠે ત્યારે મો વાંકુ થઇ ગયું હોય. તેમજ એક તરફનો હાથ અને પગ લુલા થઇ ગયા હોય આવી રીતે થાય તો કેટલીક વાર માણસ ચાર દિવસની અંદર મરી જાય છે અને ચાર દીવસ વીતી જાય તો સારૂં થાય છે માટે નીચે લખેલો ઉપાય કરવો.

ઉપાય ૧ લો—ઇંદરવરણના ફળ નગ ૧ ધંતુરાનો પાલો તોલા આઠ, ધોળી ચણોઠી, વછનાગ, તમાકુ, માંસકાંગની ઘોડાવજ

કાળામરી, પીપર, સુઠ, આંકડાનાં પાત્રાં થોરના પાત્રાં, વડના પાત્રાં એ બધુ ચાર ચાર તોલા લઇ ખોખરૂ કરી પાણી મણુ અડધો લઇ તેમાં નાંખી ચુલે ચડાવવું, અને તેમાં સરસવનું તેલ શેર બે તથા તલનું તેલ શેર ૨ નાંખી ઉકાળવું અને જ્યારે અડધું પાણી બળી જાય ત્યારે ગાળીને ફરી પાછું ચુલે ચડાવી સઘળું પાણી બળી જાય અને માત્ર તેલ બાકી રહે ત્યારે ઉતારી થંડુ પડે ત્યારે કપડેથી ગાળી બાટલીમાં ભરી મુકવું અને લખવો અર્ધાંગ વાયુ સંધીવા ચસકા શૂળ વીગેરે ઉપર દીવસમાં બે વાર મસળવું.

ઉપાય ૨ જો—ખાંખણુ તોલો ૫ બકરીનું ઘી તોલા ૫ મીણુ તોલા ૫ ચરબી તોલા ૫ કપુર તો ૨ જાયફળ તોલો ૧ લવેંગ તો ૧ જાવંત્રી તોલો ૧ વછનાગ તોલો ૧ ધંતુરાના બી તો. ૧ પ્રથમ કપુરથી ધંતુરાના બી સુધીની વસ્તુ ખાંડીને તૈયાર કરવી પછી ખાંખણુથી ચરબી સુધીની વસ્તુ અગ્ની ઉપર મુકીને ગરમ કરવી અને બધુ પીગળીને એક રસ થાય એટલે ખાંડેલી વસ્તુઓ નાંખીને અંદરથી ધુમાડા નીકળે ત્યાં સુધી ઉકાળી નીચે ઉતારી થંડુ પડે ત્યારે હલાવી એકત્ર કરી શરીર ઉપર મસળવાથી લખવો, સરદી, વાયુ વીગેરે રોગો સારા થાય છે.

સુન્ન બેહરી.

આ દરદની શરૂઆતમાં કેટલાકને શરીર ઉપર રાતાં ચાઠાં પડે છે. અને કેટલાકને નથી પણ પડતા જો ફક્ત સુન્ન બેહરી એટલે શરીરના કોઇ પણ ભાગમાં જાણે ઝઝણી આવતી હોય તેવું દેખાય અને પછી તે જગ્યા એવી બેહેર મારી જાય કે તેમાં ચીમટી દઇએ કે સોય ભોંકીએ તો માલમ પડે નહી એજ પ્રમાણે જે માણુશને

રકતપીતના ચાઠા પડયા હોય તેમાં પણ સુન્ન બેહેરી હોય છે. ચાઠામાં અજવાળ પુસ્કળ આવે છે. જેથી તે ચાઠાં આખરે સફેત થવાના એમ જાણવું જો એ ચાઠામાં રતાસ પેદા થાય અને ચીકણું પાણી ઝરે તો જલદીથી સારૂ થશે અને વખતે દરદનું જોર વધારે હોય તો સારૂ થવામાં અડચણ આવે છે રતાસવાળા ચાઠામાં ઉપાય નીચે પ્રમાણે કરાવે.

ઉપાય ૧ લો—ખાખરના પાત્રાં, ખાખરાનું મુળ, ધંતુરાના બી, આમળાં, કાથો કલોજી, સાથરા. કરીઆતુ, એ બધી વસ્તુ એકેક તોલો લઇ ખાંડી કપડછાણ કરી કુવારના રસમાં ઘુંટીને બોર જેવડી ગોળી કરી સુકવીને રાખી મુકવી. આ ગોળી દહીના પાણીમાં ઘસીને ચાઠા ઉપર ચોપડવી જેથી ચાઠા મટી જશે. અને સુન બેહેરી પણ મટશે.

ઉપાય ૨ જો—કોઇને સફેત ચાંઠા હોય તો તેના ઉપર માણુશના માથાની ખોપરી ગુલાબજળમાં ચોપડવી પરંતુ તેમાં એટલું ધ્યાન રાખવું કે ખોપરી બૈરીની હોય નહી જે ખોપરી પુરૂષની હોય તે લેવી જેથી સફેત ચાઠા અને સુન્ન બેહેરી મટી જાય છે.

રતવા.

આ રોગ ઘણું કરીને નાના બાળકોને વધારે થાય છે, કારણ જે સ્ત્રીના કોઠામાં રતવા હોય, તેનાં બાળકોને ખાસ કરીને એ રોગ થાય છે. એ રોગ બૈત્રણ પ્રકારનો થાય છે. પણ તે બધાના હેતુ એક સરખાજ હોય છે. રતવાના દરદમાં શરીરે ફોલ્લા થાય છે અને તેમાંથી પાણી ઝરે છે અને તે પાણીનો ચેપ જે જગ્યા ઉપર લાગે છે તે જગ્યા ઉપર રતવાના ફોલ્લા થાય છે. રતવા થયા પછી બૈરાઓ ઘણી જાતના ઉપાયો કરે છે તેમાં રતવાને મંત્રાવવાનો તેમજ તેને ઉજાવવાનો ઉપાય કરે છે. પરંતુ એવા વ્હેમી ઉપાયોથી રતવા મટતો

નથી પણ ઉલટુ ઘણાં દીવસ થવાથી દરદનું જોર વધી પડે છે અને ઘણા બાળકો રતવા પેટમાં ઉતરી પડવાથી મરણ પામે છે પરતુ જો રતવા થવાની સાથે બીજા વ્હેમી ઉપાયો નહી કરતાં નીચે લખેલા ઉપાય કરવામાં આવશે તો રતવા મટી જશે.

ઉપાય ૧ લો–ધોળીદરો અને લીલાં ગુલાબના ફુલ લીલા કમળના ફુલ એ ત્રણ વસ્તુ સરખે ભાગે લઇ ખુબ વાટી તેનો કપડામાં ઘાલીને રસ કાઢવો એ રસ દીવસમાં બેત્રણ વખત રતવા ઉપર ચોપડવાથી રતવા મટી જાય છે.

ઉપાય ૨ જો—પીપળાનું છોડુ ગુલાબજળમાં ઘસીને તે ઘસારો તોલો ૧ લેવો અને તેમાં થોડી મુલતાની માટી નાંખીને પાતળુ પાતળુ દીવસમાં બે ત્રણ વખત ચોપડવુ જેથી રતવા મટી જાય છે.

ઉપાય ૩ જો—કમળનાં કંદ પાણીમાં ઘસી તેમાં તેની બરાબર ગુલેઅરમાની નાખીને પાતળુ કરીને ચોપડવુ જેથી રતવા સારો થાય છે.

હાથે તથા પગે સીત વળે તેનો ઉપાય.

આ રોગ ઘણું કરીને નબળા બાંધાના માણુસને હોય છે તેમાં હાથમાંથી અને પગમાંથી રાત દીવસ પસીનાની માફક ઝરી છુટયા કરે છે તેનો ઉપાય નીચે પ્રમાણે કરવો.

ઉપાય ૧ લો—વેગણ અને પોશ દોડો ઉકાળીને તેના પાણીથી દીવસમાં બે ત્રણ વખત હાથ પગ ધોવા તેમજ લીલા મગને બાળીને તેની રાખ હાથે પગે ઘસવી. અને બોરડીના પાત્રા ઝીણા વાટી હાથે પગે મસળવા.

ઉપાય ૨ જો—બાવળની પાલી ગળીની પાલી અને ચીની બોરડીના પાત્રાં એ ત્રણે વસ્તુ સરખે ભાગે લઇ ત્રણુ ઘણા પાણીમાં ઉકાળી તે પાણીથી હાથપગ ધોવા તેમજ કપુરકાચલી અને ધતુરા ઝીણા વાટીને હાથે તથા પગે દીવસમાં બેત્રણ વખત ઘસવું જેથી સીત વળતા મટે છે.

ઉપાય ૩ જો—સેવનું ઓશાવેલુ પાણી હોય તેમાં સાત દીવસ હાથ પગ ધોવાથી સીત વળતા મટે છે તેમજ કંકોડી તોલા પાંચ અને સુંઠ તોલો એક તથા સુકી હલધ તોલો એક એ ત્રણ વસ્તુ ભેગી કરી દીવસમાં બેત્રણ વખત હાથે તથા પગે મસળવાથી સીત વળતાં મટે છે.

અગ્નીદગ્ધ (દાઝવું)

કેટલીક વખત અકસ્માતથી માણસો અગ્નીથી દાઝે છે. ગરમ તેલ કે ઘીથી દાઝે છે. ગરમ ઉકળતું પાણી કે ચાહથી દાઝે છે તેમજ કેટલાક ગ્યાશલેટના ભરેલા સ્ટવ (ચુલા)ઓથી દાઝે છે આ પ્રમાણે બીજા પણ કેટલાંક કારણથી અકસ્માત થવાથી માણસો દાઝે છે. દાઝવા ઉપર તાકીદે અને તુરત ઉપાય કરવામાં આવે તો પીડા જલદી શાન્ત થાય છે અને જો બરાબર ઉપાય કરવામાં નહીં આવ્યો અને દાઝેલાના વ્રણો પાકી ગયા તો મટતાં ઘણીવાર લાગે છે માટે નીચે લખેલા ઉપાયોમાંથી જે વખતે જે વસ્તુ તાત્કાળીક મળી આવે તેનો ઉપયોગ કરવો.

ઉપાય ૧ લો—વાંસકપુર આમળા રતાંજલી ગેરૂ અને ગળવેલ એ બધાને બારીક વાટી આમલીના પાણીમાં લેપ કરવો અથવા હરડાં બેડાં આમળા અને હીરાકસીની બનાવેલી રૂસનાઇ દાઝેલી જગ્યાએ તુરત ચોપડી દેવી.

ઉપાય ૨ જો—ચુનો અને તલનું તેલ સારી પેઠે ફીણીને ચોપડવુ અથવા ચુનાને દહીની તરમાં મેળવી એકરસ કરીને ચોપડવો અથવા જવને બાળીને તેની રાખ કરવી તે રાખને તલના તેલમાં મેળવીને દાઝેલા ઉપર લેપ કરવો અથવા જીરાને બાળીને તેની રાખ કરવી તે રાખને ગાયના ઘીમાં મેળવી લેપ કરવો.

ઉપાય ૩ જો—વાંસકપુર વડની કુમળી જટા રતાંજલી રસવંતી ગેરૂ ગળવેલ એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના ઘીને એકવીસ વખત પાણીથી ધોઇ તેમાં ઉપરની સઘળી વસ્તુ મેળવી મલમ કરીને ચોપડવાથી દાઝેલાના ફોલ્લાઓ અને બળેલી ચામડી રૂઝાઇ જાય છે.

ઉપાય ૪ થો—કળી ચુનો શેર ૦। ને પાણીમાં પલાળવો. પછી તેને ઝીણે કપડેથી પાણી સાથે છણી લેવો પછી તેમાં કોપરેલ શેર એક મેળવીને કાંસાની થાળીમાં નાંખીને ખુબ ફીણવું. જ્યારે ફીણતાં ફીણતાં માખણ જેવો મલમ થઇ જાય ત્યારે ચોપડવાથી દાઝેલામાં અગની બળતી નથી. તેમજ દાઝેલો ભાગ પાકતો પણ નથી પરંતુ જ્યાં આ મલમ ચોપડવામાં આવે ત્યાં સુકાઇને પોપડો બંધાઇ જાય છે.

ઉપાય ૫ મો—રાળ તોલા ૨, કલઇ સફેતો તો. ૨ તલનું તેલ શેર ૦।, પ્રથમ રાળ અને કલઇ સફેતાને તેલમાં નાખી તેલ કકડે ત્યાં સુધી ગરમ કરવું પછી તે તેલને એક થાળીમાં ગાલીને તેમાં ગુલાબ જળ નાખતા જવું અને ફીણતા જવું આ પ્રમાણે ફીણતા ફીણતા મલમ માખણના લોચા જેવો થઇ જશે આ મલમ દાઝેલા ઉપર ચોપડવાથી તાત્કાળીક ફાયદો થાય છે. તેમજ ગધેડાના

સીંડાની રાખને કપડેથી ચાળી હાજેશાના વ્રણ ઉપર દાબવાથી વ્રણો પાકી ગયા હોય તો પણ રૂઝાઇ જાય છે.

આંજણી

આ દરદ ગરમીને લીધે અથવા લોહીના બીગાડથી થાય છે. એ રોગમાં આંખની ઉપરની અથવા નીચેની પાપેણમા સોજો આવે છે. અને તેમાં દુખાવો પણ થાય છે. અને જો વધુ જોર હોયતો આંખમાંથી પાણી ગળે છે અને વખતે આંખ રાતી પણ થાય છે. માટે આંજણી થાય એટલે નીચે પ્રમાણે ઉપાય ચાલુ કરવા.

ઉપાય ૧ લો—રસવંતી, સુંઠ, મરી, પીપર, આમળા, હરડાં, બેડાં કાથો એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી પાણીમાં ઘુંટીને ગોળીઓ બોર જેવડી કરી સુકવીને રાખી મુકવી. જ્યારે જરૂર પડે ત્યારે પાણીમાં ઘસીને આંજણી ઉપર ચોપડવી જેથી આંજણી મટી જશે.

ઉપાય ૨ જો—ધંતુરાના રસમાં પીપર ઘસીને આંજણી ઉપર ચોપડવી તેમજ વાલની દાળ પાણીમાં ઘસીને તેમાં થોડું સીંદુર મેળવી આંજણી ઉપર ચોપડવું. અથવા ચોખ્ખું કેસર અને સુખડ એ બન્નેને ભેગાં ઘસી આંજણી ઉપર ચોપડવું. અથવા તુવેરની દાળમાંથી લીલા દાણા વણીને તે દાણા તથા રસવંતી બંનેને પાણીમાં મેળવીને આંજણી ઉપર ચોપડવું.

વ્હેતું લોહી બંધ કરવાના ઉપાય.

ઘણી વખતે માણસને કંઇ છરી, દાતરડુ વીગેરે વાગવાથી અથવા ઓચીંતા કોઇ જગ્યાએ પડી જવાથી શરીરના કોઇ પણ ભાગમાંથી લોહી નીકળે છે તેને બંધ કરવાને નીચે પ્રમાણે ઉપાયો માંથી જે હાજર હોય તે કરવો જેથી વ્હેતું લોહી બંધ થઇ જશે.

ઉપાય ૧ લો—લાખ તોલા ૨ અને સ્પીરીટ તોલા ૪ સ્પીરીટની બાટલીમાં લાખ વાટીને નાંખવી એટલે લાખ ગળી જશે. એમાંથી રૂનું પુમડું બોળી વ્હેતા લોહીના ઘા ઉપર મુકવું એટલે લોહી બંધ થઇ જશે.

ઉપાય ૨ જો—ઘા ઉપર ઘાસતેલનું પુમડુ મુકવું. અથવા ખાવાનો કળીચૂનો ભરીને પાટો બાંધવો અથવા કપડાની રાખ દાબવી. સીંદુર તેલમાં મેળવીને રૂનું પુમડુ બોળી ઘા ઉપર બાંધી દેવું. અથવા ખડીઓ ખાર ફુલાવેલો, હળદર, અડાયાની રાખ એ ત્રણુને ઝીણા વાટી મેળવીને રાખી મુકવા અને ઘા ઉપર દાબીને પાટો બાંધવાથી તુરત વ્હેતું લોહી બંધ થશે. અથવા કલઇ સફેતો, સંખજીરૂ, સીંદુર, એ ત્રણે વસ્તુ વાટી અળસીના તેલમાં મેળવીને શીશીમાં ભરી મુકવું. જરૂર પડે ત્યારે તેમાં રૂનું પુમડું બોળીને બાંધી દેવું. અથવા કપાસનું રૂ બાળીને દાબવું તેમજ કરોળીઆનું જાળુ અને તેલ મેળવીને ઘામાં દાબવું જેથી લોહી બંધ થશે. ઉપરના ઉપાયોમાંથી જ્યાં જે વસ્તુ મળી આવે તેનો ઉપયોગ કરવો જેથી તાત્કાળીક ફાયદો થઇ જશે.

હાથે પગે વાઊ ફાટે (વિચર્ચિકા)

આ રોગ ઘણા માણસોને શીયાળામાં થાય છે એટલુંજ નહી પણ કેટલાક માણસોને શીયાળા શીવાય બીજી મોસમમાં પણ થાય છે એ રોગમાં ખાસ કરીને હાથે તથા પગે મોટા મોટા ચીરા પડે છે અને તેમાં ધુળ કાદવ વીગેરે વસ્તુ ભરાવાથી પાકી ઉઠે છે. એટલુંજ નહી પણ ચાલતા અને કામકાજ કરતા ઘણો દુખાવો થાય છે. એ રોગમાં નીચે પ્રમાણેના ઉપાય કરવાથી ફાયદો થાય છે.

ઉપાય ૧ લો—આવચી માયા કાળા તલ ઘોડાવજ હળદર મોથ શેરીલોબાન એ વસ્તુને બારીક વાટી ગાયના ઘીમાં મેળવી સારી પેઠે ઘુંટીને એક રસ કરી મલમ તૈયાર કરવો અને જેના હાથ પગ શીયાળામાં અથવા ઉનાળામાં ફાટતા હોય તેને આ મલમ ચોપડવાથી સારૂ થઇ જાય છે.

ઉપાય ૨ જો—કોકમનું ઘી તોલા દશ અને તાજુ એરંડીયુ તેલ તોલા દશ એ બન્નેને એક વાસણમાં અંગારા ઉપર મુકીને પીગલાવવું અને પીગળે એટલે બીજા વાસણમાં ગાળી લેવું પછી તેમાં કલઇ સફેતો તોલો ૧ અને સીંદુર તોલો ૧ નાંખીને એક રસ કરવું એટલે ગુલાબી રંગનો મલમ તૈયાર થશે એ મલમ ફાટેલા હાથ પગમાં ભરવાથી અને ચોપડવાથી હાથ પગ ફાટતા સારા થાય છે.

સોજા.

ઘણી પ્રકારે આવે છે. કેટલીક વખત બીજા દરદના કારણને લઇને સોજો આવે છે પરંતુ તે સોજા તે દરદ મટવાથી એની મેળે મટી જાય છે કેટલીક વખત શરીરના કોઇ ભાગ ઉપર સ્વતંત્ર સોજા આવી જાય છે તેના નીચે મુજબના ઉપાય કરવાથી મટે છે.

ઉપાય ૧ લો—સાટોડીના મૂળ પીલુડીના પાત્રા સુકાં આમળા હીમજી હરડે સુરો ખાર એ બધી વસ્તુ સરખે ભાગે લેવી. અને મોર થુથુ ફુલાવેલો એક વસ્તુના ચોથા ભાગ જેટલો લેવો પ્રથમ બધાને ખાંડી વસ્ત્રગાળ કરી ધંતુરાના રસમાં ઘુટી ગોળીઓ સોપારી જેવડી વાળીને સુકવી રાખવી જ્યારે જરૂર પડે ત્યારે એ ગોળી પાણીમાં ઘસીને સોજા ઉપર ચોપડવી.

ઉપાય ૨ જો—ગેરૂ રતાજલી રેવંચીનો શીરો કાથો કાળીજીરી આંબાહળદ સુંઠ લોધર એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્ર

ગાળ કરી કુંવારના રસમાં ઘુટી ગોળી બોર જેવડી વાળીને સુકવ અને જરૂર પડે ત્યારે પાણીમાં ઘસીને ઉનું કરીને ચોપડવું

ઉપાય ૩ જો—પીલુડીના પાત્રાનો રસ ધંતુરાના પાત્રાનો ર અને દીવેલાના પાત્રાનો રસ એ ત્રણે રસ ભેગા કરી ઉના કરી ચોપડવા જેથી સોજા ઉતરી જાય છે.

વરસાદના પાણીથી થતા ફોલ્લા

ઘણા માણસોને વરસાદના દીવસમાં વરસાદના પાણીમાં તથ કાદવ કીચડમાં ફરવાથી ફોલ્લા થાય છે અને તેમાંથી પાણી કે પ ઝરે છે અને વખતે પગમાં ફોલ્લા વધી પડવાથી પગે સોજા આવી ચલાતુ બંધ થઇ જાય છે. માટે તેનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો- મસુરના બાળેલા છોડા બાળેલા આમળા એ બન્ને એકેક તોલો તેમજ સુકી મેદીના પાત્રા તથા કપીલો એ બન્ને ઉપરની બરાબર અને બધાના વજનથી સોળગે ભાગે ફુલાવેલો મોર થુથુ એ બધી વસ્તુને ઝીણી વાટી તલના તેલમાં મેળવી ફોલ્લા ઉપર ચોપડવુ.

ઉપાય ૨ જો—ફટકી મોરથુથુ ખડીઓખાર કંપીલો બાવચી કુવાડીઆના બી પારો ગંધક ગેરૂ કોડાની ભસ્મ કાળામરી બાળેલા ઝેરી કચુરા બાલેળા એ સઘળી વસ્તુ અડધો અડધો તોલો લઇ પ્રથમ પારા ગંધકની કજલી કરી પછી બીજી બધી વસ્તુને બારીક ખાંડી વસ્ત્રગાળ કરી પારા ગંધકની કજલીમાં મેળવી એકરસ કરવું પછી ગાયનું ઘી તોલા વીસ લઇ તેને કાંસાની થાલીમાં નાખી એકસોને આઠ વાર પાણીથી ઘોવું પછી ઉપરની વસ્તુ તે ઘોયલા ઘીમાં મેળવી ફોલ્લા ઉપર ચોપડવુ જેથી વરસાદના પાણીથી થયેલા ફોલ્લા તેમજ બીજી બધી જાતના ફોલ્લા સારા થાય છે.

તરૂણ પીટીકા (ખીલ)

આ રોગ ઘણું કરીને જુવાન માણસને સોળ વરસની ઉમર થયા પછી મોઢા ઉપર થાય છે. એનું કારણ પીત્તનો વીકાર છે. કારણ એ રોગ દરેકને થનો નથી પણ જેને થાય છે તેના મોની સીકલ બગાડી નાખે છે એટલુંજ નહી પણ મો ઉપર સર્પદના જેવા ઉંડા ડાઘ અને ખાડા પડી જાય છે, એ રોગ ઘણું કરીને પુરૂશોને વધારે થાય છે. અને સ્ત્રીઓને પણ થાય છે ખરો. એ રોગમાં ખાસ કરીને કોઠો સાફ રાખવાની દવા કરવી તેમજ લગાડવાની દવાઓ નીચે પ્રમાણે કરવી

ઉપાય ૧ લો—દાડેમની છાલ, લોધર, આંબાહળદ નાગરમોથી એ ચાર વસ્તુ ગુલાબજળમાં સરખે ભાગે ઘસીને ચોપડવી અને સુકાય ત્યારે ધોઇ નાંખવું.

ઉપાય ૨ જો—બોરની મીચ, મરેઠી, ઘોડાવજ, અને ટંકણખાર એ ચાર વસ્તુ પાણીમાં વાટીને ખીલ ઉપર ચોપડવી અને ત્રણ કલાક રહીને ધોઇ નાંખવું. પછી કોપરાનું તેલ માલીશ કરવું.

ઉપાય ૩ જો—જવાસો, સફેદ ચણોઠી, સંચળખાર એ ત્રણ વસ્તુને પાણીમાં ઉકાળી તેનાથી મો ધોવું. પણ આંખમાં જાય નહિ તેની સંભાળ રાખવી.

ઉપાય ૪ થો—પીળી કોડીને લીંબુના રસમાં પલાળી ને બાળવી પછી તેમાં ફુલાવેલો ટંકણખાર મેળવવો અને એ બન્ને વસ્તુને ગાયના માખણમાં મેળવી ખીલ ઉપર ચોપડવું જેથી ખીલ મટે છે.

ઉપાય ૫ મો—ફુલાવેલો ટંકણખાર, સડકચુરો, સમુદ્ર ફીણ એ ત્રણેને ઝીણાં વાટી વેશેલીનમાં મેળવી તેમા થોડું સુખડનું ચોખ્ખું

તેલ નાખી એક રસ કરી ખીલ ઉપર ચોપડવું જેથી મોઢાના ખીલ સારા થાય છે.

શીળવા.

આ રોગ થવાનું મુખ્ય કારણ પેટની બાદી છે. ઘણા માણસોને ઝાડો સાફ આવતો નથી. પરંતુ તેઓ તેની દરકાર રાખ્યા વગર દરરોજ ખોરાક ખાધા કરે છે જેથી પેટમાં હંમેશા ભાર અને બાદી કાયમ રહે છે તેવા માણસોને શીળવાનો રોગ લાગુ પડે છે એ રોગમાં શરીર ઉપર એકદમ ચેળ આવે છે અને પછી તેમાં ઢીમાં થઈ આવે છે. અને શરીર ઉપર રતાશ આવી જાય છે. આ રોગમાં નીચેના ઉપાયો કરવા. જેથી શીળવાના ઢીમા મટી જાય છે.

ઉપાય ૧ લો—અડાયા છાણાની રાખોડીને કપડેથી ચાળીને શીળવા ઉપર ઘસવાથી શીળવા સમી જાય છે.

ઉપાય ૨ જો—સીળવા થાય ત્યારે પ્રથમ રાખોડી ઘસીને પછી ઉનનો કામળો આખે દીલે લપેટીને થોડી વાર સુઈ જવું. એટલે સીળવા મટી જશે.

ઉપાય ૩ જો—ગુલેઅરમાનીને ગુલાબ જળમાં મેળવી શરીરે ઘસવાથી શીળવા મટે છે. તેમજ બોડીઆ કલારનો રસ કાઢી તે શરીરે ઘસવાથી શીળવા મટે છે.

*આધાશીશીનો ઉપાય.

આ રોગમાં સવારે સુરજ ઉગે ત્યારથી માથાના એક ભાગમાં એટલે કાંતો જમણી બાજુ અથવા ડાબી બાજુ સખત દુખાવો શરૂ થાય છે. અને તે સાંજના સુરજ આથમતા સુધી દુખાવો રહે છે આ રોગમાં માણુસને ઘણું દુઃખ પડે છે, માથાના સખત દુખાવાને

લીધે કંઇ પણ કામ કરવા પર ચીત્ત લાગતું નથી અને કોઇ પણ કામ કરવામાં ગમ પડતી નથી માટે તેનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો—ઘોડાવજ, મરી, સુંઠ, પીપર એ બધી વસ્તુ સરખે ભાગે પાણીમાં ઘસી કપડાથી ગાળી નાકમાં ટીપા મુકવાથી આદાશીશી મટે છે.

ઉપાય ૨ જો—સુંઠ તોલો ૦ાા કેશર તોલો ૦ાા એ બે વસ્તુને ગાયનું ઘી તોલા ૩ાા માં નાખી ધીમી આંચે ઉકાળી ગાળીને નાકમાં ટીપાં મુકવાથી આદાશીશી મટે છે.

ઉપાય ૩ જો—અરીઠાને પાણીમાં પલાળી ફીણ કાઢવું અને તે આદાશીશી ચઢી હોય ત્યારે નાકમાં બેત્રણ ટીપા મુકવાં જેથી નાકમાંથી પાણી ઝરીને આદાશીશી મટી જશે.

ઉપાય ૪ થો—નેપાળાની મીંચ પાણીમાં ઘસી જે તરફનું માથુ દુખતું હોય તે તરફની પાપેણના ઉપલા ભાગ ઉપર દીવાસળીના જેટલુ જાડુ, અને એક ઇંચ લાંબુ સળીવતી ચોપડવું, જેથી ચોપડેલી જગ્યાએ ઝીણી ફોલ્લીઓ થશે. અને આદાશીશી મટી જશે પછી ફોલ્લીઓ ઉપર ઘી ચોપડવું જેથી ફોલ્લી મટી જશે, ચોપડતી વખતે સંભાળ રાખવી કે આંખમાં કે બીજી કોઇ જગ્યાએ લાગે નહી.

ખુજલી (ખસ) ના ઉપાય

આ રોગ થવાનું મૂખ્ય કારણ લોહીનો બીગાડ અને ઝાડાની કબજીયાત છે કારણ ઝાડાના કબજપણાથી અંદર આંતરડામાં મળ સુકાઇ જાય છે. અને તે મળના સુકાવાથી ચામડી ઉપર ગરમી પેદા થાય છે અને તે ગરમીને કારણે શરીર ઉપર ખુજલી અને ફોલ્લા ઉતપન્ન થાય છે તેના ઉપાયો તાત્કાળીક કરવાથી તે જલદીથી સારા

થાય છે એટલુંજ નહીં પણ ચાગડીમાં સડો પેદા થતો નથી માટે નીચે લખેલા ઉપાયમાંથી પોતાને અનુકુળ પડતો ઉપાય કરવો.

ઉપાય ૧ લો—આંકડાના પાકાં પાત્રા નગ સાડત્રઇ તેને એક દોરામાં પોરવી વાસણમાં લટકતાં રાખી વરાળથી બાફવા પછી તેને વાટીને રસ કાઢવો. અને તે રસમાં તલનું તેલ તોલા ચાર નાંખીને ચુલે ચડાવવું અને એક ઉભરો આવે એટલે તેમાં ગંધક ઝીણો વાટેલો તોલા બે નાખીને બીજો ઉભરો આવે એટલે ચુલેથી ઉતારી થંડુ પડે ત્યારે હલાવીને એકરસ કરવુ પછી એ તેલ રાતે એકાંત જગ્યાએ છાણાંનો તાપ સળગાવી શરીર ઉપર તેલ ચોળતા જવું અને અગ્નીથો સેકતા જવું એ પ્રમાણે બે કલાક દવા મસળવી અને તાપથી સેકવું ત્યાર પછી આખા શરીરે ગાયનું છાણ ચોળીને નાહી લેવું પછી દુધ અને ભાત ખાઇને સુઇ જવું જેથી માત્ર એકજ દીવસમાં ખુજલી અને ચાંદા સારા થઇ જાય છે આ ઉપાય ખાસ ચમત્કારી છે એટલુંજ નહી પણ સેંકડોવારનો અનુભવસિદ્ધ છે.

ઉપાય ૨ જો—કંપીલો કપુર ગંધક મનસીલ કાળામરી ફુલા વેલો મોરથુથુ કલઇ સફેતો સાકર બોદાર એ બધુ સરખે ભાગે લઇ ઝીણું વાટી સુખડના તેલમાં મેળવીને ચોપડવાથી ખુજલી અને ફોલ્લા સારા થાય છે.

ઉપાય ૩ જો—પારો તોલા ૨ ગંધક તોલા ૨ મનસીલ તોલા ૨ હડતાલ તોલા ૨ રાળ તોલા ૨ કળીચુનો તોલા ૨ કાથો તોલા ૨ બરાશ તોલા ૨ પ્રથમ પારા ગંધકની કજલી કરવી પછી તેમાં બીજી વસ્તુ ખાંડીને વસ્ત્રગાળ કરીને નાંખવી અને બધાને એક દીવસ ખલમાં નાખીને ઘુટવું પછી ગાયનું ઘી લઇ તેમાં પાણી નાખીને

કાંસાની થાળીમાં એકસોને આઠવાર ધોવું પછી એ ધોયલું ઘી તોલા દશ લઇ તેમાં ઉપરની દવા તોલા પાંચ નાંખીને એકરસ કરવું પછી ખુજલી ફોલ્લા ખસ ચાંદા વીગેરે ઉપર ચોપડવું જેથી તાત્કાળીક ફાયદો થાય છે.

ઉપાય ૪ થો—કુવાડીઆના બી શેર ૧ ગંધક તોલા ૫ ગાયનું દુધ શેર ૨॥ અને પાણી શેર ૨॥ અને ગાયનું ઘી તોલા ૫ એ બધુ એકત્ર કરી ચુલે ચડાવી ઉકાળવું જ્યારે પાણી અને દુધ બળી જાય ત્યારે નીચે ઉતારી થંડુ પડવા દેવું પછી તેમાંથી ઘી કાઢી લઈ કાચના વાસણમાં ભરવું એ ઘી ખુજલી ઉપર તેમજ ફોલ્લા ઉપર ચોપડવાથી ખુજલી અને ફોલ્લા મટે છે તેમજ પારો ગંધક મોરથુથુ કાળા મરી એ ચાર વસ્તુ પાપા તોલો અને બંદુકમાં ફોડવાનો દારૂ તોલો ૧॥ એ બધાને ભેગુ કુટી ગાયના ઘીમાં મેળવી શરીરે ઘસવું પછી ચણાનો લોટ ચોળીને થંડા પાણીથી નાહવું જેથી ખુજલી અને ખસ મટી જાય છે.

ઉપાય ૫ મો—મોરથુથુ, કાળો તંબાકુ, કંપીલો, સાકર, મનશીળ, એ બધુ સરખે ભાગે વાટી દીવેલમાં મેળવી ચોપડવું—અથવા દીવેલ શેર પામાં એકવીસ પાત્રાં વારાફરતી આંકડાના તળવા જ્યારે પાતરા બળી જાય ત્યારે મનસીલ તોલો ૧, તથા ગંધક તોલો એક વાટીને મેળવી દેવું, અને બધુ હલાવીને એકત્ર કરી ખુજલી ઉપર ચોપડવું અથવા આંકડાના પાત્રાં, થુવેરની સુકી ડારી, પોસદોડા કાળો તંબાકુ. એ ચાર વસ્તુને બાળીને દીવેલમાં મેળવી શરીર ઉપર ચોળી થોડીવાર તડકે બેસવું અથવા જાપ્તાના તાપથી તાપવું, પછી શરીર ઉપર સાબુ ચોળીને ઉના પાણીથી નાહવું, જેથી ખસ–ખુજલી અને ફોલ્લા મટે છે.

દરાજની દવાઓ.

દરાજની બે જાત થાય છે, એક રાતી અને બીજી કાળી. રાતી દરાજ જલદીથી મટી જાય છે અને કાળીને મટતાં વાર લાગે છે. દરાજ એ એક જાતનો કુષ્ટ રોગ છે. અને તે ચામડીના ત્રીજા પડ-માથી થાય છે જેમ જેમ દરાજ જુની થતી જાય છે, તેમ તેના મુળ ઉતરે છે. જેથી જુની દરાજને મટતાં વાર લાગે છે પરંતુ દરાજ થાય એટલે તુરત તેનો ઉપાય કરવામાં આવે તો જલદીથી મટી જાય છે. માટે નીચે લખેલા ઉપાયમાંથી અનુકુળ પડતો ઉપાય કરવો.

ઉપાય ૧ લો–કપુર તો. ૧, કળીચુનો તો. ૧, પારો તો. ૧, ગંધક તો. ૧, ગેરૂ તો. ૧, બોદાર તો. ૧, ફુલાવેલું મોરથુથુ તો. ૦।, પ્રથમ પારાગંધકની કજલી કરી તેમાં બીજી વસ્તુઓ મેળવી એકરસ કરી કરંજીઆ તેલમાં મેળવી મલમ કરીને ચોપડવાથી દરાજ મટે છે.

ઉપાય ૨ જો–પલાશ પાપડો, બાવચી, મનસીલ, ગંધક, ખડીઓ ખાર, કુવાડીઆના બી, સાકર, એલીઓ. રસકપુર, ફુલાવેલો ટંકણ, એ બધુ એકેક તોલો અને શેરીસોબાન તોલા દશ, એ બધાને ભેગુ કરી ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના મુત્રમાં અથવા લીંબુના રસમાં ઘસીને ચોપડવાથી દરાજ મટી જાય છે.

ઉપાય ૩ જો–કાથો, મનસીલ, કુવાડીઆના બી, માજુફળ કપુર, લોધર, ઉપલેટ, આંબાહળદ. સેરીસોબાન, એલચી, હીમજીહરડે, સાકર, એલીઓ, દીકામાલી, ચીકણું કંકુ, અફીણ, બાવળનો ગુંદર, કાળા મરી. રસકપુર એ બધી વસ્તુ સરખે વજને લઈ ખાંડી વસ્ત્રગાળ કરી ધોયેલા ઘીમાં મેળવીને મલમ તૈયાર કરવો આ મલમ દરાજ ઉપર ચોપડવાથી લાલ તથા કાલી બન્ને દરાજો સારી થાય છે.

ઉપાય ૪ થો—દેશી ગોવો પાઉડર કુવાડીઆના બી શેર એક લાવી તેને અગ્ની ઉપર બળી નહી જાય અને બદામી રંગ થાય ત્યાં સુધી સેકવા પછી તેને સારી રીતે વસ્ત્રગાળ કરવા પછી તેમાં ગંધક તોલા ૧૦ મનસીલ તોલા દશ રસકપુર તોલા ૫ અને સીંદુર તોલા ૫ નાંખીને ખલમાં સારી પેઠે ઘુટવું પછી વેસેલીન તોલા વીસમાં આ પાઉડર તોલા પાંચ નાંખીને મલમ કરવો એ મલમ દરાજ ઉપર ચોપડવાથી દરાજ સારી થાય છે તેમજ કોરો પાઉડર લીંબુના રસમાં અથવા પાણીમાં ચોપડવાથી પણ દરાજ મટે છે.

ઉપાય ૫ મો—કળીચુનો મનસીલ ગંધક હડતાલ ગેરૂ શેરી લોબાન કપીલો અફીણ ખડીગોખાર રેવંચીનો શીરો બોદાર સીંદુર મોરથુથુ ફુલાવેલો કુવાડીઆના બી આમળા રાળ હળધરનો બાળેલો કોયલો એ બધુ સરખે ભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી પાણી સાથે અથવા ગાયના મુત્ર સાથે અથવા લીંબુના રશ સાથે મેળવીને ચોપડવાથી કાળી તેમજ રાતી દરાજ સારી થાય છે તેમજ કોકમનું ઘી તોલા ૧૦ મીણ તોલા ૧૦ ગાયનું ઘી તોલા ૧૦ તલનું તેલ તોલા દશ એ ચાર વસ્તુ કડાઇમાં નાખી ચુલે ચડાવવી અને એક રસ થાય એટલે નીચે ઉતારી કપડેથી ગાળીને ઠરવા દેવી જ્યારે ઠરીને મલમ જેવી થઇ જાય ત્યારે તેમાંથી તોલા દશ લઇ તેમાં ઉપરની દવા તોલા પાંચ નાખી મેળવીને મલમ કરવો અને એ બેને મેળવતી વખત નારંગીનું તેલ તોલો એક નાખી બધાને મેળવી મલમ તૈયાર કરવો આ મલમ ચોપડવાથી નવી તથા જુની દરાજ સારી થાય છે.

ખરજવાના ઉપાય.

આ રોગ ઘણું કરીને હાથે અને પગે થાય છે શરૂઆતમાં જે જગ્યાએ ખરજવું થવાનું હોય તે જગ્યાએ ચેળ આવે છે. અને

ખજવાળવાથી ધીરે ધીરે ચામડી ખરબચડી થઇ જાય છે ખરજવાં બે પ્રકારના થાય છે એક લીલુ અને બીજુ સુકુ લીલામાંથી પાણી ઝરે છે અને પાકે પણ છે ; સુકામાં ચેળ આવે અને ખજવાળવાથી ચામડી ઉપરથી થુલાં જેવો ભુકો નીકળે છે આ બન્ને જાતના ખરજવા ઘણાંજ કષ્ટ સાધ્ય છે. કારણ તે જુના થયા પછી ભાગ્યેજ મટે છે પરંતુ જો થતાની સાથે દવા કરવામાં આવે તો જડમૂળમાંથી મટી જાય છે.

ઉપાય ૧ લો—કડવો લીમડો બેચાર વરસનો સુકો હોય તેનું પાકટ લાકડુ લાવી તેના ઝીણાં આંગળ આંગળના કટકા કરવા પછી તે કટકાને એક માટલામાં ભરી માટલાના મોં ઉપર તારની જાળી અથવા ઘોડાના પુછડાના વાળનો ડુચો મારી પાતાળ યંત્રથી ચુવો કાડવો એ ચુવો ખરજવા ઉપર ચોપડવાથી ખરજવુ જડમુળમાંથી સારૂ થાય છે પરંતુ દરરોજ સાબુથી ધોઇને ઉપરનો ચુવો ચોપડવો જેથી વ્હેલો ફાયદો થાય છે. જો લીમડાનું લાકડુ ઘાચીની ઘાણીનુ મળે તો તેનો ચુવો ઘણો સારો થાય છે કારણ તે લાકડાએ ઘણો વખત તેલ દીવેલ પીધેલુ હોય છે.

ઉપાય ૨ જો—પારો, ગંધક, બબે તોલા લઇ તેને કરંજીયાના તેલમાં બે દીવસ ઘુટવું એટલે કાળો મેસ જેવો રંગ થઇ જશે પછી તેમાં મોરથુથુ તો. ૦ા. મનસીલ. તો. ૦ા, ગંધક તો. ૦ા, હડતાલ તોલો ૦ા, રસકપુર તોલો ૧, બરાસકપુર તોલો એક એ બધાને ઝીણુ કરીને ઉપરના કરંજીયામાં ઘુંટેલા પારા ગંધકની કજલીમાં મેળવવું અને તે બધું એકરસ થઇ જાય એટલે તેમાં કોલટાર તોલા ૫ મેળવીને બેત્રણ દીવસ તડકે સુકવું. અને દીવસમાં બેત્રણ વખત હલાવતા

રહેવું પછી તડકેથી લઇને ખરજવા ઉપર ચોપડવું જેથી લીલાં અને સુકાં બન્ને જાતના ખરજવા થોડી મુદ્દત ચોપડવાથી સારા થાય છે.

ઉપાય ૩ જો–કાથો, સંભજીરૂ, કલઇસફેનો, સોનાગેરૂ, ગુંદીના પાંતરાની રાખ, બાવળની પાલીની રાખ, બાવળના ફુલની રાખ, જાંબુના પાતરાંની રાખ, કાળીઆસરસના પાંતરાની રાખ એ બધુ અકેક તોલો અને સીંદુર તોલા આઠ, મોરથુથુ ફુલાવેલો તોલા ૨, રસકપુર તોલા ૨, આરતીકપુર તોલા ચાર, એ બધી વસ્તુને યુકતી-પુર્વક વાટી વસ્ત્રગાળ કરી ઘુટીને એકત્ર કરવી. પછી ગાયનું ઘી શેર ૦॥ લઇ તેને એકસો પાણીએ ધોવું પછી તેમાં ઉપરની બધી દવાઓ મેળવીને મલમ કરવો. આ મલમ ખરજવાં પર ચોપડવાથી ખરજવા મટે છે.

ઉપાય ૪ થો–વાલની દાળ તોલા ૫, મગ તોલા ૫, મેથી તોલા ૫, રાઇ તોલા ૫, અજમો તોલા ૫, એ બધી વસ્તુને કલેડામાં નાખીને જુદી જુદી બાળવી અને દરેકના કોલસા કરવા પછી તેમાં ગંધક તોલા ૨, મનસીલ તો. ૨, રસકપુર તોલા ૨, મોરથુથુ તો. ૧ એ ચાર વસ્તુ ઉપરની વસ્તુ સાથે ભેગી કરી વાટીને કરંજીયા તેલમાં મેળવીને મલમ કરીને ચોપડવો જેથી ખરજવા મટી જાય છે.

વીંછીના ઝેરના ઉપાયો

આ પ્રાણીથી ભાગ્યેજ કોઇ માણસ અજાણ્યુ હશે કારણ વીંછુ આખા ગુજરાત કાઠીયાવાડ અને બીજા ભાગોમાં પુષ્કળ થાય છે તેમજ તે સેંકડો માણસને ડંખ મારે છે. વીંછુનુ ઝેર એની પુછડી ઉપર થતા કાંટામાં હોય છે અને તેજ કાંટો માણસને મારે છે જેથી પુસ્કળ વેદના થાય છે પરંતુ વીંછીના ઝેરથી ભાગ્યેજ કોઇ માણસ

મૃત્યુ પામે છે કારણ એનું વીશ જીવલેણ નથી પરંતુ વેદના તો એટલી બધી થાય છે કે માણસને ગભરાવી નાખે છે એના વીશને પણ મંત્રથી ઉતારનારા હોય છે અને તેથી વીંછી ઉતરી પણ જાય છે પરંતુ જો નીચે લખેલા ઉપાયમાંથી કોઇ ઉપાય કરવામાં આવશે તો તેથી પણ વીંછી ઉતરી જસે.

ઉપાય ૧ લો—કારસ્ટીક (કારીખાર)ની શળીઓ આવે છે તેનાથી ડંખવાળી જગ્યા બાળી મુકવામાં આવે તો વીંછુનું ઝેર ચડતું નથી અને વીંછી ઉતરી જાય છે અથવા ડંખવાળી જગ્યા ઉપર કાંદાનો રસ કાઢીને ઘસવો અને પછી તે જગ્યાએ કાંદો વાટીને બાંધી દેવો અથવા ડંખવાળી જગ્યાએ બંદુકનો દારૂ મુકી તેને દીવાશળીથી સળગાવી દેવો જેથી વીંછુનું ઝેર ઉતરી જશે અને ડંખવાળી જગ્યા ઉપર ફોલ્લો પડશે તે ફોડી નાંખી તેમાંથી પાણી કાઢી નાંખી તે જગ્યા ઉપર ઘી ધોઇને ચોપડવું એટલે ફોલ્લાની પીડા મટી જશે.

ઉપાય ૨ જો—જે જગ્યા ઉપર વીંછીએ ડંખ માર્યો હોય તે જગ્યાએ અમૃતબીંદુનું પુમડું મુકી પાટો બાંધવો અથવા તે જગ્યાએ અમૃતબીંદુ ખુબ ઘસવું અથવા ધોળા ફુલવાળા સંદેસરાનું મૂળ સાંજના કાઢી લાવી ને રાખી મુકવું અને જેને વીંછી કરડયો હોય તેના ડંખ ઉપરથી નીચે ઉતરતુ શરીરને લાગે નહી એવી રીતે ફેરવવુ જેથી અડધા કલાકમાં વેદના ડંખમાં આવી જશે પછી ડંખ ઉપર તે મુળીયુ થોડીવાર ધરી રાખવું એટલે વીંછી ડંખમાંથી ઉતરી જશે આ વસ્તુ ખરી ચમત્કારી છે.

સાપના ઝેરનો ઉપાય.

બીજા બધા કરતાં સાપનું ઝેર એવું આકરૂં અને ભારે છે કે સાપના કરડવાથી હજારો માણસો મૃત્યુ પામે છે. કારણ સાપનો ડંખ

જે માણુસને થાય છે તે માણુસ પોતે તો ગભરાઈ જાય છે પરંતુ તેમ નહીં કરતાં બીલકુલ ગભરાયા વગર નીચે લખેલા ઉપાયમાંથી અનુકુળ પડતો ઉપાય કરવો.

ઉપાય ૧ લો–પ્રથમ જે જગ્યાએ સર્પનો ડંશ થયો હોય તેની ઉપર બે આંગળ જગ્યા છોડીને એક મજબુત પાટો ખેંચીને બાંધવો. જેથી ઝેર ઉપર ચડવા પામે નહી, અથવા ડંશને ચુશીને ઝેરનો ભાગ અને ઝેરી લોહી થુકી નાખવું. અને તેમ કરતાં પ્હેલાં ડંશવાળી જગ્યાની આજુબાજુ નસ્તર વડે અથવા સારા ચપ્પુ વડે ઝખમ પાડવો કે જેથી ઝેરી લોહી નીકળી જાય, પછી તે જગ્યાએ ગરમ પાણીની ધાર કરવી કે જેથી લોહી નીકળતું બંધ થાય નહી. અથવા ડંખવાળી જગ્યાએ નાઇટ્રીક એસીડ લગાડવું જેથી ડંખમાંનું ઝેર બળી જાય. અને શરીરમાં ફેલાવા પામે નહી, અથવા જે જગ્યાએ સાપ કરડ્યો હોય તે જગ્યાએ લોઢાના ખીલાવતી ડામ દઈ દેવો જેથી ઝેર ચડશે નહી વિશેષ સાપ કરડેલા માણુસને બીલકુલ ઉંઘવા દેવો નહી.

ઉપાય ૨ જો–જે માણુસને સર્પ કરડ્યો હોય તેને કેળનું તાજુ પાણી કાઢીને દર અડધા કલાકે બબે રૂપીઆભાર પાવું જેથી સાપનું ઝેર બીલકુલ ચડશે નહી. અને સાપનું વિષ ઉતરી જશે પરંતુ ઉપરના ઉપાયો પણ સાથે કરવા એટલુંજ નહી પણ સાપના ડંશવાળા માણુસને બીજા કોઈ પુરૂષનો તાજો પીશાબ દર કલાકે ત્રણ ત્રણ તોલા પાવો જેથી સાપનું ઝેર ચડતું નથી. તેમજ ચઢેલું વિષ ઉતરી જાય છે. આ પીશાબનો ઉપાય ગુજરાત પ્રાન્તીક સંમેલન મુંબઈમાં ભરાયું હતું તેમાં ઘણા વૈદરાજોએ પોતાનો અનુભવ કહ્યો હતો. અને સેંકડો માણુસોનાં સર્પના વિષ આ ઉપાયથી ઉતરી ગયાં હતાં એવુ જાહેર કર્યું હતું.

શરીર ઉપર થતી ચામ જુનો ઉપાય.

કેટલીક વખત શરીરના મેલાપણાથી અથવા પસીનાથી એક જાતની ચામ જુ માણુશના શરીર ઉપર થઇ આવે છે આ જુ ચામડી સાથે લાગુ પડી ગઇ હોય અને તલ જેવો ડાઘો જણાય પરંતુ તે આખા શરીર ઉપર ધવડો અને ચેળ ઉતપન્ન કરે છે અને આંખની પાપેણુમાં સુધ્ધા થાય છે આવી રીતની ચામજુ પડે છે ત્યારે માણુશ ગભરાઇ જાય છે. કારણ કેટલાક એને અનીષ્ટનુ ચીન્ન ગણે છે. પરંતુ તેવો વ્હેમ રાખવાનું કશુ કારણ નથી કેમકે એ એક જાતના કૃમી છે અને તે ચામડીની લુખાસને લીધે ઉતપન્ન થાય છે.

ઉપાય ૧ લો—જે માણુશના દીલ ઉપર ચામજુ પડે તેણે પ્રથમ પોતાના શરીર ઉપરના તમામ વાળ હુકકાનું પાણી લગાડીને કઢાવી નાખવા પછી દીલ ઉપર કપુર અને ઘોડાવજનો ભુકો સરખે વજને કરીને પાણી નાખીને ચોળવો અને ત્યાર પછી આખે દીલે કરંજીયુ તેલ ચોળીને ગરમ પાણીથી સાબુ ચોળીને નાહવું તેમજ પોતાના પ્હેરવાના કપડાં સંચોરો અને ચુનો નાખીને બાફવા પછી ગરમ પાણીથી ધોવા એટલે શરીર ઉપર પડેલી તમામ ચામ જુઓ મટી જસે પરંતુ થોડા દીવસ ન્હાતી વખતે કરંજીયુ તેલ ચોળવું.

ઉપાય ૨ જો—ઘોડાવજ મોથ અજમો લીમડાની લીબોડીની મીચ કાચકા વાયવડંગ પલાશ પાપડો કપુર એ બધી વસ્તુ બબે તોલા લઇ ચાર શેર પાણીમાં પલાળવું અને પલાળતી વખતે શરસીયુ તેલ શેર ૦। તથા કરંજીયુ તેલ ૦। એ બન્ને તેલો તેમાં નાખવા તે બે દીવસ પલ્લે એટલે ચુલે ચડાવી ઉકાળવુ જ્યારે અડધુ પાણી બળી જાય ત્યારે નીચે ઉતારી કપડાથી ગાળી લેવું અને ફરી પાછુ ચુલે ચડાવી ધીમી આંચથી ઉકાળવું જ્યારે પાણી બધુ બળી જાય અને

માત્ર તેલ રહે ત્યારે નીચે ઉતારી થંડુ પડવા દેવું પછી ગાળીને શીશીમાં ભરી મુકવું એ તેલ શરીર ઉપર ચોળવાથી શરીરમાં પડેલી ચામજુ મટી જાય છે તેમજ શરીર ઉપર થયેલો ધત્રડો સારો થાય છે.

માથામાં પડતી જુ.

જેવી રીતે શરીર ઉપર ચામ જુ પડે છે. તેવી રીતે માથામાં વાળની બરાબર માવજત નહી રાખવાથી અથવા પશીનાને લીધે માથામાં જુ અને લીખો પડે છે. તેને માટે નીચે પ્રમાણે ઉપાય કરવા.

ઉપાય ૧ લો–પારો તોલો ૧, મનસીલ તોલો ૧ એ બન્નેને ભેગાં ખલ કરી તેમાં લીમડાની લીંબોડીનું તેલ મેળવી માથામાં ઘાલવાથી તમામ જુઓ અને લીખોનો નાસ થઇ જાય છે, પરંતુ આ ઉપાય બે દીવસ કરી ત્રીજે દીવસે માથુ કાળી માટીથી અથવા સાબુથી ચોળી નાંખવું જેથી જુઓ નીકળી જશે.

ઉપાય ૨ જો–બજારમાં સીંદુરના રંગની સીપીજન નામની એક દવા મળે છે. તે તોલો ૦। લાવી તેમાંથી વાલ બે જેટલી ધુપેલમાં મેળવી માથામાં ઘાલી માથુ કકડેથી બાંધી લેવું. કારણ આ દવા માથામાં ઘાલવાથી જેમ બોરડી ઉપરથી પાકાં બોર ખરી પડે છે. તેમ માથાની તમામ જુઓ માથામાંથી નીકળી માથે બાંધેલા કકડામાં આવી જાય છે પછી બીજે દીવસે માથુ ચોળીને કાંસકીથી હોળવું જેથી તમામ જુઓ નીકળી જાય છે પરંતુ આ દવા કોઇના ખાવામાં આવે નહી તેની સંભાળ રાખવી કારણ દવા ઝેરી છે.

હડખાયા કુતરાના ઝેર માટે ઉપાય.

ઉનાળાના દીવસમાં કુતરાંઓને પેટ પુરતુ અનાજ ખાવાને મળતુ નથી ત્યારે તે ખોરાકની સોધમાં આમતેમ ભટકે છે એવામાં જો ઘોડાનું કે ગધેડાંનું માંસ કુતરાના ખાવામાં આવી જાય તો કુતરાને

હડખવા લાગુ પડે છે કારણ એક તો ગરમીના દીવસ બીજુ કુતરૂ જાતે અતીસે ગરમ અને તેના ખાધામાં ઘોડાનું કે ગધેડાનું ગરમ માંસ આવે જેથી કુતરાને મગજે અતીસે ગરમી થઇ જવાથી તેનામાં ઝેરી અસાર ઉતપન્ન થાય છે પછી તે જેને કરડે છે તેને તેના ઝેરની અસાર થાય છે અને તેની જો બરાબર સારવાર કરવામાં નહી આવે તો માણસનું મૃત્યુ થાય છે માટે કુતરૂં કરડે તો નીચે પ્રમાણેના ઉપાય કરવા.

ઉપાય ૧ લો—હડખાયુ કુતરૂં કરડે તે જગ્યાએ જળો મુકાવીને લોહી કઢાવી નાખવાથી હડખાયાનું ઝેર મટી જાય છે. અને જ્યાં કુતરૂ કરડયુ હોય તે જગા પકવીને હંમેશા ઝરવા દેવી રૂજવી નાંખવી નહી ડંખ ઝરતો રાખવાને સાજી તોલો ૧ સીંધવ તોલો ૧ અને ચોખ્ખી હીંગ તોલો એક એ ત્રણ વસ્તુને માખણમાં મેળવીને ડંખ ઉપર ચોપડયા કરવી જેથી ડંખ પાકીને ઝરતો રહેશે એવી રીતે છ મહીના સુધી ડંખ ઝરતો રાખવો તેમજ કુતરૂ કરડેલા માણુસે છ માસ સુધી દરરોજ એક વાલ કસ્તુરી પાનમાં મુકીને ખાવી અથવા કુંતરૂં કરડેલા માણસના તાળવા ઉપર અસ્ત્રાવડે ટેચા મારી તેમાંથી લોહી કાઢી તેમાં કાળા ધંતુરાનો રસ ચોપડવો. એટલુજ નહી પણ ધંતુરાનો રસ તોલો ૧ ઘી તોલા ૫ ગોળ તોલા ૫ અને દુધ તોલા ૫ એ બધી વસ્તુ સાથે મેળવીને પીવાથી હડખાયા કુતરાનું ઝેર મટી જાય છે તેમજ કુતરૂ કરડે કે તુરત ઉલટી અને ઝાડા લાવનારી ઔષધી ખવાડી ઝાડા ઉલટી કરાવવાથી ઝેર બધુ નીકળી જાય છે.

ઉપાય ૨ જો–આંબા ઉપર જયારે મોર આવે છે ત્યારે તેમાંથી કોઇક મોરનો વાંધો થઇ જઇને ગઠ્ઠા જેવો થઇ જાય છે. દેખાવમાં મોર જેવો હોય છે પરંતુ તે મોરમાં મરવા કે કેરી લાગતી નથી એ મોરના ગઠ્ઠાને લાવી સુકવી નાંખી તેને ખાંડીને વસ્ત્રગાળ કરીને

શીશીમાં ભરી મુકવુ જેને હડખાયું-કુતરૂં, કહોલું વીગેરે કરડે ત્યારે એ મો'રનું ચુરણુ તોલો ૦॥ પાણી સાથે પાવું એવી રીતે સવાર સાંજ બેવાર સાત દીવસ સુધી આ વસ્તુ ખવાડવાથી હડખાયલાનું ઝેર ચડતુ નથી તેમજ હડખાયુ કોઇપણ દીવસ હાલતું નથી આ ઉપાય ઉત્તર હીન્દુસ્તાનમાં અયોધ્યા વીગેરે ઠેકાણેના ઘણા લોકો જાણે છે અને એ ઉપાયથી સેંકડો માણસો સારા થાય છે.

મધમાખી કરડે તેનો ઉપાય

કેટલીક વખત મધમાખી અથવા ભીંગારી નામની માખી માણસને કરડે છે. જેથી શરીરમાં પુષ્કળ અગન બળે છે એટલુંજ નહીં પણ ડંખવાળી જગ્યા ઉપર તો જાણે અંગારો ચાંપ્યો હોય તેવી પીડા થાય છે. માટે તેનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

ઉપાય ૧ લો–માખી કરડી હોય તે જગ્યા ઉપર ગાયનુ છાણુ ચોપડવું અથવા શંદેશરાનો પાલો ઝીણો વાટીને ડંખવાળી જગ્યાએ ચોપડવો જેથી તાત્કાળીક ફાયદો થાય છે.

ઊંદર કરડે તેનો ઉપાય.

ઘણી વખત માણસોને ઉંદર કરડે છે. જેથી લોહી નીકળે છે અને કરડેલી જગ્યા ઉપર અગન બળે છે. અને જો કોઇ ઉંદર ઝેરી હોય તોતે જેજગ્યાએ કરડયો હોય તે જગ્યા ઉપર સોજો આવી જાય છે, અને તે પાકે છે તો રૂઝાતાં ઘણીવાર લાગે છે, એટલુંજ નહીં પણ જો ઝેર શરીરના બીજા ભાગમાં પશરી ગયું તો ઘણી પીડા થાયછે.

સાદા ઊંદર કરડે તેનો ઉપાય–ઉંદરની લીંડી અને કપુર એ બન્નેને ગાયના મુત્રમાં ઝીણા વાટી કરડેલી જગ્યાએ ચોપડવાથી ઉંદરનો કરડ મટી જાય છે. તેમજ કપુર-લોબાન અને કાથો સરખે ભાગે લઇ પાણીમાં વાટીને ચોપડવાથી પણ મટી જાય છે.

ઝેરી ઊંદર કરડે તેના વ્રણ ઉપર મલમ–મોરથુથુ કલઇ સફેતો, સીંદુર, રાળ, એ ચાર વસ્તુ સરખે ભાગે લઇ તેનાથી અમણે વજને ગાયનું ઘી તથા મીણ લઇ પ્રથમ ગાયના ઘીમાં મીણ પીગલાવી તેમાં ઉપરની વસ્તુ ઝીણી કરીને નાખવી ઉભરો આવી મલમ તૈયાર થાય. એ મલમની પટ્ટી મારવાથી રૂજ આવી જશે.

(લેપ બનાવવાની વિધિ.)

એળીયો તોલો ૧, ગુગળ તોલો ૧, ગુજ્જર તોલો ૧, કાળો **સરસ** તોલો ૧, ઇસેસ તોલો ૧, રેવંચીનો શીરો તોલો ૧. એ સર્વે વસાણાને જુદા જુદા છુંદીને બારીક કરવા, પછી બધા સાથે ભેળીને એક કલાઇ કરેલા વાસણમાં અથવા કોડીના વાસણમાં નાંખવા પછી તેમાં મહુડાનો જલ્લાદ દારૂ એ સઘળી દવા તેમાં ડુબી રહે તેટલો રેડીને બાર કલાક સુધી ભીંજાવી રાખવું. ત્યાર પછી તે વાસણ અગ્નિ ઉપર મુકી અંદરની દવા હીલવ હીલવ કરતા રહેવી. અને શીરા માફક ઘાડું થાય ત્યારે ઉતારીને ખમી શકાય તેવું ગરમ દુખાવાવાળા ભાગ ઉપર લગાડવું અને તે ઉપર પાણી નહીં લાગે તેની સંભાળ રાખવી. આ લેપ જ્યારે પણ લગાડવો હોય ત્યારે ગરમ કરી લગાડવો. કદાચ લેપ ઘણો જાડો થઇ ગયો હોય તો તેમાં બીજો દારૂ મેળવી ગરમ કરી લગાડવો.

ખુજલીનો ઉપાય—પારો, આંમળસારો ગંધક, મનસીલ, કાળામરી, સફેદજીરૂં, સિંદુર, પ્રત્યેક એકએક તોલો લઇ ખુબ વાટી જાડા કપડામાં ગાળી બારીક બનાવી લેવું. એમાં પારા ગંધકની કજલી બનાવવી અને પછીથી મેળવવી એ દરેક વસ્તુઓને ગાયના એકસોવાર ધોયેલા નવટાંક ઘીમાં અથવા માખણમાં સારી રીતે મેળવી મલમ બનાવવો. એ મલમથી ખુજલી મટે છે.

હરેક પ્રકારના ઘાવ માટે રાતો મલમ–દેશી મીણ તોલા ૧ા, સફેદ ગોટીનો કાથો તોલો ૧, રૂમી મસ્તગી તોલો ૧, બોદાર

પથરી તોલો ૦ાા, ટંકણખાર તોલો ૦ાા, હિંગળોક તોલો ૦ાા, સિંદુર તોલા ૨, ઘી તોલા ૨૦, રાળ તોલા ૨૦.

બનાવવાની વિધિ—મીણ અને ઘીને અગ્નિ ઉપર મુકી ખુબ ગરમ કરવા. તે પછી તેમાં સિંદુર, હિંગળોક, અને ટંકણખાર બારીક વાટીને નાંખવા અને પકાવવા ત્યારબાદ તેમાં કાથો આદિ ચીજોને વસ્ત્રગાળ કરી મેળવી દેવા અને ખુબ હલાવવું એટલે મલમ તૈયાર થઇ જશે. એ મલમ સડેલા ધાવોને સાફ કરી રૂઝ જલદી લાવે છે. પાક ઉપર ચઢેલા વ્રણોને ત્રણચાર કલાકમાંજ ધાવને પકાવી વિકારને બાહેર કાઢી રોગીની નિંદ્રામા થતો ભંગ અને અકળાયેલાઓને આરામથી નિંદ્રા આવે છે. ઉત્તમમાં ઉત્તમ મલમ છે.

બીજા વૈદરાજોના આવેલા અનુભવી ઉપાયો.

વૈદ રામદાશ પ્રેમજી—કોઠારા (કચ્છ.)

ચાંદી અને ટાંકીનો મલમ—વાંસકપુર તો. ૧. કપુર તો. ૨ સોનાગેરૂ તો. ૨ બોદાર તો. ૧. કલઇસફેતો તો. ૧. કાથો કેવડીઓ તો. ૧ મોરથુથુ ફુલાવેલો વાલ ૧ પારો તો. ૧ જુનું ઘી શેર ૦ાા ઉપરની વસ્તુઓને ખાંડી વસ્ત્રગાળ કરી પછી ઘીને ૧૦૮ વાર પારો નાંખીને ઘોવું જ્યારે પારો મળી જાય ત્યારે ઉપલી વસ્તુઓ મેળવીને મલમ કરવો આ મલમ ચાંદી ટાંકી ફોલ્લા ફુનસી ગરમીના દરદોના ચાંદા વીગેરે ઉપર ચોપડવાથી ફાયદો થાય છે.

હાડકું ભાંગી ગયા ઉપર લેપ.

વૈદ ધનેશ્વર નાગેશ્વર મંગળેશ્વર તા. ભરૂચ.

ચામડીઓ સરસ ગુગળ એ બન્ને સરખે ભાગે લઇ ફુલદારૂમાં રાંધીને જાડુ ઘેસ જેવું કરવું પછી મેથાને પાંચ ફેરા ઘંટીમાં દળીને વસ્ત્રગાળ કરી પછી ઉપરની વસ્તુ સાથે મેળવી દેવી બાદ તેમાં ઈંડાની

સફેતી મેળવી ચોપડવા જેવું કરવું પછી ભાંગેલું હાડકું બરાબર બેસાડી ઉપરનો લેપ જાડો જાડો ચોપડવો પછી તેના ઉપર મલમલનું કપડું વીટી ઉપર રૂનો ગાળો મુકી સાફ પાટીયા ગોઠવી પાટો બાંધવો અને તેને એક માસ સુધી બાંધી રાખવો જેથી ભાંગેલું હાડકું સંધાઇ જાય છે.

કંઠમાળ અને ભગંદર માટે મલમ.

વૈદ અબુબખર હુશેન મુ. ખેડોઈ-કચ્છ.

એલચી-કાથો બોદાર ચીકણી શોપારી કપુર સફેતો રસકપુર સંખજીરૂ સીંધુર એ બધુ એકેક તોલો અને દારૂડીના બી તોલા ૮ બધાને સાથે ખાંડી વસ્ત્રગાળ કરી ગાયનું ઘી ૨૫૦ વાર પાણીથી ધોઇ તેમાં ઉપલી વસ્તુ મેળવી મલમ તૈયાર કરી ચોપડવાથી ટાંકી ચાંદી, કંઠમાળ, હરષ, ભગંદર, નાસુર, હાડગંભીર, ઝામરી, ખસ, ફોલ્લા, દરાજ વિગેરે મટી જાય છે.

વૈદ પ્રભુરામ ટીડાભાઈ, રાજુલા.

ચાંદી અને ટાંકીનો લેપ—દારૂડીના ફુલ તાજા લાવીને ઝીણાં વાટવા અને જે જગ્યા ઉપર ચાંદી પડી હોય તેના ઉપર ચોપડવા જેથી ચાંદી અને ટાંકી રૂઝાઈ જાય છે. તેમજ સોપારીને ઘસીને ચાંદી ઉપર ચોપડવાથી ચાંદી મટી જાય છે.

સારંગ ગાંઠ—શોબાનને વાટીને વસ્ત્રગાળ કરવું પછી તેમાં પાણી નાંખીને સારી પેઠે મર્દન કરવું જ્યારે મલમ જેવું થાય ત્યારે સારંગની નસ ઉપર તથા અંતરગળ ઉપર ચોપડવાથી મટી જાય છે.

બદનો મલમ—રાળ તો. ૨ મોરથુથુ બેઆની ભાર તલનું તેલ તોલા દશ બધાને અગ્ની ઉપર મુકી હલાવવુ જ્યારે રાળનુ સ્વરૂપ બદલાઇ જાય ત્યારે નીચે ઉતારી તેમાં પાણી નાંખી હલાવવું એ પ્રમાણે વીસ વખત નવુ પાણી નાખી ધોઇને મલમ તૈયાર કરવો આ મલમથી બદ કાખબલાઇ ગુમડાં નાસુર વીગેરે રૂજાઇ જાય છે.

વૈદ કે. એન. હાશમ મુ. મજેવડી સોરઠ

મીણુ તો. ૧ રાળ તો. ૦ા સીંદુર તો. ૦ા બકરાના પગની નળીની રાખ તો. ૦ા તલનું તેલ તો. ૨ પ્રથમ તેલને ગરમ કરી તેમાં મીણુ નાંખીને ઓગાળવું નીચે ઉતારી ઉપરની બીજી વસ્તુ બારીક કરી મુકી હોય તે નાખી એક રસ કરી તેમાં પાણી શેર ૧ નાખી થોડોવાર ઠરવા દેવું પછી ૨૧ થી ૫૦ વાર પાણી નાંખીને ધોવું જેથી મલમ રેશમ જેવો થશે એ મલમની પટ્ટી મારવાથી ગુમડાં ચાંદી નાસુર ભગંદર ખરજવુ વીગેરે મટી જાય છે.

વૈદ મનજી શીવજી ભાવસાર મુ. મંજલ કચ્છ.

કંપીલો હીરાદખણુ રાળ સીંદુર બેરજો બોદાર દરેક અકેક તોલો મીણુ તોલા છ ગાયનું જુનું ઘી તોલા બાર બધાને ચુલે ચડાવી મેળવી મલમ કરવો પછી બધાને ઘુટીને એક રસ કરવું પછી પટ્ટી કરીને મારવાથી સોજાવાળા ગુમડાં બદ હાડગંભીર આદી બીજા રોગો મટી જાય છે.

વ્રુણરોપણુ મલમ—હીરાકસી લોધર હરડાં રાળ સીંદુર સુરમો ફુલાવેલો મોરથુથુ દરેક તોલો એક અને મીણુ તોલા સાત તલનું તેલ તોલા બાર બધાને અગ્ની ઉપર મુકી મલમ કરી તેની પટ્ટી મારવાથી રૂઝ આવે છે અને ગુમડાં વીગેરે મટે છે.

કુષ્ટ હર મલમ—પારો ગંધક મનસીલ કાથો પાશાણુભેદ બોદાર ફુલાવેલો મોરથુથુ એ બધુ અકેક તોલો અને કુંવાડીઆના બી તોલા છ પ્રથમ પારા ગંધકની કજલી કરી બાકીની વસ્તુ વસ્ત્રગાળ કરી મેળવી બધાના વજનથી ચાર ઘણું ઘી લઇ સર્વને ત્રાંબાના વાસણમાં ત્રાંબાના લોટાથી ત્રણુ કલાક ઘુટીને મલમ તૈયાર કરવો આ મલમ ચોપડવાથી ખસ દરાજ લુખસ ખરજવુ વિચર્ચીકા વીગેરે કુષ્ટ રોગોમાં તાત્કાળીક ફાયદો કરે છે.

રક્તપિત પત્તનો ઉપાય.

વૈદ શીવશંકર મનોરભાઇ લોકલબોર્ડ દવાખાના સુણીબાસ

ચોપડવાનો મલમ–હળદર માસા દશ અને પારો માસા એ બન્નેને ભેગાં કરી બન્ને મળી જાય ત્યાં સુધી ખલવું પછી ગ ઘી નાખી બે પોહોર ખલ કરી મલમ તૈયાર કરવો. આ ર રક્તપીતના જખમોમાં ચોપડવો અથવા રેશા બોળીને મુકવા અને કાળા મલમની પટ્ટી મારવી જેથી પત્તના ધારા રૂઝાઇ જાય છે.

બીજો ઉપાય–દરદની શરૂઆતમાં વમનવિરેચન કરાવી નાગની કાંચળી માસા બે ખજુર સાથે દર અઠવાડીએ આપવી.

દાઝેલા ઉપર મલમ.

વૈદ સાંકળચંદ ભુલાભાઇ ચુડગર સીંધુસીપોળ નડીયાદ.

જેઠીમધનું મુળ, લીમડાનાં પાંત્રા, વડની કુમળી વડવાઈ, પીપ છાલ, હરડાબેડા, આમળા, પીપળાની છાલ, આંબાના પાંત્રાની રાખ બધુ એક એક તોલો અને મીણુ તોલા ૧૮, ગાયનુ ઘી શેર ગાયનું દુધ શેર રાા, ચુનાનુ નીતરૂ પાણી શેર ૧ા, પ્રથમ ગાયનુ અને ચુનાનું પાણી ભેગુ કરી સારી રીતે ફીણવું ત્યારબાદ તેને ગા ઘીમાં રેડી ઉકાળવું જ્યારે ઉકાળતાં ઘી એખલું રહે ત્યારે તેમાં ં નાંખી એકરસ કરવું. ત્યારબાદ તેમાં ઉપરની વસ્તુ ખાંડીને તૈ કરેલી હોય તે નાખવી. અને ધીમા તાપથી ઉકાળી એકરસ ક પછી નીચે ઉતારી હાથ વડે ફીણીને મલમ તૈયાર કરવો. આ મ દાઝેલા ઉપર ચોપડવાથી તુરત આરામ થાય છે અને રૂજ આવી જાય

બીજો મલમ–ઘી તોલા ૧૬ લઇ ઉનું કરી તેમાં મોર તોલો ૦ા નાખી નીચે ઉતારી મીણુ તોલા ૨ નાંખવું તે ગળી (એટલે તેમાં કંકુ બોદાર સીંદુર અને હીંગલોક એકેક તોલો વા નાંખવાં, પછી પાણી નાંખીને ખુબ ફીણવું એટલે મલમ તૈયાર ર

વિસ્ફોટકનો મલમ-કાથો તો. ૧, સીંદુર તો ૦ાા, માયા ૦ા કપુર તો. ૧, ટંકણખાર તો. ૦ાા બધી વસ્તુને વાટીને વસ્ત્રગાળ કરવી પછી ઘી તોલા ૧૩ લઇ કાંશાની થાળીમાં ૧૨૧) વાર પાણીથી ધોવું પછી ઉપરની ચીજો મેળવી કાંશાની થાળીમાં કાંશાની વાડકીથી ચાર પ્હોર ઘુટવું આ મલમથી વીસ્ફોટક ખરજવુ ગરમીના ચાંદા દરાજ અને બીજા જખમોમાં તાત્કાળીક અસર કરે છે.

રૂજાવવાનો મલમ.

રમણલાલ વીઠ્ઠલદાશ પરીખ નડીયાદ

રાળ તો. ૪ કાથો તો. ૧ાા બોદાર તો. ૦ાા એ ત્રણ વસ્તુ વાટીને વસ્ત્રગાળ કરવી પછી સરસીયું તેલ તોલા ૮ લઇ પાણી તોલા ૮ નાંખીને ફીણવું પછી ઉપરની વસ્તુ નાંખી પાણી નાખીને સારી પેઠે ફીણવું એટલે મલમ થસે એ મલમ જખમોમાં ચીરા પડયા હોય તેમાં ચોપડવાથી રૂજ આવે છે.

બીજો મલમ—મીણ તો. ૧ કોકમનું ઘી તો ૦ાા કલઇ સફેતો તો. ૦ાા રાળ તો. ૦ાા બોદાર તો. ૦ાા એ બધાને બારીક કરવું અને ગાયનું ઘી તોલા ૫ લઇ તેમાં કોકમનું ઘી તથા મીણ ઓગાળી બીજી વસ્તુઓ નાંખી મેળવી કાંશાની થાળીમાં લઇ એકસો વખત પાણીથી ખુબ ફીણીને ધોવું એટલે મલમ થસે આ મલમથી સઘળી જાતના ગડ-ગુમડ ગરમીના ચાંદા વીગેરે મટે છે.

વાગેલા અને ભાંગેલા માટે લેપ.

મગનલાલ રામચંદ્ર ભગતજી રંગુનવાળા વૈદ.

કાચ ઓળીયો તોલા ૫. હીરા બોળ તોલા ૨ાા. રૂમી મસ્તગી તોલા ૨ાા. શેરી લોબાન તોલા ૨ાા. ગુગળ તોલા ૨ાા. રેવંચીનો શીરો તોલા ૨ાા. સાજી ખાર તોલા ૨ાા. રસવંતી તોલા ૧ાા.

સુરીજન તોલા ૧।. આંબાહળદર તોલા ૧।. સુંઠ તોલા ૧।. સેલખડી તોલા ૧।. લોધર તોલા ૧।. સુકા આંબળા તોલા ૧।. બિંઢળ તોલા ૧।. ૧૬ ગુજ્જર તો. ૧।.

ઉપર જણાવેલી ચીજોમાંથી નંબર ૧-૨-૩-૪-૫ સિવાયની દરેક ચીજોને ખાંડી બારીક બનાવી વસ્ત્રગાળ કરીને રાખવી, અને નંબર એકથી પાંચ સુધીની ચીજોને એક પછી એક પાણીમાં તાપ ઉપર ગાળવી અને તે ગળી ગયા પછી કપડા વડે ગાળી લેવું અને તે પાછું તાપ ઉપર ચઢાવી ખડખડાવવું અને તે માંહે વસ્ત્રગાળ કરી રાખેલી બીજી ચીજો એકપછી એક નાંખતા જવી અને હલાવતા રહેવું. અને તેમાં મહુડાનો દારૂ એક શેર અંદાજથી નાંખવો. એ નહીં મળે તો બ્રાન્ડી નાખવી અને ઉકાળતા રહેવું જ્યારે જાડું ચોપડવા જેવું થાય ત્યારે ઉતારી લઇ ઠંડુ પડયા પછી દાબડામાં ભરી રાખવો. આ લેપ ઘણોજ સારો છે. આ લેપ લગાડી રૂ ચોંટાડી એ ઉપર પાટો બાંધી દેવાથી વાગેલા, ભાંગેલા, સુજેલા, મોચકાયેલા અને અચકાયેલા દરદો ઉપર ઘણીજ સારી અસર કરે છે. આ લેપ બનાવવા માટે દેશી દારૂ અથવા બ્રાન્ડી નહીં મળે તો ફકત બળદના મુત્રમાં તૈયાર કરવાથી પણ સારો ફાયદો કરે છે.

ખસ અને ખરજવાનો મલમ

વૈદ જાદવજી નરભેરામ શાસ્ત્રી મુ. સદેલા પો. બજાણા

જીરૂ શાહજીરૂ હળદર આંબાહળદર મરી સીંદુર ગંધક મનસીલ પારો પ્રથમ પારા ગંધકની કજલી કરી પછી બીજી વસ્તુઓ મેળવી પછી તેમાં ગાયનુ ઘી મલમ થાય તેટલુ નાંખી મલમ તૈયાર કરવો ઉપરની વસ્તુઓ સરખે ભાગે લેવી આ મલમ ચોપડવાથી ખસ દાદર ખરજવુ ગુમડાં વીગેરે સારા થાય છે.

દરદને પકવવાની પોટીસ.

કાળીદરાખ કાંદા ખજુરની હગાર અને સમુદ્રશોસના પાત્રા એનું સરખે ભાગે લઇ બારીક વાટી પાણીમાં ખદખદાવી કપડા ઉપર ચોપડી દરદ ઉપર મુકવાથીઃ કાચા દરદો પાકીને ફુટી જાય છે તેમજ કઠણ ગાંઠો પણ પાકી જાય છે.

બદગાંઠ, ગુમડા, કંઠમાળના ચાંદાનો મલમ.

વૈદ ભાભશંકર નરોત્તમ પુરોહિત શુકલતીર્થવાળા.

રાળ તોલો ૧, હીરાદખણુ તોલો ૧, શેરીલોબાન તોલો ૧, સીદુર તોલો ૧, સફેતો તોલો ૧, મીણ તોલા ૩, મીઠું તેલ તોલા ૬, પ્રથમ તેલને ગરમ કરી તેમાં મીણ નાખી તે ઓગળી ગયા બાદ બાકીની વસ્તુઓનું ચુર્ણ નાખી ઘુંટવું જેથી મલમ થશે તે મલમની પટી બદગાંઠ, ગુમડાં, કંઠમાળના ચાંદા પર લગાવવાથી તે રૂઝાઇ જાય છે.

કંઠમાળનો ઉપાય.

પારો તોલો ૧, ગંધક તોલો ૧, શેરીલોબાન તોલો ૧, ગુગળ તોલો ૧||, કપુર તોલા ૬, પ્રથમ પારા ગંધકની કજલી કરી બાદ બાકીની વસ્તુઓનું ચુર્ણ કરી તેમાં મેળવી તડકામાં ખુબ ઘુટવું જેથી મલમ જેવું થાય તેની લુગડા ઉપર પટી કરી ગાંઠ ઉપર લગાવવી જેથી ગાંઠ ફુટે અને ફૂટેલ હશે તો રૂઝ લાવશે.

ચાંદી ટાંકીનો ઉપાય.

વૈદ ચતુરદાશ વસરામભાઈ મુ. બાવળા

હીરા દખણુ, રસ કપુર, કંપીલો, માયા, એલચી, શંખજીરૂ, સાકર ઉપરની વસ્તુઓ સમભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ કરી ગાયનું ઘી શેર ૦)= સો વખત ધોઇ તે સરવે વસ્તુઓ નાંખી મલમ બનાવી ડબીમાં ભરી દેવું આ મલમથી ચાંદી ટાંકી મટી જાય છે.

ભગંદરનો મલમ.

તેલ શે. ૦। મીણ શે. ૦)= સીંદુર શે. ૦)= માંથાના વાળ શે. ૦)= અને સાપની કાંચળી ૦)= પ્રથમ તેલ ગરમ કરવું પછી સીંદુર નાંખવું સીંદુર કાળુ થાય ત્યારે મીણ નાંખી વાળ નાંખવા પછી કાંચળી નાંખવી પછી નીચે ઉતારી લોઢાના દસ્તા વડે ગરમ ગરમ ખુબ ઘુંટવું પછી ડબામાં ભરી લેવું આ મલમથી ભગંદર ઉંદરી ગમે તેવા ગુંમડાં પાચપરૂ લોહી વહેતા મટે છે.

ખસ માટે ચમત્કારી મલમ.

વૈદ આણંદજી અને પીતાંબર સવજી કુંડળા કાઠીયાવાડ

કળીચૂનો લઇ તેને તલના તેલનું મોણ દેવું પછી તે ચુનો પચાસ પાણીએ ધોવો એટલે તેનો ઘણો સારો અને સુવાળો મલમ બનશે તેની ડબીઓ ભરી લેવી આ મલમ ખસ પર લગાવવાથી થોડા દિવસમાં ખસ નાબુદ થશે અને ભરાયેલા ફોલ્લા તુરત ફુટી જશે.

કરોળીયાના ઉપાય.

સરસવ કાળીજીરી જેઠીમધના મૂળનો ભૂકો એ ત્રણે ચીજોને ખાંડી કપડછાણ કરીને મૂળાના પાકા પાનનો રસ કાઢીને તેમાં મેળવીને ચોપડવાથી કરોળીયા મટી જાય છે.

દરદ પકવવાનું પોટીસ.

વૈદ પોપટલાલ વસરામભાઇ વીરમગામ ગોલવાડ.

મીઠી આવળ તો. ૧, કબુતરની હગાર તો. ૦।, ગોળ દેશી બેઆની ભાર, રેવંચીનો શીરો બેઆની ભાર, ચારે વસ્તુને બારીક વાટી પાણી નાખી પોટીસ બનાવી મુકવાથી એક દીવસમાં ઓપરેશન વગર દરદને ફોડી નાખે છે, પણ પોટીસ દીવસમાં ત્રણવાર બદલવું.

ચાંદીનો મલમ—વાંસકપુર તો. ૦॥, બરાશકપુર તો. ૦॥, એલચી તો. ૦॥, આમળાં તો. ૧॥, પ્રથમ આમળા તથા એલચીને બળે ત્યાં સુધી સેકવાં આમળાંના કોયલા કરવા અને એલચીને બદામી

રંગની કરવી પછી એરંડાની મીંચ તોલા ચારને જીણી વાટી તેમાં ઉપરની વસ્તુ વસ્ત્રગાળ કરીને મેળવીને ઘુટવી પછી ગાયનું ઘી સારી પેઠે ધોઈ તેમાં ઉપરનું બધુ મેળવી મલમ કરી લગાડવાથી ચાંદી ટાંકી મટે છે.

બદ અને પાઠાનો મલમ.

વૈદ દયાશંકર મોરારજી ધંધુકા.

પીળો એરંજો શેર ૧, પીળુ મીણુ શેર ૧, તલનું તેલ શેર ૧, પ્રથમ મીણુ ઉનું કરવું તેનો રસ થાય એટલે એરંજો વાટીને નાખવો બન્ને એકરસ થઇ જાય એટલે તેલ નાખવું અને હલાવીને નીચે ઉતારી સારી પેઠે એકરસ કરી ગાળીને બીજા વાસણમાં ભરી લેવો જો મલમ કઠણુ કરવો હોય તો તેલ ઓછુ નાંખવું આ મલમની પટ્ટી મારવાથી બદ-પાઠુ-ગડ-ગુમડ-સડો જખમ વીગેરે મટે છે.

દાઝેલાનો મલમ-કળીચુનાને પાણીમાં પલાળી ઉપરથી નીતરૂ પાણી કાઢી નાખવું વળી ફરીથી પાણી રેડી હલાવી ઠરે એટલે પાણી કાઢી નાખવું. એમ સાતવાર કરી પછી તે ચુનાને સુકવી ઘુટીને વસ્ત્ર-ગાળ કરી મુકવો અને તેમાંથી થોડા તલના તેલમાં અથવા ધોયલા ઘીમાં મેળવીને દાઝેલી જગ્યાએ ચોપડવાથી રૂજ આવે અગર આ મલ-મમાં ઉંચી ગળી મેળવી દાઝેલા ભાગને ઉના પાણીથી ધોઇ પછી પીછી વતી આ મલમ ચોપડવામાં આવે તો ઘણો સારો ફાયદો થાય છે.

હાથ પગ ફાટે તેનો મલમ-રાળ, પારો, સાબુ, મીણુ એ સમાન ભાગે લઇ માખણ કે તેલમાં નાખી મલમ બનાવી ચોપડવાથી હાથ-પગ અને ચામડીનું ફાટવું વીગેરે મટે છે.

ખરજવાનો ઉપાય.

વૈદ વિરમજી વઘાજી સીવીલ ઇસ્પીતાલ પાસે અમદાવાદ

પારો સાજી અને સોમલ માંખણમાં ખલ કરી ચોપડવાથી ખરજવુ મટે છે.

ખસનો ઉપાય—મરી સીંત્રવ સીંદુર અને મનસીલ સરખે ભાગે લઇ વાટીને માંખણુમાં નાખી ચોપડવાથી ખસ ફોલ્લા વીગેરે મટે છે.

ચાંદા અને ગોડ—કંપીલો હીરાદખણુ સરખે ભાગે વાટી ઘી મેળવીને મલમ કરી લગાડવાથી ચાંદા તથા ગડગુમડ મટે છે.

કાખ બલાઈ—સેરી લોબાન ખુબ ઝીણું વાટી પાણીમાં લસોટી લેપ કરવાથી બદ તથા કાખબલાઇ મટે છે.

મસાનો ઉપાય—હીમજીહરડે અને સાકર ત્રાંબાના વાશણુમાં ઘસીને ચોપડવાથી મશા મટે છે. તેમજ કાસંદરાના પાત્રાને ઝીણા વાટી મશા ઉપર લુગદી બાંધવાથી મશા મટે છે.

ઉંદરી ખસ અને ખરજવાનો ઉપાય.

વૈદ છગનલાલ રાયચંદ મુ. ગાબટ વાયા તલોદ

કંપીલો તો. ૨ સંખજીરૂ તો. ૨ મોદાર તો. ૧ મનસીલ તો. ૧ મોરથુથુ ફુલાવેલુ તો. ૦। ટંકણુ ફુલાવેલો તો. ૧ પારો તો. ૦॥ ગંધક તો. ૧ પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં બીજી વસ્તુ નાંખી ખુબ બારીક ઘુટી પછી દવા તોલા ચાર નાંખી બરાબર મેળવી ચોપડવાથી માથાની ઉંદરી દરાજ ખરજવું ખસ વીગેરે મટે છે.

દાઝેલા માટે મલમ.

વૈદ મણીલાલ–છોટાલાલ–સોની સોનીવાડ ડભોઈ

વીલાયતી ગળીનું પડીકુ લાવી તેને પાણીમાં કાલવી ચોપડવાથી દાઝેલાના ફોલ્લા મટે છે ફોલ્લાને કાતરથી કાપી નાખવા અને આ દવા પીછી વડે ચોપડવી તેમજ ફુલાવેલુ મોરથુથુ વાલ એક લઇ તેનું પાણી કરી તેનાથી દાઝેલી જગ્યા ધોવી જેથી દાઝેલામાં સારો ફાયદો થાય છે.

પરચુરણ મલમો.

રૂજનો મલમ–તલનું તેલ શેર ૧, સીંદુર શેર ૦ાા, મીણ શેર ૦ા પ્રથમ તેલને અગ્ની ઉપર મુકી તેમાંથી ધુમાડા નીકળે એટલે મીણ નાંખવું, અને મીણ ગળી જાય એટલે સીંદુર નાંખી હલાવવું જ્યારે મલમની ચાશણી થાય ત્યારે ઉતારીને બીજા વાસણમાં ભરી લેવો. આ મલમ કાળા રંગનો થશે, અને તમામ જાતના દરદમાં પટ્ટી મારવાથી દરદોને રૂજ લાવી સારા કરે છે.

બીજી જાતનો મલમ-રાળ તો. ૨, સીંદુર તો. ૧૦, બોદાર તો.૨, પીળુ મીણ તોલા ૧૦, તલનું તેલ તોલા ૩૦, પ્રથમ તેલ અને મીણને અગ્ની ઉપર પીગલાવી પછી બીજી વસ્તુઓ વસ્ત્રગાળ કરીને નાખી એકરસ કરી મલમ તૈયાર થાય એટલે ઉતારી બીજા વાસણમાં ભરી લેવો. આ મલમની પટ્ટી મારવાથી બદ, પાઠા, નાસુર ગોડ, ચાંદા વીગેરે મટે છે.

બેરજીનો મલમ–બેરજી શેર ૦ાા, રાળ શેર ૦ા, સીંદુર નવટાંક તેલ શેર ૦ાા, પ્રથમ બેરજી તથા રાળને વસ્ત્રગાળ કરવાં. પછી તેલ ચુલે ચડાવી તેમાંથી ધુમાડા નીકળે એટલે બીજી વસ્તુઓ નાખીને હલાવવું એકરસ થાય અને ઉભરો આવે એટલે નીચે ઉતારી લેવું. આ મલમની પટ્ટી મારવાથી સઘળી જાતના રશો તેમજ નહી પાકતાં દરદો વેરાઇ જાય છે.

પકવવાનો મલમ–ફુલાવેલો મોરથુથુ તોલા ૨, બાવળનો કોલસો તોલો ૧, સંચોરો તો. ૧, સાબુ તોલો ૧, દીવેલ શેર ૦ા મીણ શેર ૦ા, પ્રથમ દીવેલને અગ્ની ઉપર મુકી તે ગરમ થાય એટલે મીણ નાખી ઓગાળવુ, પછી બીજી વસ્તુઓ બારીક વાટીને નાંખવી જ્યારે બરાબર મલમની ચાશણી થાય ત્યારે ઉતારી લેવું આ મલમની પટ્ટી મારવાથી ગમે તે દરદ નહી પાકતું હોય તો પાકીને ફુટી જાય છે.

બેરજાનો મલમ—બરેજો તોલા ૫ મીણ તોલા ૫ શેરીલોબાન તોલા ૫ અળશીનુ તેલ તોલા ૧૫ બધાને કડાઇમાં ભેગું કરી મંદ આંચ ઉપર ચુલે ચડાવી. કડાઇ ઉપર કડાઇની બરાબર વાસણ ઢાંકી દશ મીનીટ સુધી પકાવવું પછી ચુલેથી ઉતારીને ગરમ ને ગરમ ગાળી લેવું. પછી થંડુ થાય ત્યારે એ મલમની પટ્ટી કરીને દરદ ઉપર મારવાથી સઘલી જાતના દરદો જલદી રૂજાઇ જાય છે તેમજ ગાંડ ફોલ્લા ગરમી વીગેરેને પણ તાત્કાળીક મટાડી દે છે આ મલમની પટ્ટી ચાંદી-ટાંકી ઉપર મારવાથી તેને જલદીથી સુકવી નાખે છે.

દરદને પકવવાનો લેપ—ગુગળ–દીવેલીનીમીંજ–લીમડાના પાંત્રા ઘઉનો મેંદો અળસી સાબુ એ બધી વસ્તુ સરખે ભાગે લઇ ઝીણુ વાટી પાણી નાખીને અગ્ની ઉપર પકાવી દરદ ઉપર જાડો લેપ કરી ઉપર પાટો બાંધવાથી દરદ પાકીને ફુટી જાય છે પરંતુ આ લેપ દીવસમાં ત્રણ વખત નવો ચોપડવો.

દરદને ફોડવાનો લેપ–કરંજના બી ભીલામાં દંતીમુળ કરેણાનું મૂળ, ચીત્રાનું મૂળ જંગલી ખબુતરની હગાર કાગડાની વિષ્ટા ગીદ્ધની વીષ્ટા એ બધુ સરખે ભાગે લઇ વાટીને ઝીણું કરી પાણી નાખીને અગ્ની ઉપર પકવીને દરદ ઉપર જાડો લેપ કરવાથી પાકેલું દરદ જલદીથી ફુટી જાય છે.

આ લેપ ચોપડતા પહેલાં હાથી દાંતને પાણીમાં ઘસીને તેનું ટપકું દરદના વચલા ભાગમાં કરવું પછી તેના ઉપર આ લેપ જાડો ચોપડીને કપડાંનો પાટો બાંધવો જેથી એક દીવસમાં દરદ ફુટીને પરૂ નીકળવા માંડશે

બીજો લેપ—પીપલાની રાખ કળીચુનો અને સાજીખાર એ ત્રણ વસ્તુને સરખે ભાગે લઈ પાણીમાં ઝીણું વાટી દરદના વચલા ભાગમાં ટપકુ કરી તેના ઉપર અળસીના લોટનું જાડુ પોટીસ બાંધવવાથી દરદ ફુટી જશે.

દાહ સાંન્તી લેપ—કોઈ પણ દરદ રૂઝાતુ નહી હોય અને અંદર અગન બળતી હોય તો દહીનો પાણી કાઢી નાખેલો માવો પડેલા ઘા ઉપર બાંધવાથી દાહની સાંન્તી થાય છે તેમજ પાકેલું વૃણ રૂઝાઇને પરૂ નીકળતું બંધ થાય છે તેમજ દરદ સુકાઇ જાય છે.

જંતુ નાસક લેપ—લીમડાના પાંત્રા સીતાફલીના પાંત્રા કાચરીનાં પાંત્રા સરખે ભાગે લઇ ઝીણા વાટી તેમાં થોડુ સરસીયું તેલ નાખી ગરમ કરી ઘા ઉપર બાંધવાથી તેમાં પડેલા જીવડા નીકળી જાય છે અને ઘા સાફ થઈ જાય છે.

વૃણ નાશક તેલ–કાળા મરી, લવંગ, ટંકણખાર, જાયફળ, એ ચાર વસ્તુ એકેક તોલો અને રેવંચીની ખટાઇ તોલા ૧૦, અને સરસીયું તેલ તોલા ૨૦, તેલ સીવાય બીજી વસ્તુને બારીક વસ્ત્રગાળ કરી તેમાં દહીનું પાણી નાંખીને ઘુટવું જ્યારે લોચા જેવું થાય ત્યારે તેલમાં નાંખી અગ્ની ઉપર ધીમી આંચથી પકાવીને થંડુ પડે ત્યારે ગાળી લેવું આ તેલમાં રૂનું પુમડુ બોળી દરેક પ્રકારના વૃણો અને ઘા, ફાલ્લા રક્ત વિકારથી થયેલા ગુમડાં વીગેરે ઉપર દીવસમાં બેત્રણ વાર લગાડવાથી સઘળી વીક્રીયા મટી જાય છે, તેમજ આ તેલ ચોપડવાથી વૃણો ઉપર માખી બીલકુલ આવતી નથી.

ગડુચી તેલ–તાજી ગળવેલ તોલા ૫, લીલીહળદ તોલા ૫, લીમડાના પાંત્રા તો. ૫, એ ત્રણ વસ્તુને બારીક વાટી તલનું તેલ તોલા ૨૦ લઇ તેમાં નાંખી ધીમા તાપ ઉપર ઉકાળી તેલ સીદ્ધ કરી ગાળીને બાટલીમાં ભરી લેવું એ તેલ દરેક જાતના વૃણો નાસુર વીગેરે ઉપર ચોપડવાથી દરદને રૂજવે છે.

ચીત્રકાદી તેલ—ચીત્રક આંકડાનું મૂળ ગુલરની છાલ નીસોતર સફેત કણેરના પાંત્રા ગળવેલ વજ કલાર માલકાંગણી હડતાલ સાજીખાર એ સઘલી વસ્તુ દોઢ દોઢ તોલો લઇ બારીક વાટી પાણી નાંખીને ચટણી જેવું કરવું પછી તલનું તેલ તોલા ૩૦ લઈ તેમાં ઉપરની વસ્તુઓ નાંખી ધીમા તાપે તેલ સીદ્ધ કરી ગાળીને બાટલીમાં ભરી લેવુ આ તેલથી ભગંદર નાસુર અને નાડીવ્રણુ મટે છે દીવસમાં ત્રણુ વખત રૂના પુમડાથી આ તેલ દરદ ઉપર ચોપડવું.

કરવીરાદી તેલ—કરેણુના પાત્રા ગુગળ હળદ ઇંદ્રજવ સીંધવ ખાર અને આંકડાનું દુધ એ બધુ બબે તોલા લઈ પ્રથમ ઉપરની પાંચ વસ્તુ બારીક વાટી તેમાં થોડુ પાણી નાંખી લોચો કરવો પછી તેમાં આંકડાનું દુધ મેળવીને રૂપીઆ રૂપીઆ ભારની ટીકડીઓ બનાવવી પછી તલનું તેલ શેર ૦॥। અગ્ની ઉપર ચડાવી તેમાં એકેક ટીકડી ભજીયાની માફક તે કાળી થાય ત્યાં સુધી તલવી થંડુ પડે ત્યારે કપડેથી ગાળીને બાટલીમાં ભરી લેવું. આ તેલમાં રૂનું પુમડુ બોળી સઘળી જાતના નહી રૂજાતા દરદોમાં લગાવવાથી બધા દરદો રૂજાઇ જાય છે તેમજ ભગંદર અને જુના નાસુરમાં પણુ સારો ગુણુ કરે છે.

સમાપ્ત.

અર્શ—રોગ અને તેના ઉપાયો.

ઇનામી નીબંધ ઇનામ સોનાનો ચાંદ.

આ અર્ષ રોગનો નિબંધ અગાઉ હમે છુટો પ્રસીદ્ધ કર્યો હતો. તે વૈદોને તેમજ ઇતિર લોકોને એટલો બધો પસંદ પડયોકે તેની પુષ્કળ માગણી થવા લાગી. એટલુંજ નહી પણ અર્ષરોગ એ ચામડીના રોગ સાથે નીકટનો સંબધ રાખનાર રોગ છે. તેમજ આ નિબંધમાળામાં બીજો કોઇ નીબંધ દાખલ કરવામાં આવ્યો નથી કારણ વૈદોની માગણી નીબંધ કરતાં ઉપાયની વધારે હોવાથી હમે આ પાંચમા ભાગમાં ફક્ત આ અર્ષ રોગનોજ નીબંધ દાખલ કર્યો છે. અર્ષ રોગના સંબધમાં બીજા નીબંધો હમારી પાસે તૈયાર છે. પરંતુ આ નીબંધને માટે અમદાવાદમાં ભરાયલા ગુજરાત પ્રાન્તીક આયુર્વેદીક સંમેલનમાંથી સોનાનો ચાંદ આ નિબંધના લેખક ડાકટર–ગોવીંદરાવ હનમતરાવ મીરજવાળાને મળેલો છે. જેથી બીજો નીબંધ નહી આપતાં આ નીબંધ દાખલ કર્યો છે.

આ નિબંધના સબંધમાં કોઇ પણ ગ્રહસ્થને કે વૈદરાજને કોઇ બાબત પુછાવવી હોય તો આ નીબંધને છેડે આપેલા ડાકટર ગોવીંદરાવને સરનામે જવાબ માટે ટીકીટ બીડીને પત્ર લખવો જેથી યોગ્ય ખુલાશો મળશે.

નિદાન—વાતાદિ દોષ ત્વચા, માંસ અને મેદ એને દુષિત કરીને મળદ્વારમાં અનેક આકૃતિવાળા માંસાકુર ઉત્પન્ન કરે છે, તેને હરસ (મસા) કહેવામાં આવે છે. હરસ થવાના કારણ આ પ્રમાણે છે.

આખો દિવસ બેસી રહેવું, થોડી મ્હેનત કરવા છતાં વધુ પડતો ખોરાક લેવો, તીખાં અને તમતમતાં મસાલાઓનો છુટા હાથે વાપર,

જલદ દારૂ પીવો, ઘણા ઉન્હા વા ઠંડા પદાર્થ વારંવાર ખાવા, હંમેશની કબજીયાત અને તેને અંગે વારંવાર સખ્ત રેચ લેવો, અતિશય ચાહ પીવી, શેવ, મમરા, ભજીયાં, ગાંઠીયા, પાતરાં, ઢોકળાં વિ૦ ખૂબ ખાઇ ઉપરથી ગરમા ગરમ ચાહ પીવી, હદ ઉપરાંત નાટક, સીનેમા ઇ૦ ના કારણે ઉજાગરા કરવા એટલે કબજીયાત ઉત્પન્ન થાય છે, અને કબજીયાત એજ આ રોગનું મૂળ કારણ છે, તેમજ બરોળ, કલેજામાં બીગાડ, ગાંઠ, સંગ્રહણી વિ૦ ઉપદ્રવ તેમજ મિથ્યા આહાર-વિહારને લઇને વાતાદિક કુપિત થવાથી હરસ ઉભળે છે.

અર્શ-રોગ ગુદા દ્વારની અંદર ૫॥ (સાડા, પાંચ) આંગળની વચ્ચે પ્રવાહિણી, વિસર્જની, અને સમવર્ણી, એટલે મળને નીચે ખસેડનાર, મળને છુટો પાડનાર, અને ગુદાને પાછી સંકોચનાર એમ ત્રણ પ્રકારની વળીઓ છે, તેમાંજ બધી જાતના અર્શ-રોગ ઉત્પન્ન થાય છે. અર્થાત અર્શ-રોગનું આ ક્ષેત્રજ છે.

આ અર્શ-રોગને શાસ્ત્રકારોએ છ પ્રકારના વર્ણવ્યા છે. વતાર્શ, પિત્તાર્શ, કફાર્શ, સન્નિપાતાર્શ, રકતાર્શ, અને સહજાર્શ નામના છ પ્રકાર છે. પરંતુ તેમાં આજકાલ મુખ્ય બેજ પ્રકાર જોવામાં આવે છે. ૧ ખુની અને ૨ બાદી; એટલે કે શુષ્ક અને આર્દ્ર એવા બે ભાગમાં વ્હેંચાયલા છે. અને તે અકેક જાતના ગુદાના પ્હેલા, બીજા અને ત્રીજા આંટા (વળી)માં થાય છે; તેથી ખુની અને બાદી એવી બે જાતોમાં ત્રણ-ત્રણ સ્થાન ગણતાં છ પ્રકાર થાય છે. ખુની હરસમાંથી લોહી પડે છે, અને બાદી હરસમાંથી લોહી પડતું નથી. પરંતુ તેમાં ફાટ ચાલે છે. આ ખુની અને બાદી બે પૈકી કોઇપણ જાતના હરસ ગુદાની પ્હેલી વળીમાં થયા હોય તો તે બ્હાર દેખાયા કરે છે અને બીજી વળીમાં હોય તો તે ઝાડો થતી વખતે બ્હાર નીકળે છે અને દબાવવાથી

પાછા ઉપર ચઢી જાય છે, પણ ત્રીજી વળીમાં થયેલા મસાઓ કોઇ પણ વખતે બ્હાર નીકળતા નથી પરંતુ અંદર રહીનેજ પીડા કર્યા કરે છે. આ ઉપરથી એટલું કહી શકાય કે પ્હેલી વળીમાં થયલા હરસ સાધ્ય છે, બીજી વળીવાળા કષ્ટ–સાધ્ય છે અને ત્રીજીવળીમાં થયેલા હરસ અસાધ્ય છે. એ પ્રમાણે કલ્પના કરી શકાય.

અર્શનું પૂર્વરૂપ–હરસ થવાના હોય ત્યારે પેટમાં ગડગડાટ થાય છે. અર્થાત્ અન્ન બરાબર પાચન નથી થતું, શરીરમાં દુર્બળતા આવી પીઠમાં વેદના થાય છે, વાંસો ફાટફાટ થાય છે, પેટ ચઢે છે, વારંવાર ઓડકાર આવે છે, મળ બંધાઇ જાય છે, સંગ્રહણી, પાંડુ વા ઉદર–રોગ ઉત્પન્ન થાય છે. આ બધાં કારણો અર્શ–રોગનું પૂર્વરૂપ સૂચવે છે.

હવે આપણે ઉપર ગણાવ્યા તે છ પ્રકારને જુદાજુદા લઇ તે દરેકના કારણ જોઇએ.

વાતાર્શના કારણ–તુરા, તીખા, કડવા, લુખા, ઠંડા, પદાર્થના અત્યંત સેવનથી થોડું ખાવાથી, તીક્ષ્ણ મદ્યપાન કરવાથી, અત્યંત મૈથુન કરવાથી, લંઘન કરવાથી, શીતળ દેશમાં રહેવાથી, અત્યંત વાયુ–સેવનથી વાતાર્શ–રોગ લાગુ પડે છે. એનાં લક્ષણ :–

જે હરસ સુકકા, કઠણ, કાળા રંગના, ચીમળાયલા, અણીદાર, મ્હોં આગળથી ફાટેલા અથવા ફેલાયલા, જેમાં સોય ઘોંચવાથી થાય તેવી વેદના થતી હોય તેવા, અને જેને લઇને ગરદન, ખભાં, કમ્મર, જાંગ અને સાંધા ઇ૦ માં દુખાવો થતો હોય તેવાને વાતાર્શ કહે છે. છીંક આવે, ઓડકાર આવે, મળનો અવરોધ થાય, તેથી અરૂચી, ખાંસી શ્વાસ, ઇ૦ થાય, કોઇવાર ખોરાક પચે અને કોઇવાર ન પચે અને એનાથી ગુલ્મ–પ્લીહા અને વાતષ્ઠીલા જેવા વ્યાધીઓ થાય તેને પણ વાતાર્શના લક્ષણો જાણવા.

પિત્તાર્શના કારણ–તીખા, ખાટા, ગરમ, ખારા એવા પદાર્થોનું અતિ સેવન, અતિશય કસરત કરવી, તાપ આગળ ઘણો સમય બેસી રહેવું, ઉષ્ણ પ્રદેશ અને ઉષ્ણકાળમાં રહેવું, ક્રોધ કરવો, દારૂ પીવો, અને દારૂ ઉત્પન્ન કરનાર પદાર્થ ખાવા વિ૰ કારણોથી પિત્તાર્શ લાગુ પડે છે. એના લક્ષણ નીચે મુજબ :–

મસા (હરસ)માંથી પાતળા લોહીનો શ્રાવ થાય છે અને તેમાંથી ખાટી ગંધ આવે છે. આ મસા બારીક, કોમળ, બિલાડીના આંચળ જેવા થાય છે, તેનાથી બળતરા થવી, ગુદાનું પાકવું, તાવ આવવો, પરસેવો થવો, તરસ લાગવી, મુર્છા પામવી, અરૂચી જણાવી, અને ભ્રમ ઉત્પન્ન થવો વિ૰ થાય છે. પાતળો પીળા રંગનો અથવા રાતા રંગનો અને આમયુકત ઝાડો થાય છે. શરીરની ચામડી નખ, નેત્ર વિગેરે પીળા રંગનાં થાય છે. આ સર્વ લક્ષણ પિત્તાર્શના છે.

કફાર્શના કારણ—ગળ્યા, ચીકણા, થંડા, ખારા, ખાટા અને ભારે પદાર્થ અતિશય ખાવાથી મ્હેનત ન કરતાં આળસુ રહેવાથી, દિવસે ઉંઘવાથી બેઠક વા ગાદી–તકીઆ સાંબો વખત બેસી રહેવાની આદતથી, પૂર્વ દિશાનો પવન ખાવાથી અને શરીરની બેદરકારીથી કફના હરસ લાગુ પડે છે એનાં લક્ષણ નીચે મુજબ:—

કફાર્શના મસા કઠણ, થોડી વેદના કરનાર, સફેદ, ચીકણા, લાંબા અને ગોળ, સ્પર્શ કરવાથી રાહત મળતી હોય તેવી રીતે સારા લાગનારા, ભારી, ગુદા, બસ્તી અને નાભીમાં વેદના કરનારા, શ્વાસ, ખાંશી, હેડકી, મ્હોંમાંથી લાળનું ગળવું, અરૂચી, માથું ભારે થવું મૂત્ર કૃચ્છ, તાઢીઓ તાવ, નપુંપકત્વ, મંદાગ્નિ અને ઉલટી, ચરબી તથા કફયુકત મળનો ઝાડો કરનારા હોય છે. આ મસા હોય છે ત્યારે ચામડી, નખ અને નેત્ર ધોળાં થાય છે. આ બધાં લક્ષણ કફના હરસના છે.

રક્તાર્શના લક્ષણ—આ અર્શમાં વિશેષ લોહી છતાં, પિત્તાર્શના લક્ષણયુક્ત લાલ રંગના હોય છે તે જ્યારે કઠણ મળથી અત્યંત દબાયલા હોય છે ત્યારે તેમાંથી અકસ્માત લોહી સરવા માંડે છે એ લોહી વિશેષ જવાથી રોગી ફીક્કો પડતો જાય છે. શરીરની શક્તિ ક્ષીણ થતી જાય છે, કાળો કઠણ સુકકો ઝાડો થાય છે અને અપાન વાયુ છુટતો નથી આ સર્વ લક્ષણ રક્તાર્શના ગણી શકાય.

સન્નિપાતાર્શ તથા સહજાર્શના લક્ષણ—વાતાદિ ત્રિદોષજ અર્શના લક્ષણ એકજ છે. સહજાર્શ તો જન્મથીજ હોય છે. જેમાં ત્રણે દોષના લક્ષણ એકત્ર જોવામાં આવે તેને ત્રિદોષાર્શ જાણવા.

સાધ્યાસાધ્ય વિચાર—મ્હારની વળીમાં થયેલા હરસ એકજ દોષયુક્ત હોય અને તેને થયાને એક વર્ષ થયું ન હોય તો તે સુખ-સાધ્ય જાણવા અને બે દોષયુક્ત અને બીજી વળીમાં થયેલા હોય અને તેને એક વર્ષ વીતી ગયું હોય તો તે હરસ કષ્ટ-સાધ્ય જાણવા અને જે હરસ ત્રિદોષયુક્ત હોય અથવા જન્મ એટલે કે જન્મથીજ હોય અને અંદરની ત્રીજી વળીમાં થયેલા હોય તે હરસ અસાધ્ય જાણવા, અને જેના હાથ, પગ, ગુદા, નાભી, મોઢું, અને અંડકોષ ઉપર સોજો જણાતો હોય હૃદયમાં તેમજ વાંસામાં વેદના થતી હોય, તેમજ તૃષા, અરૂચી, શૂળ એના વડે દુઃખી હોય અને જેને ઘણું લોહી નીકળી ગયું હોય, સોજા અને અતિસારયુક્ત રોગી હોય તેને અસાધ્ય જાણવા.

ઉપાય ૧ લો—સોમલ તોલો ૧ ને ચોલાઇની ભાજીના રસમાં. દોલાયંત્રમાં બે કલાક બાફ આપવો પછી તે સોમલને વાટીને તેમાં શંખજીરૂ તોલો ા, કપુર તોલો ા, એ ત્રણે વસ્તુને પાણી સાથે વાટીને તેની સોગટી બનાવી સુકાવી મૂકવી જ્યારે હરસ કાઢવા હોય

ત્યારે હરસના રોગીને ઝાડો કરાવી મસા ધોઇ નાખી તે મસા ઉપર ઉપલી ગોળી પાણીમાં ઘસી તેનું ટપકું કરવું એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી મસા ફુલીને બ્હાર નીકળી આવશે પછી તેના ઉપર દહીં ભાતની લેપડી બાંધવી આમ કરવાથી સાત દિવસમાં મસા ખરી પડશે પરંતુ એટલું જરૂર યાદ રાખવું કે પ્રથમ દિવસે જે જગ્યાએ ટપકું કર્યું હોય તેજ જગ્યાએ બીજે દિવસે પણ ટપકું કરવું. બીજી જગ્યાએ કરવું નહિ. મસા ખરી પડયા પછી જખમ રૂઝાવા મલમ લગાડવો.

મલમ બનાવવાની રીત—ઘી તોલા ૫, મીણુ તો. ૧, સીંદુર તો. ૦॥, પારો તો. ૧, પ્રથમ ઘી ગરમ કરી તેમાં મીણુ મેળવી એકત્ર કરવું પછી એક તાંબાની કથરોટ અથવા થાળીમાં નાંખી તેમાં સિંદુર તથા પારો મેળવી તાંબાની લોટીથી ત્રણ કલાક ઘુંટવું. પછી આ પ્રમાણે તૈયાર કરેલા મલમને દાબડીમાં ભરી રાખનો આ મલમ જખમ ઉપર ચોપડવાથી થોડા દિવસમાં મસાના જખમ રૂઝાઇ જશે. આ ઉપાય અમે ઘણીવાર અજમાવી અનુભવ મેળવ્યો છે એનાથી વાતાર્શ, પિત્તાર્શ, તથા રકતાર્શ અને બધી જાતના મસા અજાયબ રીતે સારા થાય છે.

ઉપાય ૨ જો—હળદર તો. ૧, સોમલ તો. ૧, નવસાર તો. ૧, હિંગળોક તો. ૧, એ સર્વને ઝીણા વાટીને પાણીમાં ઘુંટી સોગટી બનાવી સુકવી મુકવી. આ સોગટી પાણીમાં ઘસી હરસ ઉપર ટપકું કરવું. એ રીતે ત્રણ–ચાર દિવસ ટપકાં કરવાથી મસા ફુલીને બ્હાર નીકળી આવે છે તેના ઉપર લીમડાના પાંતરાં વાટી તેમાં કાળી મરોડી મેળવી લુગદી બનાવી મસા ઉપર બાંધવી એટલે ઠંડક વળી પાંચ–સાત દિવસમાં મસા ખરી પડશે પછી તેના ઉપર નીચે જણાવેલો મલમ ચોપડવાથી રૂઝ આવી આરામ થશે.

મલમ—કપૂર તો ૦ા, અફીણ તો. ૦ા, લીંબોળીની મીજ તો. ૦ા, એળીઓ તો. ૦ા એને પાંચ તોલા ઘીમાં મેળવી જખમ ઉપર ચોપડવાથી રૂઝ આવી બધી જાતના મસા મટી જાય છે. આ ઉપાય પણ અમે ઘણીવાર અજમાવેલો છે.

ઉપાય ૩ જો–સોમલ ૧ ભાગ; હળદર ૧ ભાગ, રસકપુર ૧ ભાગ, સંચળ ૧ ભાગ એ ચારે વસ્તુ સમભાગ લઇને પાણીમાં ખૂબ ઝીણી વાટીને લુગદી વાળવા જેવી થાય એટલે તેની સોગટી બનાવી સુકવી મુકવી એ સોગટી પાણીમાં ઘસી મસા ઉપર ટપકું કરવું. એ પ્રમાણે બે-ત્રણ દિવસ ટપકાં કરવાથી બધા મસા બ્હાર નીકળી આવશે એટલે તેના ઉપર લુણીની ભાજી વાટીને, તેની લુગદી બનાવીને મસા ઉપર બાંધવાથી ઠંડક વળીને એક બે દિવસમાં મસા ખરવા માંડશે આ પ્રમાણે પાંચ સાત દિવસ લુગદી બાંધવાથી તમામ મસા ખરી પડશે એટલે પછી તેના ઉપર નીચે જણાવેલો મલમ ચોપડવો.

મલમ–બારતીકપૂર, સિંદુર, શંખજીરૂ, અને અફીણ એ ચારે વસ્તુને સરખે ભાગે મેળવીને, માખણમાં ઘુંટીને મલમ તૈયાર કરવો એ મલમ મસા ખરીને જ્યાં ખાડા પડયા હોય તેના ઉપર ચોપડવાથી બે ચાર દિવસમાં રૂઝ આવીને બધી જાતના મસા મટી જાય છે. લોહીના મસામાંથી પુષ્કળ લોહી પડતું હોય તો તે પણ એકજ દિવસ ચોપડવાથી લોહી બંધ થાય છે. ઉપર દર્શાવ્યા મુજબ જો બરાબર વિધિપૂર્વક ક્રીયા કરવામાં આવે તો જરૂર તમામ જાતના મસા સારા થાય છે, આ ઉપાયો અમને વંશપરંપરાથી મળેલા છે તેનો અમે અત્યાર સુધી સ્ફોટ કર્યો ન હતો તે આજે જનસમાજના કલ્યાણાર્થે કર્યો છે. આ ઉપાયો કરનારે ઘણી સાવચેતી રાખી, બુદ્ધિપૂર્વક વર્તવું.

દરદીની શકિત, દેશકાલ ૪૦ નો વિચાર કરવો અને ઉપચાર આદરવા. આ પ્રમાણે કરવામાં આવશે તો યશ અને દ્રવ્ય મળવા ઉપરાંત સમસ્ત જનસમાજનું કલ્યાણ પણ સાધી શકાશે.

ઉપાય ૪ થો–વવળતું સુરણ (અર્શોઘ્ન) શેર પાંચ લઇને તેને છુંદી તેમાં ફટકડી શેર ૧ મેળવી એક માટલીમાં ભરવું તેના ઉપર ઢાંકણું ઢાંકી કપડમાટી કરી, અર્ધો મણ છાણામાં ફુંકી દેવું. એટલે અંદર સફેદ રંગની ભસ્મ તૈયાર થશે એને વસ્ત્રગાળ કરી, કાચના બૂચવાળી (સ્ટોપર્ડ) શીશીમાં ભરી મૂકવી તેમાંથી રોજ સહવાર–સાંજ બે–આનીભાર પડીકું દહીંની તર સાથે એટલે દહીંની ઉપર જે મલાઇ આવે છે તે સાથે લેવું. આનાથી મસામાંથી ગમે તેવું લોહી પડતું તરત બંધ થશે આ ઉપાય પણ અમે અનેકવાર અજમાવી જોયો છે.

ઉપાય ૫ મો નાગકેસર, ન્હાની દુધેલી સુકી, ભોંયપાંતરી સુકી, જલપીપલ સુકી, અરીઠાની છાલ, અને સફેદ કાથો એ સર્વે વસ્તુ સમભાગે લઇને તેનું ચુર્ણ કરી વસ્ત્રગાળ કરવું એ ચુર્ણ દરવખતે પાવલીભાર જેટલું ફાકી ઉપરથી છાશ પીવી. એ પ્રમાણે દિવસમાંજ રોજ ચાર વખત પીવાથી લોહી બંધ થઇને મસા ચીમળાઇ જશે અને રકતાર્શ તથા પિત્તાર્શ બને જાતના હરસને આરામ થશે આ ઉપાય અમે અનુભવેલો છે.

ઉપાય ૬ ઠો—વવળતું સુરણ શેર ૫, (પાંચ) લાવી તેને છીણી વડે છીણીને તડકે સુકવી નાંખવું પછી તેને વાટી ચુર્ણ બનાવી વસ્ત્ર-ગાળ કરવું. એ ચુર્ણ ૦ (શુન્ય) નંબર (કેપ્સ્યુલ) વિલાયતી દવા વેચના-રાઓને ત્યાં મલે છે તે લાવી તેમાં ઉપલું ચુર્ણ ભરીને દિવસમાં ત્રણ વખત પાણી સાથે ગળાવવાથી થોડાજ દિવસમાં લોહી પડતું બંધ થઇ

મસા નરમ પડી જાય છે. આ ઉપર દહીં વા છાશ આપવી. આ ઉપાય ત્રણ મહિના લાગલાગટ ચાલુ રાખે તો ફરીથી હરસ ઉભળતા નથી. જ્યારે ઉપાય ચાલુ હોય ત્યારે ગોળ, હિંગ, દારૂ, વાલ, વટાણા એ વસ્તુઓને ત્યાજ્ય ગણવી.

ઉપાય ૭ મો—ત્રવળનું સુરણ લાવી તેને ભાતના છાલાની વચ્ચે મુકી સળગાવીને બાફી કાઢવુ પછી તે સુરણના ચકતાં કરીને સુકવી મુકવાં. ત્યાર બાદ તે વાટી તેમાંથી ચૂર્ણ તો, ૧૦ લઇ નાગકેસર તો. ૫, ફૂલવેલી ફટકડી તો. ૫, ગળોસત્વ તો. ૫, ગુગુની (કોથળાની) રાખ તો. ૫, એ સર્વ વસ્તુનું ચૂર્ણ કરી એકત્ર કરવું. પછી દિવસમાં બે-ત્રણ વખત નિયમીત લેવાથી થોડાજ વખતમાં ગમે તેવું લોહી પડતું હશે તો તેને બંધ કરી આરામ કરશે. પથ્યઃ-જુવારનો રોટલો અને મગની દાળ, અથવા દુધ, ભાત આ સિવાય બીજું કાંઇ ખાવું નહિ.

ઉપાય ૮ મો-હળદર, કડવાતુરીયાનાં બીજ, અને સિંધવ સમભાગ વાટી થુવેરના દુધમાં ખલ કરી ગોળી બાંધવી અને સુકવી મુકવી એ ગોળી ગો-મૂત્રમાં ઘસી મસા ઉપર લગાડવાથી મસા મટી જાય છે.

ઉપાય ૯ મો-સિંધવ અને કુકડવેલના બી (બંદાલના બી) કાંજીમાં અથવા ખાટી છાશમાં વાટી હરસ ઉપર ચોપડવાથી હરસ ખરી પડે છે. આ ઉપાય ચાલુ હોય ત્યારે તેલ, ગોળ, હિંગ અને દારૂ ૪૦ નો સર્વથા ત્યાગ કરવા ચુકવું નહિ નહિ તો ફાયદો નહિ થાય. પથ્યઃ-જુવારનો રોટલો ને મગની દાળ.

ઉપાય ૧૦ મો—હરડેદળ તો. ૧૦, મરી તો. ૪, પીપર તો. ૪, સુંઠ તો. ૪, પીપરીમૂળ તો. ૪, ચવ્યક તો. ૪, ચિત્રક તો. ૪, શુદ્ધ ભિલામા તો. ૩૨. જવખાર તો. ૮, અને ત્રવળતા સુરણનું ચૂર્ણ

તો. ૬૪, એ પ્રમાણે તમામ વસ્તુઓ મેળવી વસ્ત્રગાળ ચૂર્ણ કરી પછી તમામ ચૂર્ણથી બમણો જુનો ગોળ મેળવી, એકેક તોલાના લાડુ બનાવી મુકી રોગીની શકિત પ્રકૃતિ તથા દેશકાલ ઇ૦ નો વિચાર કરી આપવાથી તમામ જાતના હરસ–રોગ ચમત્કારીક રીતે સારા થાય છે. દવા અનુકુળ પ્રમાણમાં આપવી જોઇએ. બરાબર કાળજી રાખવામાં આવે તો આ ઉપાયથી હરસ અચૂક નાબુદ થાય છે. પ્રયોગ ઘણા વખતથી અમે અજમાવીએ છીએ. એના ઉપર છાશ (તક્ર)નું સેવન જરૂર કરાવવું. પિત્તપ્રકૃતિવાળાને અનુકુળ ન આવે તો બંધ કરવું. યાદ રાખવું કે ગર્ભિણીને આ ગોળી નહિ આપવી.

ઉપાય ૧૧ મો—ચિત્રકમુળ તો. ૪, વવળના સુરણનું ચૂર્ણ તો. ૮, સુંઠ તો. ૨, મરી તો. ૦॥।, ભિલામો તો. ૧, પીપરીમુળ તો. ૧, વાયવડંગ તો. ૧. હરડેદળ તો. ૧, બેહડાંદળ તો. ૧, આમળાં તો. ૧, પીપર તો. ૧, તાલીસપત્ર તો. ૧, વરધારો તો. ૮, નાડમુળ તો. ૧, તજ તો. ૧, અને એલચી તો. ૧ એ પ્રમાણે તમામ વસાણાને વસ્ત્રગાળ ચૂર્ણ કરી તમામ ચૂર્ણથી બમણો જુનો ગોળ મેળવી એકેક તોલાના લાડુ (ગોળી) કરવી એ ગોળી સ્હવાર–સાંજ એકેકી આપવાથી પંદર દિવસમાં હરસ નરમ પડે છે, વધારે વખત ચાલુ રાખવાથી ભૂખ સારી ઉપડે છે, હરસને લઇને થયેલા તમામ વિકારો નષ્ટ થાય છે, અને શરીર શક્તિવાન બને છે. આ ઉપાય ચાલુ હોય ત્યારે હિંગ, વાલ, દારૂ, ચાહ, દિવસની–નિદ્રા, રાત્રિનું જાગરણ ઇ૦ સર્વથા તાજ્ય કરવું આ ઉપાયથી અનેકને ફાયદો થયો છે.

ઉપાય ૧૨ મો—સમુદ્રફળને હાથીના મુત્રમાં ઘસી તેમાં થોડું અફીણ મેળવી દશ પંદર દિવસ લગાડવાથી મસા ચીમળાઇ જાય છે કળતર નરમ પડે છે અને સોજો ઉતરી જાય છે આ ઉપાય અજમાવેલો છે.

ઉપાય ૧૨ મો—દીવેલ (.એરંડીયું તેલ) તો. ૫, પત્થરના ખલમાં નાંખી સીસાના બત્તાથી ખુબ ઘુંટવું પછી તેમાં કપૂર તો. ૦ા કડવા તુરીયાના બીજનું ચૂર્ણ તો. ૦ા, અને અફીણ તો. ૧ મેળવી એકત્ર કરવું પછી તેમાં ફુલવેલો ટંકણખાર તો. ૦ા મેળવી મસા ઉપર ચોપડવું આથી તેની વેદના, કળતર, લોહીશ્રાવ, ઝાડો ઘણી વખતની વેદના તથા ઝાડો થયા પછી જે કલાક બે કલાક સુધી વેદના થાય છે તે તમામ નરમ પડે છે. અને હરસ ચીમળાઇ જાય છે.

ઉપાય ૧૪ મો મલમ–ટંકણખાર, માયુફળ, સુનાગેરૂ એ ત્રણે વસ્તુ વાટી ૧૦૮ વાર ધોયલા ઘીમાં મેળવી મલમ બનાવી ચોપડવાથી આરામ થાય છે.

ઉપાય ૧૫ મો મલમ–બે આનીભાર અફીણ, માયુફળનું ચુર્ણ તો. ૧; કપુરબત્તાસ તો. ૦ા, એ ત્રણે વસ્તુને માખણ તો ૫ માં મેળવી મલમ બનાવી મસા ઉપર ચોપડવાથી બેત્રણ દિવસમાં મસા ચીમળાઇ જાય છે લોહી પડતું બંધ થાય છે હંમેશ નિયમીત ચોપડયા કરવાથી ફરી ઉભળતા નથી.

ઉપાય ૧૬ મો લેપડી–ચાંચડીયો કલ્હાર, (ગંગાવતી) હળદર અને મીઠું એકત્ર કરી વાટી મસા ઉપર લેપડી બાંધવાથી મસા નરમ પડે છે. સાત આઠ દિવસ ચાલુ રાખવાથી ખરી પડે છે પછી તેના ઉપર જણાવેલા મલમ પૈકી કોઇપણ મલમ લગાડવાથી રૂઝાઇ જાય છે.

ઉપાય ૧૭ મો લેપડી–સુકી ભાંગ, ઝેરકચુરો (કુચલા) કડવા તુરીઆના બીજ એ બધુ વાટીને ઝીણું કરવું. એ ત્રણે વસ્તુ એકએક તોલો લેવી. પછી તેમાં બે આનીભાર અફીણ મેળવી તેની પાણીમાં લેપડી બનાવવી. આ મસા ઉપર બાંધવાથી મસા નરમ પડે છે.

ઉપાય ૧૮ મો મલમ–ખાખણ શેર ०।, અફીણ તો. ०।, બરાસકપૂર તો. ०।, એ ત્રણે વસ્તુ એકત્ર કરી મસા ઉપર ચોપડવાથી તેમ આંગળી વડે અંદરના ભાગમાં લગાડવાથી મસા જડમુળથી મટી જાય છે પણ એટલું યાદ રાખવું કે આ ઉપાય લાંબો વખત ચાલુ રાખવાનો છે. પાંચ સાત દીવસમાં તો ફક્ત નરમ પડે છે. આ ઉપાય અનુભવેલો છે.

ઉપાય ૧૯ મો–ઉંદરનું માંસ પાણીમાં નાખીને ખુબ ઉકાળવું એટલે હાડકાં અને માંસ છુટા પડી જશે. ત્યારબાદ તે પાણીને કપડાથી ગાળી લેવું આ પાણીમાં તલનું તેલ પાણીની ભારોભાર નાંખી તે પાછું ઉકાળવું. પાણી બળીને માત્ર તેલ રહે એટલે ગાળી લેવું એ તેલમાં કલઇ સફેદો અને બોદારપથરી (મુરદારસીંગ) સરખે વજને મેળવી, આમળ ઉપર ચોપડવાથી ગમે તેવી આમળ નીકળતી હોય તે તેમજ મસાના જોરથી બહાર આવતી હોય તે બેસી જાય છે. આ ઉપાય હમે ઘણીવાર અજમાવી ખાત્રી કરી છે.

ઉપાય ૨૦ મો–લાલ વાંદરાનું હાડકું લઇ તેને હાથીના મૂત્રમાં ઘસીને મસા ઉપર ચોપડવાથી ગમે તે જાતના મસા હોવ તો તે પણ સારા થાય છે.

ઉપાય ૨૧ મો–કાચી ફટકડી વાટી તેનું ચૂર્ણ કરી દહીંની મલાઇમાં મેળવી દિવસમાં ચાર વાર બે આની ભારનું પડીકું એક બનાવી આપવું. આથી ગમે તેવું લોહી પડતું હશે તે બંધ થશે.

ઉપાય ૨૨ મો–ઉબેડાના મૂળ નીચે ખાડો ખોદી, ખોદતાં જ્યાં જાડું મૂળ નીકળે ત્યાં મૂળની આજુબાજુની જગ્યા સાફ કરવી. મૂળને કુહાથી કાપો કરી તેની નીચે એક કોરૂં ઢોચકું મુળીયા સાથે

બાંધવું એટલે રસ ઢોચકામાં પડશે. અંદર માટી પડે નહિ તેથી ઢાંકણું દેવું આ પ્રમાણે રાતભર રહેવા દેવાથી ઢોચકું રસથી ભરાઇ જશે. એમાંથી રસ તો. ૧ લઇ જરા જીરૂ તથા સાકર નાંખી દિવસમાં ત્રણ વાર આપવાથી હરસમાંથી પડતું લોહી, રક્તપ્રદર, રક્તમેહ, બળતરા, ઊનવા તથા શ્વેતપ્રદર બંધ થાય છે. આ અનુભવેલું છે.

ઉપાય ૨૩ મો–ધુણી:–વાયવડંગ તો. ૧૦, ઝેરકચૂરો તો. ૧૦, ભાંગ તો. ૫, એ ત્રણે વસ્તુ વાટી, ભુકો કરી તેની ધૂણી મસા ઉપર દેવાથી નરમ પડે છે. ધુણી દેવાની રીત:–ખાડો કરી તેમાં દેવતા (અગ્નિ) ભરી તેના ઉપર ધુણીનું ચૂર્ણ નાખી ઉપર ચીલમ ઢાંકવી. એટલે ચીલમના છીદ્ર દ્વાર ધુમાડો બ્હાર નીકળે તે ધુમાડો મસા ઉપર દેવો એ પ્રમાણે ધુણી દેવાથી મસા નરમ પડી અંદર ચાલ્યા જાય છે. બહારના હોય તે ચીમલાઇ જાય છે. આ ઉપાય અનુભવેલો છે.

ઉપાય ૨૪ મો–ધુણી:–હાથીદાંતનો વ્હેર તો. ૧૦, વાયવડંગ તો. ૧૦, હિંગળોક તો. ૧. એ બધું વાટી ભૂકો કરવો એની પણ ઉપર મુજબ ધુણી દેવી. મોં ઉપર ધુમાડો જાય નહિ તેનું ધ્યાન રાખવું નહિ તો મ્હોં આવી જશે.

ઉપાય ૨૫ મો–ધુણી:–રસકપૂર તો. ૧, સુકા કેચવા (ભુનાગ) જે અલસીયા કહેવાય છે તે તો. ૫, અણબુઝાઉ ચૂનો તો. ૧, વાયવડંગ તો. ૫ એ બધું વાટી ચુર્ણ કરવું. એની ધુણી દેવાથી હરસ નરમ પડે છે. લોહી પડતું બંધ થાય છે.

ઉપાય ૨૬ મો–ધુણી:–ઘોડાના, માણસના, બળદના, ઘેટીના, નખ લઇ (સરખે ભાગે) ઝીણા કટકા કરવા. એની ધુણી દેવાથી મસા ચીમલાઇ બેસી જાય છે.

ઉપાય ૨૭ મો—ધુણીઃ—વાયવડંગ શેર ૦ાા, હિંગલોક તો. ૧ બન્નેનું ચુર્ણ કરી ધુણી દેવાથી મસા ચીમલાઇ ઉપર ચઢી જાય છે.

ઉપાય ૨૮ મો—ધુણીઃ—કાંટાવાળા ઉંદરની ચામડી ગાંધી લોકને ત્યાં મળે છે (આ ઉંદર ડુંગરવાળા પ્રદેશમાં થાય છે. કાઠીઆવાડમાં તેને 'સેલો' કહે છે. તેના વાળ કાંટા જેવા તીણાં હોય છે.) તેની ધૂણી દેવાથી બધી જાતના હરસ નરમ પડે છે.

ઉપાય ૨૯ મો—ધુણીઃ—ઢોરના શીંગડાના પોલાણમા ઉધાઇ લાગવાથી તેમાં ચીંથરા જેવા ગર બાઝે છે કે જે શીંગડાના મુળીયા તરીકે ઓળખાય છે તે તોલા ૫ (પાંચ) લઇને તેમાં મરીને સુકાઇ ગયેલા વગડાઉ ઉંદરનું માંસ તોલા ૫. અને હીંગ તોલા ૨. એ ત્રણે વસ્તુનું ચુર્ણ કરી એક નાના ખાડામાં કોલસાના અંગારા ભરી તેના ઉપર આમાંની થોડી ભુકી નાખી તેની ધુમાડી ગુદાને દેવી જેથી બહારના હરસ નિર્મળ થઇ જશે એટલુંજ નહિ પણ અંદરના હરસ બ્હાર નીકળી આવશે. આ પ્રમાણે થોડા દિવસ ધુણી દેવાથી તમામ હરસ ચીમળાઇ જશે. એ હરસ ચીમળાઇ જશે. એ હરસ ચીમળાઇ ગયા પછી તેના ઉપર સાજીખાર અને કળીચુનો એ બન્ને ચોક્ખે સરખે ભાગે લઇ, પાણીમા કાલવીને મસા ઉપર ચોપડવી તેથી સઘળા હરસ ખરી પડશે, પછી જે જગ્યાના હરસ ખરી પડયા હોય અને જયાં ખાડા પડયા હોય તે ઉપર હરડા, બેડા, આમળા, અને ગુગળ સરખે ભાગે લઇ તેને બાળી કાળા રંગની રાખ થાય એટલે તેને ધોયેલા ઘીમાં મેળવી ચોપડવી. આથી થોડા દિવસમાં બધા ધારા રૂઝાઇ જશે અને હરસનો વ્યાધિ જડમુળથી જશે. આ ઉપાય અમોએ જંગલની જડી-

બુટ્ટી નામના ગ્રંથમાંથી વાંચી અજમાવ્યો છે. એ વડે હરસ અજાયબ રીતે સારા થાય છે અને કોઇ પણ જાતની ઇજા થતી નથી.

ઉપાય ૩૦ મો—હરસના રોગમાં હંમેશ પેટની કબજીયાત રહે છે ને ઝાડાની હાજત વારંવાર થાય છે તેથી પેટ સાફ થાય એવા ઉપાય કરવાની ખાસ જરૂર છે. હરસવાળા દરદી માટે ખાસ જુલાબઃ-કાળી દરાખ તોલા ૨૦ લઇ તેના બીજ કાઢીને વાટવી પછી તેમાં સોનામખી તોલા ૫ હીમજી હરડે તોલા ૫ તથા સાકર તોલા ૫ તથા સંચળ તોલા ૫ એ સર્વ વસ્તુનું ચુર્ણ કરી દરાખમાં મેળવી ખૂબ ઘુંટીને લુગદી કરવી તેમાંથી એક તોલા પ્રમાણે ગરમ પાણી સાથે ખાવા આપવાથી અથવા ગરમ દુધ સાથે સાંજે એકજ વખત આપવાથી સવારે પેટ સાફ આવશે.

ઉપાય ૩૧ મો—જુલાબ ૨ઃ-સોનામુખી, સંચળ, હીમજી હરડે, ગુલાબકળી એ સર્વ સમભાગે લઇ વાટીને વસ્ત્રગાળ ચુર્ણ કરવું આ ચુર્ણનો રૂા. ૦ll ભારનો રાત્રે સુતી વખતે ગરમ પાણી સાથે ફાકી મારવાથી પેટ સાફ થઇ ખુલાસે ઝાડો છે.

ઉપર દર્શાવેલા ઉપાયો અમે ખાસ અનુભવેલા છે અને આ ઉપાયથી હજારો નહિ પરંતુ તેથી વધુ સંખ્યાના દરદીઓને હરસ રોગ મટાડયો છે. આ બદલ ત્રણસો પ્રમાણપત્રો સારા સારા સદ્‌ગૃહસ્થો તરફથી વગર માગ્યે મળ્યા છે. અને તે બધાં અમારી પાસે મોજુદ છે. અત્રે એટલું ખાસ ધ્યાન ખેંચવાની રજા લઉં છું કે પ્રથમ જણાવેલા ઉપાયો પૈકી સોમલવાળા ત્રણ ઉપાયો ખાસ સાવચેતી રાખી

બુદ્ધિપૂર્વક કરવાના છે. કે જેથી દરદીને ઇજા વેઠવી ન પડે હરસરોગની ભયંકર પીડામાંથી અનેક દરદીઓને અમે બચાવ્યા છે. આ ઉપાયો અમારી પાસે વંશપરંપરાથી ઉતરી આવેલા છે અમારી જ્ઞાતિના કેટલાક માણસો આમાંના ઉપાયો જાણે છે પરંતુ તે શા કારણથી બ્હાર નથી મુકતા તે પ્રભુ જાણે કોઇને બતાવતા કેમ અચકતા હશે ? સમાજસેવાનો અલભ્ય લાભ કેમ ગુમાવતા હશે ? મેં તો અત્રે સમસ્ત જનસમાજના કલ્યાણાર્થે જેટલા ઉપાય મ્હારી જાણમાં હતાં તે બધાં સ્પષ્ટ રીતે નિબંધમાં લખી પ્રગટ ર્યા છે જેને વધુ વિગત યા સુચના જોઇતી હશે તેને વિના સંકોચ આપવામાં આવશે.

ઉપરના ઉપાયો સિવાય અમારા વંશપરંપરાથી ચાલતા આવેલા ઉપાયો જેવા કે ડામ દેવાનો ક્રિયા, તેમજ લોહી કાઢવાની કીયા તેમજ અંદરના હરસને બ્હાર નળી વડે ખેંચી કાઢી તેને કાપીને (ઓપરેશન કરી) જડમાંથી કાઢી નાખવાની ક્રિયા વિ. છે અને તે અમે જરૂર પડે અજમાવીએ છીયે. આ બધી ક્રિયા અમારા લોકો પોતાના બાળકો વિના અન્યને બનાવતા નથી પરંતુ અમે જે કોઇ શીખવાને ઇચ્છા રાખતું હોય તેને સાચા દીલથી બતાવવા તૈયાર છીયે વસ્તુ આપણે જાણતા હોઇએ તે કોઇને ન બતાવતાં ગુપ્ત રાખી છેવટે દુન્યાની જાણમાં નજ આવે તેવું વર્તન રાખવું ત આજમાનામાં નીભે એમ નથી.

ડા. ગોવિંદરાવ હનમંતરાવ મીરજવાળા

રામપુરા લીંબુશેરીને નાકે–સુરત.